RNI NO GUJ/GUJ/2006/24237

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

RAJKOT
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા — ૭,મો માળ, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ ફોન (૦૨૮૧) ૨૨૪૧૨૩૪

● સંવત ૨૦૮૨ ભાદરવા વદ - ૭ — શનિવાર તા.૦૩-૧૦-૨૦૨૬ — અંક : ૮૭ વર્ષ : ૨૨ — email :rajkot@aaspassindia.com — કિંમત રૂ. ૨-૫૦ — પાના - ૮

**ઓઈલ ટેન્કર પર ૫ ભારતીયો સવાર હતા**

# હોર્મુઝ સ્ટ્રેટમાં કુવૈતી ક્રૂડ ઓઈલ ટેન્કર MT કાઝીમા-૩ પર મિસાઈલ હુમલો

## પર્શિયન ગલ્ફમાં ૪,૫૦૦થી વધુ ભારતીય ખલાસીઓ કાર્યરતઃ પ્રવક્તા રણધીર જયસ્વાલ

મસ્કત,

હોર્મુઝ સ્ટ્રેટમાં કુવૈતી ક્રૂડ ઓઈલ ટેન્કર રૂ કાઝીમા-૩ પર મિસાઈલ હુમલો થયો. આ હુમલામાં ટેન્કરને નુકસાન થયું, પરંતુ તેના પર સવાર ૫ ભારતીય નાગરિકોને ભારતીય મિશન અને ઓમાનના સંયુક્ત પ્રયાસોથી સુરક્ષિત રીતે બચાવી કિનારે લાવવામાં આવ્યા. મસ્કત સ્થિત ભારતીય દૂતાવાસે ઓમાન તંત્રનો આભાર માન્યો હતો. આ વિસ્તારમાં ૪,૫૦૦થી વધુ ભારતીય ખલાસીઓ કાર્યરત છે.

મિડલ ઈસ્ટમાં યુદ્ધની સ્થિતિ વચ્ચે અત્યંત વ્યૂહાત્મક ગણાતા હોર્મુઝ સ્ટ્રેટમાં દરિયાઈ જહાજો પર થઈ રહેલા હુમલા અટકવાનું નામ નથી લઈ રહ્યા. મિડલ ઈસ્ટમાં વધતા તણાવ વચ્ચે હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થઈ રહેલા કુવૈતી ક્રૂડ ઓઈલ ટેન્કર રૂ કાઝીમા-૩ પર મિસાઈલ હુમલો થયો હતો. આ ટેન્કર પર સવાર ૫ ભારતીય નાગરિકોને ભારતીય મિશન અને ઓમાનના સંયુક્ત પ્રયાસોથી સુરક્ષિત રીતે રેસ્ક્યૂ કરીને કિનારે લાવવામાં આવ્યા હતા.

અહેવાલો અનુસાર, કુવૈતનો ધ્વજ ધરાવતું અને ક્રૂડ ઓઈલ લઈને ટોગોના લોમે બંદર તરફ જઈ રહેલું ટેન્કર 'રૂ કાઝીમા-૩' હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થઈ રહ્યું હતું ત્યારે તેના પર મિસાઈલ વડે હુમલો કરાયો હતો. હુમલાના કારણે ટેન્કરને નુકસાન પહોંચ્યું હતું, જોકે જહાજ પર સવાર તમામ પાંચેય ભારતીયોને આબાદ બચાવી લેવાયા છે.

ઓમાનની રાજધાની મસ્કત સ્થિત ભારતીય દૂતાવાસે સોશિયલ મીડિયા



પ્લેટફોર્મ 'ઠ' પર માહિતી આપતાં જણાવ્યું હતું કે, હોર્મુઝ સ્ટ્રેટમાં હુમલાનો ભોગ બનેલા કુવૈતી ટેન્કર પરના પાંચેય ભારતીય નાગરિકોને સુરક્ષિત રીતે બહાર કાઢીને આજે શનિવારે કિનારે લાવવામાં આવ્યા છે. ભારતીય મિશને આ બચાવ કામગીરીમાં મહત્વપૂર્ણ સહયોગ આપવા બદલ ઓમાનનો આભાર માન્યો હતો. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે તાજેતરમાં મીડિયા બ્રીફિંગ દરમિયાન જણાવ્યું હતું કે, 'આ વિસ્તારમાં કાર્યરત વ્યાપારી જહાજોમાં ૪,૫૦૦થી વધુ ભારતીય ખલાસીઓ સેવા આપી રહ્યા છે. જેમાંથી ૧૨ સક્રિય કાર્ગો જહાજોમાં ૧૬૩ ભારતીય ખલાસીઓ તહેનાત છે. આ ૧૨ જહાજો પૈકી ૬ ભારતીય ધ્વજવાળા અને ૬ વિદેશી ધ્વજવાળા જહાજો છે જે ભારત માટે માલસામાનનું પરિવહન કરી રહ્યા છે. પર્શિયન ગલ્ફ અને દરિયાઈ માર્ગો પર વધતા સુરક્ષા જોખમો વચ્ચે ભારત સરકાર પોતાના તમામ નાગરિકો અને ખલાસીઓની સુરક્ષા પર સતત નજર રાખી રહી છે.'

# ઈમરજન્સી રિઝર્વમાંથી અમેરિકાને ૧૦ કરોડ બેરલ ઓઈલ-ડીઝલ આપવા તૈયાર G7 દેશો

વોશિંગટન,

વિશ્વના અગ્રણી દેશોના સમૂહ ૠ૭એ વૈશ્વિક બજારમાં બળતણના સતત વધતા ભાવને અંકુશમાં લેવા અને પુરવઠો જાળવી રાખવા માટે એક અત્યંત મહત્ત્વનો નિર્ણય લીધો છે. G7 દેશો પોતાના કટોકટીના અનામત ભંડાર (ઈમરજન્સી રિઝર્વ)માંથી આશરે ૧૦ કરોડ (૧૦૦ મિલિયન) બેરલ ક્રૂડ ઓઈલ અને ડીઝલ બજારમાં છોડવા માટે સંમત થયા છે. આ ઉપરાંત તમામ સભ્ય દેશોએ આંતરરાષ્ટ્રીય સ્તરે ઊર્જાની નિકાસ પર કોઈ પણ પ્રકારનો પ્રતિબંધ ન લાદવાની ખાતરી પણ આપી છે.

આ વ્યાપક નિર્ણય પાછળ અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનું ભારે રાજકીય અને આર્થિક દબાણ કામ કરી ગયું હોવાનું માનવામાં આવે છે. આગામી નવેમ્બર માસમાં યોજાનારી મિડટર્મ ચૂંટણીઓ પહેલાં અમેરિકામાં પેટ્રોલ-ડીઝલના ભાવ કાબૂમાં લાવવા ટ્રમ્પ પ્રશાસન આક્રમક વલણ અપનાવી રહ્યું છે. ટ્રમ્પે યુરોપિયન યુનિયન (EU)ને સ્પષ્ટ ચેતવણી આપી હતી કે જો તેઓ પોતાના ઈમરજન્સી ડીઝલ ભંડારમાંથી પુરવઠો ખુલ્લો નહીં કરે, તો અમેરિકા યુરોપ તરફ થતી ડીઝલની નિકાસ પર સંપૂર્ણ બ્રેક લગાવી દેશે. યુરોપ હાલમાં અમેરિકી ડીઝલ પર વધુ નિર્ભર હોવાથી તેના પર આર્થિક સંકટ ઘેરાવાનો ભય હતો, જેના કારણે અંતે G7 દેશોને નમતું જોખવું પડ્યું હતું.

# એશિયન ગેમ્સઃ આર્ચરીમાં કુમકુમ મોહોદે જીત્યો ગોલ્ડ

નાગોયા,

એશિયન ગેમ્સ ૨૦૨૬ના છેલ્લા દિવસની શરૂઆત ભારતે અત્યંત શાનદાર અંદાજમાં કરી છે. ભારતની યુવા મહિલા તીરંદાજ કુમકુમ મોહોદે મહિલાઓની રિકવ ઈન્ડિવિયુઅલ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીતીને ઈતિહાસ રચ્યો છે. એશિયન ગેમ્સના ઈતિહાસમાં આ પહેલીવાર બન્યું છે કે કોઈ ભારતીય મહિલાએ આ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ પોતાના નામ કર્યો હોય. આ રોમાંચક અને કાંટાની ટક્કરવાળા ફાઈનલ મુકાબલામાં કુમકુમએ દક્ષિણ કોરિયાની ખેલાડી ઓહ યેજિનને શૂટઓફમાં હરાવીને આ સફળતા મેળવી છે. આ સાથે જ એશિયન ગેમ્સમાં ભારતનો આ ૧૭મો ગોલ્ડ મેડલ છે અને કુલ મેડલની સંખ્યા ૭૭ પર પહોંચી ગઈ છે.

ફાઈનલ સુધીની સફરમાં કુમકુમએ શાનદાર પ્રદર્શન કર્યું. સેમિફાઈનલમાં ચીનની ઝૂ જિંગયીને ૬-૨થી હરાવી, જ્યારે ક્વાર્ટર ફાઈનલમાં વર્લ્ડ ચેમ્પિયન અને પૂર્વ ઓલિમ્પિક ગોલ્ડ મેડાલિસ્ટ કાંગ ચેયૉગને ૬-૪થી હરાવીને મોટો ઉલટફેર કર્યો હતો. લોસ એન્જેલસ ઓલિમ્પિક ૨૦૨૮ના બે કોટામાંથી એક મેળવનાર કુમકુમએ ઝૂ સામે ૨૮-૨૭, ૩૦-૩૦, ૨૯-૨૯, ૨૯-૨૮થી જીત મેળવી હતી.

# કેપ્ટન સ્મિત પર હુમલો કરનાર કો-પાઈલટ ઓમાનમાં જ બેન હતો

## કિલર કો-પાઈલટ હમામ અલ-હમ્મામીની ઈઝરાયલી એજન્સીઓ કરશે પૂછપરછ

ઈઝરાયલ,

દુબઈથી તેલ અવીવ જઈ રહેલી ફ્લાયદુબઈની ફ્લાઈટ હ્વઢ૧૦૭૩ માં કેપ્ટન પર ચપ્પુ વડે હુમલો કરી પ્લેન ક્રેશ કરવાનો પ્રયાસ કરનારા કો-પાઈલટ અંગે ચોંકાવનારા ખુલાસા સામે આવ્યા છે. ઘટનાના ત્રણ દિવસ બાદ હુમલાખોર કો-પાઈલટની ઓળખ હમામ અલ-હમ્મામી તરીકે થઈ છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, હમામ અલ-હમ્મામી કટ્ટરપંથી વિચારધારા ધરાવતો હતો અને તેની આ માનસિકતાના કારણે જ ઓમાને



અગાઉથી તેના વિમાન ઉડાડવા પર પ્રતિબંધ (બેન) મૂકી દીધો હતો. તેમ છતાં ફ્લાયદુબઈ એરલાઈન્સે તેને નોકરી પર રાખીને ેંછઈ અને ઈઝરાયેલ જેવા અત્યંત સંવેદનશીલ રૂટ પર વિમાન ઉડાડવાની જવાબદારી સોંપી દીધી હતી. બુધવારે બનેલી આ ઘટના બાદ ગુરુવારે સાઉદી અરેબિયા દ્વારા શકમંદ કો-પાઈલટને સંયુક્ત અરબ અમિરાત (ેંછઈ) ને સોંપવામાં આવ્યો હતો. સૂત્રોના જણાવ્યા અનુસાર, ઈઝરાયલની તપાસ એજન્સીઓ અને તપાસકર્તાઓ ેંછઈ પહોંચીને આ કટ્ટરપંથી કો-પાઈલટની આકરી પૂછપરછ કરશે.

આ ઘટના પાછળ કોઈ મોટું આતંકી કાવતરું, આંતરરાષ્ટ્રીય ઈશારો કે પૂર્વ આયોજિત પ્લાન હતો કે કેમ તેની ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરવામાં આવી રહી છે. ેંછઈ ના વિદેશ મંત્રાલય અને સત્તાવાર એજન્સીઓએ આ ઘટનાની તપાસ 'ટેરર એક્ટ' અને 'સેફ્ટી ઈન્સિડન્ટ' ના એંગલ હેઠળ શરૂ કરી દીધી છે.

### ઓમાનની ચેતવણીની કેમ અવગણના કરાઈ?

આ ઘટના બાદ એરલાઈન ક્ષેત્રે મોટો વિવાદ ઊભો થયો છે. ઓમાને હમામ અલ-હમ્મામીની કટ્ટરપંથી પૃષ્ઠભૂમિને કારણે તેના પર પ્રતિબંધ મૂક્યો હોવા છતાં, આ માહિતી અન્ય દેશો કે એરલાઈન્સ સાથે શેર કરાઈ હતી કે કેમ અને ફ્લાયદુબઈએ બેકગ્રાઉન્ડ વેરિફિકેશન વિના તેને સંવેદનશીલ રૂટ પર ફ્લાઈટ કેમ સોંપી તે અંગે હવે ગંભીર પ્રશ્નો ઉભા થયા છે.

### સ્મિત મચ્છરને ઈઝરાયેલ દેશનું સૌથી મોટું સન્માન આપશે : રાજદૂત અજાર

યુએઈના પ્રમુખના વરિષ્ઠ સલાહકાર અનવર ગર્ગાશે ફ્લાયદુબઈ વિમાનને હાઈજેક કરવાના પ્રયાસને આતંકી ઘટના ગણાવી અને ભારતીય પાયલટ સ્મિત મચ્છરની બહાદુરીની પ્રશંસા કરી. તેમણે કહ્યું, સૌથી મુશ્કેલ પરિસ્થિતિઓમાં તેમની પ્રોફેશનલિઝમ અને નૈતિક સમજ તેમને એક સાચા હીરો બનાવે છે. બીજી બાજુ ભારતમાં ઈઝરાયેલના રાજદૂત રુવેન અજારે કહ્યું કે, કેપ્ટન સ્મિત મચ્છરે જીવલેણ હુમલા છતાં ૧૭૪ યહૂદીઓના જીવ બચાવ્યા છે અને એક મોટો આતંકી હુમલો ટાળી દીધો. ભારતના આ મહાન હીરોને ઈઝરાયેલ ક્યારેય નહીં ભૂલે. તેમનું અમારા દેશમાં સૌથી મોટા એવોર્ડથી સન્માન કરાશે.

# ઓહિયોમાં સ્વામિનારાયણ મંદિર પર હુમલો, પથ્થરમારો કરી કાચ તોડી નાખ્યા

## હિન્દૂ સમુદાય દ્વારા 'હિન્દુ હેરિટેજ મંથ'ની શરૂઆત વચ્ચે બની ઘટના

ઓહિયો,

અમેરિકાના ઓહિયો રાજ્યના ગ્રેટર ક્લીવલેન્ડ વિસ્તારમાં આવેલા શ્રી સ્વામિનારાયણ હિન્દુ મંદિર પર ઉપદ્રવીઓ દ્વારા ઈંટોથી હુમલો કરવામાં આવ્યો હોવાની એક અત્યંત ચિંતાજનક ઘટના સામે આવી છે. આ હુમલો થયો ત્યારે મંદિરની અંદર પૂજારી અને અનેક શ્રદ્ધાળુઓ હાજર હતા. 'કોએલિશન ઓફ હિન્દુઝ ઓફ નોર્થ અમેરિકા' સંસ્થાના જણાવ્યા અનુસાર, આ ઘટના શુક્રવાર બપોરની છે, જેમાં ઓહિયોના રિચમંડ હાઈટ્સમાં સ્થિત 'શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ'ને નિશાન બનાવવામાં આવ્યું હતું.

હુમલાખોરોએ મંદિર પર ઈંટો ફેંકી હતી, જેના કારણે મંદિરની બારીના કાચ તૂટી ગયા હતા. જો કે, રાહતની વાત એ રહી કે હુમલાના સમય દરમિયાન કોઈ વ્યક્તિ ઈજાગ્રસ્ત થયાના અથવા કોઈને ગંભીર ઈજા પહોંચ્યાના તાત્કાલિક કોઈ સત્તાવાર અહેવાલ



સામે આવ્યા નથી. CoHNA સંસ્થા દ્વારા આ કાયરતાપૂર્ણ ઘટનાની સખત શબ્દોમાં નિંદા કરવામાં આવી છે. સંસ્થાએ રિચમંડ હાઈટ્સના મેયર કિમ થોમસ અને સ્થાનિક પોલીસ પ્રશાસન સમક્ષ આ પ્રકારની કટ્ટરતા સામે અવાજ ઉઠાવવા તેમજ દોષિતો સામે વહેલી તકે કડક પગલાં લેવાની માંગણી કરી છે. હાલ આ મામલે કોઈ સંદિગ્ધની ઓળખ કે ધરપકડ થયાની સત્તાવાર પુષ્ટિ થઈ નથી.

# ઈરાનથી નારાજ ટ્રમ્પે મીડ ટર્મ ચૂંટણી પછી વધુ હુમલાની તૈયારી શરૂ કરી!

## ફ્લાયદુબઈની ઘટનામાં ઈરાનની સંડોવણી હશે તો તે ક્યારેય ભૂલી ન શકે તેવા હુમલા કરીશુંઃ ટ્રમ્પની ધમકી

વોશિંગ્ટન,

અમેરિકન પ્રમુખ ટ્રમ્પ મિડ ટર્મ ચૂંટણી પહેલાંજ ઈરાન સાથે તડાફડી કરવાના મૂડમાં લાગે છે. આનો પુરાવો આવતા હોય તેમ અમેરિકાએ મધ્યપૂર્વમાં ત્રીજું એરક્રાફ્ટ કેરિયર અને બીજા નવ હજાર જવાનો ઉતાર્યા છે. આના પગલે મધ્યપૂર્વની સ્થિતિ વધુ વિસ્ફોટક બની ગઈ છે. ટ્રમ્પે ચેતવણી પણ આપી દીધી છે કે ઈરાન પર નવા હુમલા કરવાની તૈયારીમાં જ છે.

ટ્રમ્પને હવે મિડ-ટર્મ ચૂંટણી પહેલાં કંઈક મોટું કરી બતાવવું છે અને હવે તે ઈરાન પર હુમલો કરવા સિવાય શક્ય લાગતું નથી. આમ ટ્રમ્પની એકબાજુએ ઈરાન પર નવા હુમલાની ચેતવણી અને બીજી બાજુએ નવ હજાર જવાનો અને ત્રીજા એરક્રાફ્ટને ત્યાં મોકલવું બધુ સમાંતર થઈ રહ્યુ છે. આ ઘટનાક્રમ બતાવે છે કે હવે ટ્રમ્પ ઈરાન પર હુમલા માટે મિડ ટર્મ ઈલેકશન પૂરું થવા સુધી રાહ જોવા માટે પણ તૈયાર લાગતા નથી. અગાઉ તે મિડ ટર્મ ચૂંટણી પછી હુમલો કરશે તેમ કહેતા હતા, પરંતુ હવે તેના પહેલા પણ હુમલો કરી શકે છે. આ દરમિયાન ટ્રમ્પે વ્હાઈટ હાઉસમાં પત્રકારના સવાલના જવાબમાં જણાવ્યું હતું કે ફ્લાયદુબઈના કો-પાયલોટે હુમલો કરીને ઈઝરાયેલ પર પ્લેન ક્રેશ કરવાનો પ્રયત્ન કર્યો તેમા જો ઈરાન સંડોવાયેલું હોવાની ખબર પડશે તો અમે તેમના પર ક્યારેય ભૂલી ન શકાય તેવો હુમલો કરીશું. તેઓએ ક્યારેય કલ્પ્યો નહીં હોય તેવો હુમલો તેમના પર કરવામાં આવશે.

આ દરમિયાન અમેરિકાના જહાજોનું જૂથ ૭,૦૦૦ ખલાસીઓ અને બે હજાર મરીનને લઈને મધ્યપૂર્વમાં જઈ રહ્યા છે. આ જહાજોમાં યુએસએસ થિયોડોર રુઝવેલ્ટ કેરિયર સ્ટ્રાઈક ગ્રુપ છે, જેને તાજેતરમાં ક્રૂઝર યુએસએસ ચોસિન અને યુએસએસ મેકિન આઈલેન્ડ રેડીનેસ ગ્રુપમાં યુએસએસ જહોન પી મુર્થા અને યુએસએસ એન્કરેજ એમ્ફિબિયસ લેન્ડિંગ શિપ્સનો સમાવેશ થાય છે. આનો સીધો અર્થ એમ કરી શકાય છે કે ઓક્ટોબરના અંત સુધીમાં આ જહાજો ત્યાં પહોંચી જશે. આ સાથે મધ્યપૂર્વમાં અમેરિકન નેવીના ૨૦ હજારથી વધુ ખલાસીઓ અને મરીન્સની હાજરી થશે, જે ૨૦૦૩ પછીની સૌથી વધુ હશે.

આ પહેલા ટ્રમ્પે ટાઈમ મેગેઝિનને આપેલા ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે ત્રીજી નવેમ્બર પછી તેના પર બોમ્બિંગ થવાની સંભાવના પ્રબળ છે. તેમણે ઈરાનની દરખાસ્ત નકારવા અંગે જણાવ્યું હતું કે તેમા કશું ન હતુ, તેમણે વર્ષ પહેલાં જે વાત હતી તે જ વાત કરી હતી અને મેં પણ વર્ષ પહેલાં જે દરખાસ્ત નકારી હતી તે જ દરખાસ્ત આજે પણ નકારી હતી. ટ્રમ્પે ઉમેર્યુ હતું કે ઈરાન હોર્મુઝને ખુલ્લી મૂકવાના મુદ્દે ચર્ચા કરવા ઈચ્છુક હતુ, પરંતુ તેની કુલ દરખાસ્ત સ્વીકાર્ય ન હતી.

# ૧૫ રાજ્યોમાં ભારે વરસાદનું એલર્ટ, ૬૫ કિમીની ઝડપે પવન ફૂંકાશે

## ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશમાં વીજળીના કડાકા-ભડાકા સાથે વરસાદી ઝાપટાં પડી શકે

નવી દિલ્હી,

દેશમાંથી ચોમાસું વિદાય લઈ રહ્યું છે, પરંતુ વિદાય લેતા પહેલાં પણ હવામાન વિભાગે ભારે વરસાદ અને ચક્રવાતી પવનનું એલર્ટ જારી કરીને ચિંતા વધારી દીધી છે. હવામાન વિભાગના તાજેતરના પૂર્વાનુમાન મુજબ, આજથી આગામી સમયમાં દેશના ૧૫ થી વધુ રાજ્યોમાં ભારે વરસાદ અને ૬૦ થી ૬૫ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે તેજ પવન ફૂંકાવાની શક્યતા છે. આ સાથે દરિયાકાંઠાના વિસ્તારોમાં વાવાઝોડા જેવા માહોલને કારણે માછીમારોને દરિયો ન ખેડવા અને ખેડૂતોને ખુલ્લા ખેતરોમાં જવાથી બચવાની ખાસ સલાહ આપવામાં આવી છે.

ૈંસ્ઙના રિપોર્ટ પ્રમાણે, દક્ષિણ-પશ્ચિમ ચોમાસાની વિદાય રેખા હાલ ગુરદાસપુર, ચંદીગઢ, મુઝફ્ફરનગર, અલીગઢ, ધૌલપુર, ઉદયપુર અને ગુજરાતના નલિયા પરથી પસાર થઈ રહી છે. આ સાથે જ ઉત્તર-પૂર્વ અસમ અને તેની આસપાસના વિસ્તારોમાં વાતાવરણમાં નીચલા સ્તરે સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય છે, જેના કારણે પૂર્વ અને ઉત્તર ભારત



તેમજ પહાડી રાજ્યોમાં હવામાન ઝડપથી બદલાઈ રહ્યું છે.

હવામાન વિભાગે આજે દિલ્હી, ઉત્તર પ્રદેશ, બિહાર, રાજસ્થાન, પંજાબ, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, જમ્મુ-કાશ્મીર, આંધ્ર પ્રદેશ, તેલંગાણા, ઝારખંડ, ઓડિશા, પશ્ચિમ બંગાળ, છત્તીસગઢ અને નાગાલેન્ડમાં વરસાદ અને વાવાઝોડાનું એલર્ટ જાહેર કર્યું છે. ઉત્તર ભારતમાં દિલ્હીમાં હળવાથી મધ્યમ વરસાદ સાથે તેજ પવન ફૂંકાવાની શક્યતા છે. આ સાથે ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશમાં વીજળીના કડાકા-ભડાકા સાથે વરસાદી ઝાપટાં પડી શકે છે. પહાડી વિસ્તારોમાં પ્રવાસ કરતા પ્રવાસીઓને સાવચેત રહેવા જણાવાયું છે.પશ્ચિમ અને મધ્ય ભારતની વાત કરવામાં આવે તો, ગુજરાતમાં સૌરાષ્ટ્ર અને કચ્છના કેટલાક વિસ્તારોમાં છૂટાછવાયા વરસાદી ઝાપટાં પડવાની સંભાવના છે. પૂર્વ મધ્ય પ્રદેશ અને છત્તીસગઢમાં ૩૫ થી ૫૦ કિમી/કલાકની ઝડપે પવન ફૂંકાવાની અને વીજળીના કડાકા સાથે વરસાદ પડવાની આશંકા છે. આ સાથે બિહાર, ઝારખંડ, ઓડિશા અને ઉપ-હિમાલયી પશ્ચિમ બંગાળમાં આવનારા દિવસોમાં ગાજવીજ સાથે વરસાદ થવાની આગાહી કરવામાં આવે છે. આંધ્ર પ્રદેશ, તેલંગાણા, ઉત્તરી આંતરિક કર્ણાટક અને તમિલનાડુમાં ભારે વરસાદની ચતવણી આપવામાં આવી છે.



# ગુજરાતમાં છ દાયકા બાદ સ્થપાશે ન્યુક્લિયર પાવર પ્લાન્ટ

## ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રિસિટી કોર્પોરેશન અને ન્યુક્લિયર પાવર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા વચ્ચે ગુજરાતમાં ન્યુક્લિયર પાવર પ્રોજેક્ટ માટે થયો સમજૂતી કરાર

ગાંધીનગર,

ગુજરાત સરકારની સ્વચ્છ અને વિશ્વસનીય ઊર્જાના વિકાસને વેગ આપવાની પહેલના ભાગરુપે હવે છ દાયકાથી વધુ સમય બાદ નવા ન્યુક્લિયર પાવર પ્રોજેક્ટ શરૂ થાય એ અંગે કામ થયું છે. ઊર્જામંત્રી ઋષિકેશ પટેલ, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના અગ્રસચિવ અને GSECLના ચેરમેન અશ્વિની કુમાર, NPCILના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર વી. રાજેશની ઉપસ્થિતિમાં ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રિસિટી કોર્પોરેશન લિ. અને ન્યુક્લિયર પાવર કોર્પોરેશન ઑફ ઈન્ડિયા લિમિટેડ વચ્ચે ગુજરાતમાં



નવા ન્યુક્લિયર પાવર પ્રોજેક્ટના વિકાસ માટે ઐતિહાસિક સમજૂતી કરાર કરવામાં આવ્યા છે. ગુજરાત સરકારની વીજ ઉત્પાદન કંપની GSECL પ્રથમવાર ન્યુક્લિયર પાવર ક્ષેત્રમાં પ્રવેશ કરશે રાજ્યમાં ઊર્જાના ક્ષેત્રમાં નોંધપાત્ર પ્રગતિ કર્યા બાદ હવે ન્યુક્લિયર ઊર્જાના ક્ષેત્રે પણ પહેલ કરી છે. રાજ્યને સ્વચ્છ તથા સ્થિર બેઝલોડ વીજળી ઉપલબ્ધ કરાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે અને આ કરાર ગુજરાતની ઊર્જા યાત્રામાં ઐતિહાસિક સીમાચિહ્ન સાબિત થશે. આ MoU હેઠળ GSECL એ જમીન તથા સહાયક માળખાકીય સુવિધાઓનું મૂલ્યાંકન હાથ ધરવાનું રહેશે. NPCIL દ્વારા સ્થળ સર્વેક્ષણ, તકનીકી અભ્યાસ અને જરૂરી નિષ્ણાત માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે. આગામી તબક્કાની કામગીરી સ્થળની તકનીકી અને આર્થિક વ્યવહારિકતા તથા જરૂરી વૈધાનિક મંજૂરીઓના આધારે નક્કી કરવામાં આવશે. ગુજરાતમાં ધુવારણ ખાતે ૪૦૦૦ મેગાવોટ ક્ષમતાનો પ્રોજેક્ટ સ્થપાશે. આ કોઈ સામાન્ય પ્રોજેક્ટ નથી પણ ગુજરાત રાજ્યના ઓવરઓલ ફ્યૂલ-એનર્જી ક્ષેત્રે એક માઈલસ્ટોન સાબિત થઈ શકે છે. ગુજરાતની વીજ ઉત્પાદન ક્ષમતામાં આશરે નોંધપાત્ર મેગાવોટનો નોંધપાત્ર વધારો થશે અને આનાથી આશરે રૂ.૧ લાખ કરોડનું સંભવિત રોકાણ થશે. આ પ્રોજેક્ટથી રોજગારી, ઔદ્યોગિક વિકાસ અને સ્થાનિક અર્થતંત્રને વેગ મળશે તેમજ કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો કરીને ભારતના નેટ ઝીરો લક્ષ્યને બળ મળશે તથા ગુજરાતની ઊર્જા સુરક્ષા અને આત્મનિર્ભરતા વધુ મજબૂત બનશે.

# અમદાવાદના બાપુનગરની સ્કૂલમાં ગાળો બોલવાની ના પાડતા ૩ વિદ્યાર્થીની પર હુમલો

## વિદ્યાર્થી પાસે લેખિતમાં માફીપત્ર લખાવ્યા બાદ લિવિંગ સર્ટિફિકેટ આપીને શાળામાંથી કાઢી મૂકવામાં આવ્યો

અમદાવાદ,

અમદાવાદના બાપુનગરમાં આવેલી જીવન સાધના સ્કૂલમાં ધોરણ ૧૧માં અભ્યાસ કરતા વિદ્યાર્થીને વર્ગખંડમાં ગાળો બોલતો અટકાવવા બદલ, તેણે શાળા છૂટ્યા પછી અદાવત રાખીને ત્રણ વિદ્યાર્થિનીઓને માર માર્યો હતો. આ ઘટના બનતા જ આસપાસના લોકોએ તેને પકડીને શાળાને સોંપ્યો હતો. સમગ્ર મામલાની ગંભીરતા જોતા બાપુનગર પોલીસે આ ૧૬ વર્ષીય સગીર વિદ્યાર્થીના માતા-પિતાને બોલાવીને તેનું યોગ્ય કાઉન્સેલિંગ કરવામાં આવ્યું હતું. આખરે, વિદ્યાર્થી પાસે લેખિતમાં માફીપત્ર લખાવ્યા બાદ શાળા દ્વારા તેને લિવિંગ સર્ટિફિકેટ આપીને શાળામાંથી કાઢી મૂકવામાં આવ્યો છે.

બાપુનગર વિસ્તારની જીવન સાધના સ્કૂલમાં ધોરણ ૧૧માં અભ્યાસ કરતા એક વિદ્યાર્થી દ્વારા ત્રણ વિદ્યાર્થિનીઓ પર હુમલો કરવામાં આવ્યો હોવાની ગંભીર ઘટના સામે આવી છે. આ વિદ્યાર્થી શાળામાં અપશબ્દોનો ઉપયોગ કરી રહ્યો હતો, જેથી આ ત્રણ વિદ્યાર્થિનીઓએ તેને તેમ કરતા અટકાવ્યો હતો. આ જ બાબતની અદાવત રાખીને ઉશ્કેરાયેલા વિદ્યાર્થીએ વિદ્યાર્થિનીઓ સાથે મારામારી કરી હતી.

આ ઘટના બન્યા બાદ આસપાસના સ્થાનિક લોકોએ તરત જ વિદ્યાર્થીને પકડી લીધો હતો અને શાળાના સંચાલકોને સોંપ્યો હતો. ત્યારબાદ શાળા તંત્ર દ્વારા વિદ્યાર્થીના માતા-પિતાને રૂબરૂ બોલાવીને સમગ્ર મામલાની જાણ કરવામાં આવી હતી. ઘટનાની ગંભીરતા જોતા સ્કૂલ મેનેજમેન્ટે તાત્કાલિક અસરથી આ વિદ્યાર્થીને શાળામાંથી કાઢી મૂકવાનો કડક નિર્ણય લીધો છે, જ્યારે બીજી તરફ શિક્ષણ વિભાગે પણ આ સમગ્ર બનાવની તપાસ માટેના આદેશો જારી કર્યા છે.

# અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ UIDAI દ્વારા 'સ્પેશિયલ કમેન્ડેશન એવોર્ડ' થી સન્માનિત

અમદાવાદ,

પશ્ચિમ બંગાળના કોલકાતા ખાતે યોજાયેલા એક ખાસ UIDAI-આધાર કોન્ક્લેવમાં અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચને યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા (UIDAI) દ્વારા 'સ્પેશિયલ કમેન્ડેશન એવોર્ડ' (વિશેષ પ્રશંસા પુરસ્કાર) થી સન્માનિત કરવામાં આવી છે.

આ એવોર્ડ ક્રાઈમ બ્રાન્ચની ઓફલાઈન વેરિફિકેશન સિકિંગ એન્ટિટી (OVSE) તરીકે કાર્ય કરનારી પ્રથમ લૉ એનફોર્સમેન્ટ એજન્સી (LEA) બનવાની ઐતિહાસિક સિદ્ધિને બિરદાવે છે, જે નિર્બાધ, સંમતિ-આધારિત આધાર ચકાસણીને શક્ય બનાવે છે.

આ પહેલના કેન્દ્રમાં ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ઈન-હાઉસ વિકસાવવામાં આવેલા કાયદા અમલીકરણના બે ક્રાંતિકારી પોર્ટલ છે:

પથિક, જે હોટેલના મહેમાનોની ચકાસણી અને કામગીરીની સુવિધા માટે ડિઝાઈન કરવામાં આવ્યું છે, અને

પ્રતિરક્ષા, જે એક અદ્યતન શ્રમિક અને કર્મચારી ચકાસણી સિસ્ટમ છે.

આ પ્રકારના પ્રથમ પ્લેટફોર્મ્સ અમલમાં મૂકીને, ક્રાઈમ બ્રાન્ચે કાયદા અમલીકરણમાં ટેકનોલોજી-સંચાલિત, સંમતિ-આધારિત અને ગોપનીયતા-કેન્દ્રિત ઓળખ ચકાસણી માટે એક નવો માપદંડ સ્થાપિત કર્યો છે. હાથ ધરવામાં આવેલી આ પહેલો માટે જોઈન્ટ કમિશનર, ક્રાઈમ બ્રાન્ચે આ એવોર્ડ સ્વીકાર્યો હતો.

# સાબરકાંઠામાં 'અમારી શાળા–અમારી જવાબદારી' અભિયાન હેઠળ એસ.એમ.સી. કીટનું લોકાર્પણ કરાયું

## હિંમતનગર ખાતે પ્રભારી મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાની અધ્યક્ષતામાં 'શિક્ષણ સેતુ પ્રોજેક્ટ'નો ભવ્ય શુભારંભ

હિંમતનગર,

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર ખાતે ગાંધી જયંતીના પવિત્ર અવસરે શિક્ષણ ક્ષેત્રે ક્રાંતિકારી પરિવર્તન લાવવાના ઉદ્દેશ્ય સાથે પ્રભારી મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાની પ્રેરક ઉપસ્થિતિમાં 'શિક્ષણ સેતુ પ્રોજેક્ટ'નો ગરિમાપૂર્ણ પ્રારંભ કરવામાં આવ્યો હતો. જિલ્લા વહીવટી તંત્ર, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરી અને ડૉ. કે. આર. શ્રોફ ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ કાર્યક્રમમાં 'અમારી શાળા–અમારી જવાબદારી' અભિયાન અંતર્ગત એસ.એમ.સી. કીટનું લોકાર્પણ કરવામાં આવ્યું



હતું. નલિનકાંત ગાંધી ટાઉનહોલ ખાતે આયોજિત આ સમારોહનો મુખ્ય હેતુ શાળા વ્યવસ્થાપન સમિતિનું સશક્તિકરણ, તાલીમ અને શાળાઓના સર્વાંગી વિકાસ માટે લોકભાગીદારી વધારવાનો રહ્યો છે.

આ પ્રસંગે સામાજિક ન્યાય અને અધિકારિતા તથા શિક્ષણ વિભાગના મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાએ જણાવ્યું હતું કે રાષ્ટ્રનો સાચો વિકાસ છેવાડાના ગામડાં અને ગરીબ પરિવારોના બાળકોના સર્વાંગી ઉત્થાનમાં સમાયેલો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર એ સુનિશ્ચિત કરવા કટિબદ્ધ છે કે કોઈપણ વિદ્યાર્થી નાણાકીય અભાવના કારણે શિક્ષણથી વંચિત ન રહે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના 'વિકસિત ભારત ૨૦૪૭'ના સંકલ્પને સાકાર કરવામાં શિક્ષણ જ સૌથી મજબૂત પાયો સાબિત થશે. મંત્રીશ્રીએ શાળાઓને સંસ્કાર અને જ્ઞાન આપતું 'વિદ્યાલય' ગણાવીને શાળા વ્યવસ્થાપન સમિતિ (જીસ્ઝ), શિક્ષકો અને વાલીઓ વચ્ચેના સેતુને વધુ મજબૂત કરવા આહ્વાન કર્યું હતું.

આ નવતર પ્રોજેક્ટ અંતર્ગત સાબરકાંઠાના પોશીના, ખેડબ્રહ્મા, વિજયનગર, વડાલી અને હિંમતનગર જેવા વિસ્તારોમાં શિક્ષણની ગુણવત્તા સુધારવા પર ભાર મૂકવામાં આવશે.

# સુરત-ઉદયપુર વંદે ભારત એક્સપ્રેસનો કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલે કરાવ્યો પ્રારંભ

સુરત,

ગુજરાતના પાડોશી રાજ્ય રાજસ્થાન વચ્ચે મુસાફરો માટે એક ખુબ મોટા અને સારા સમાચાર આવ્યા છે જેમાં, રેલવે કનેક્ટિવિટીને વધુ મજબૂત કરવાના ઉદ્દેશ્યથી સુરત-ઉદયપુર વંદે ભારત એક્સપ્રેસનો પ્રારંભ કરવામાં આવ્યો છે. કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલે સુરત રેલવે સ્ટેશનથી આ ટ્રેનને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. આ નવી સેવા સપ્તાહમાં છ દિવસ કાર્યરત રહેશે, જે બંને રાજ્યોના મુસાફરો માટે યાત્રાને વધુ સુવિધાજનક બનાવશે.

આ વંદે ભારત એક્સપ્રેસ સુરતથી સવારે ૬:૧૦ વાગ્યે ઉપડી, બપોરે ૧:૪૦ વાગ્યે ઉદયપુર પહોંચશે. આ ટ્રેનથી શ્રીનાથજી જતા ભક્તો તેમજ ગાંધીનગર સચિવાલય કે અન્ય કામ અર્થે જતા વેપારીઓ અને લોકોને ઘણો ફાયદો થશે. પ્રવાસન અને વેપાર ક્ષેત્રને પણ આ નવી ટ્રેન સેવા દ્વારા વેગ મળશે. ઉદયપુરથી પરત ફરતી વખતે, આ ટ્રેન સાંજે ૩:૩૦ વાગ્યે ઉપડીને રાત્રે ૮:૦૦ વાગ્યે અમદાવાદ પહોંચશે, જે ખાસ કરીને ગાંધીનગરથી પરત ફરતા મુસાફરો માટે અત્યંત લાભદાયી નીવડશે. સુરત-ઉદયપુર વંદે ભારત એક્સપ્રેસ ઉપરાંત, વલસાડ અને સુરત વચ્ચે નવી દૈનિક મેમુ (સ્ઈંસ્) ટ્રેન સેવાનો પણ પ્રારંભ કરવામાં આવ્યો છે. આ ટ્રેન વલસાડથી બપોરે ૧:૨૦ વાગ્યે ઉપડી સાંજે ૪:૪૦ વાગ્યે સુરત પહોંચશે. આ વધારાની ટ્રેન સેવા દૈનિક અપડાઉન કરતા હજારો મુસાફરોને સુવિધા પૂરી પાડશે અને તેમની યાત્રાને સરળ બનાવશે. આ બંને નવી રેલવે સેવાઓથી પ્રાદેશિક કનેક્ટિવિટી અને મુસાફરોની સુવિધામાં નોંધપાત્ર વધારો થશે.

# લિવ-ઈનમાં જન્મેલા બાળકને મળશે પિતાનો હક્ક, રાજ્ય સરકારના UCC બિલને રાષ્ટ્રપતિની મંજૂરી

ગાંધીનગર,

ગુજરાત સરકારે રજૂ કરેલા યુનિફોર્મ સિવિલ કોડ (UCC) બિલને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ અંતિમ મંજૂરી આપી દીધી છે. રાષ્ટ્રપતિની મંજૂરી બાદ આ અંગેનું સત્તાવાર ગેઝેટ પણ જાહેર કરવામાં આવ્યું છે, જે દર્શાવે છે કે ગુજરાતમાં હવે યુનિફોર્મ સિવિલ કોડનો અમલ થશે.

આ બાદ ગુજરાત ઉત્તરાખંડ બાદ ેંઝ્રઝ્ર લાગુ કરનારું બીજું રાજ્ય બની ગયું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની આગેવાનીમાં સરકારે યુનિફોર્મ સિવિલ કોડ એટલે કે સમાન નાગરિક સંહિતાનો કાયદો વિધાનસભામાં પાસ કરીને મંજૂરી માટે રાષ્ટ્રપતિ પાસે મોકલ્યો હતો. જે બાદ તેને આજે ૨ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ મંજૂરી મળી ગઈ છે.

UCC બિલ લગ્ન, છૂટાછેડા અને કુટુંબ સંબંધિત બાબતોમાં મહત્વપૂર્ણ ફેરફારો લાવશે. લગ્નની ફરજિયાત નોંધણી તેમજ લિવ-ઈન રિલેશનશિપની પણ નોંધણી ફરજિયાત કરવામાં આવી છે. નોંધણી નહીં કરાવનાર સામે દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

બળજબરીથી લગ્ન કરવાના કેસમાં ૭ વર્ષ સુધીની સજાની જોગવાઈ રાખવામાં આવી છે. ઉપરાંત, લગ્ન અને છૂટાછેડાની નોંધણી ૭ દિવસમાં નહીં કરાવાય તો ?૧૦,૦૦૦ સુધીનો દંડ થશે. કોર્ટ બહાર કરવામાં આવેલા છૂટાછેડા અમાન્ય ગણાશે અને આવા કેસમાં ૩ વર્ષ સુધીની સજાની જોગવાઈ પણ કરવામાં આવી છે. લિવ-ઈન રિલેશનશિપને કાનૂની સુરક્ષા આપવા કલમ ૩૮૪ હેઠળ તેની નોંધણી ફરજિયાત બનાવાઈ છે.

વિધાનસભામાં ેંઝ્રઝ્ર બિલ પસાર થયું તે વખતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, અલગ અલગ ધર્મ અથવા સમુદાય માટે અલગ નિયમો રહી શકે નહીં. બંધારણ જે રીતે દરેકને સમાન રીતે લાગુ પડે છે, એ જ રીતે આ કાયદો પણ સૌ માટે લાગુ પડશે.

તેમણે ઉમેર્યું હતું કે, કેટલીક પરંપરાઓ, જેમ કે લઘુમતી સમાજમાં કાકાની દીકરી સાથે લગ્ન કરવાની પ્રથા, સમાજની પરંપરા મુજબ ચાલુ રહી શકે છે અને તેમાં કાયદો અવરોધ બનશે નહીં. નારી સન્માનને કેન્દ્રમાં રાખીને બનાવાયેલા આ બિલ હેઠળ ગુજરાતની દરેક દીકરીને પિતાની સંપત્તિમાં દીકરા જેટલો હક મળશે. સાથે જ "નિકાહ હલાલ" જેવી

# ગાંધી જયંતિએ ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં ખાદી ખરીદી કરી

## ડિજિટલ ટ્રાન્ઝેક્શન પેમેન્ટ કરીને વડાપ્રધાનના ડિજિટલ ભારત સંકલ્પને પણ વેગ આપ્યો

ગાંધીનગર,

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધી જયંતિ અવસરે ગાંધીનગરમાં ખાદી હાટમાંથી ખાદી ખરીદી કરી હતી.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ખાદી ફોર ફેશન-ખાદી ફોર નેશનના મંત્ર સાથે ખાદીના ઉપયોગ અને ખાદી ખરીદીનો વ્યાપ વધારવાની કરેલી અપીલનો મુખ્યમંત્રીશ્રીએ પ્રતિસાદ આપ્યો હતો.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ પોરબંદરમાં કીર્તિ મંદિર ખાતે ગાંધી જયંતિ નિમિત્તે યોજાયેલી સર્વધર્મ પ્રાર્થના સભામાં સહભાગી થઈને ગાંધીનગર પરત આવતાવેંત સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિના ખાદી ગ્રામોદ્યોગ હાટ પહોંચ્યા હતા.

તેમણે આ ખાદી ભંડારામાંથી વિવિધ ખાદી વસ્ત્ર ઉત્પાદનો ખરીદ કરીને ડિજિટલ ટ્રાન્ઝેક્શનને વેગ આપવાના વડાપ્રધાનશ્રીના આહવાન અનુરૂપ ડિજિટલ પેમેન્ટ કર્યું હતું.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ખાદીના ઉત્પાદનો અને ખાદી ખરીદી દ્વારા ખાદી વણાટ સાથે સંકળાયેલા ગરીબ જરૂરતમંદ પરિવારોના જીવનમાં આર્થિક આધાર આપવાની અનુકરણીય પહેલ ગુજરાતમાં તેમના મુખ્યમંત્રી કાર્યકાળથી શરૂ કરાવેલી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે પણ આજે ખાદી ખરીદી કરીને તેને વધુ વેગ આપ્યો હતો.

# કેન્દ્રીય સંચાર બ્યુરો ક્ષેત્રિય કાર્યાલય સુરત દ્વારા ભરૂચમાં આયોજિત 'મલ્ટીમીડિયા પ્રદર્શન'નું રાજ્યમંત્રી દ્વારા ઉદ્ઘાટન

ભરૂચ,

ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલયના કેન્દ્રીય સંચાર બ્યૂરો, સુરત દ્વારા ઈન્ટીગ્રેટેડ કમ્યુનિકેશન એન્ડ આઉટરીચ પ્રોગ્રામ અંતર્ગત ભરૂચના હોસ્ટેલ ગ્રાઉન્ડ ખાતે આયોજિત 'મલ્ટીમીડિયા પ્રદર્શનને રાજ્યમંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલ,ભરૂચના ધારાસભ્યશ્રી રિતેશ વસાવા સહિતના મહાનુભાવોએ રીબીન કાપીને ખુલ્લું મૂક્યું હતું.

આ પ્રસંગે ઉપસ્થિત જનમેદનીને સંબોધતા મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલે જણાવ્યું હતું કે, આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના સબળ અને દુરંદેશી નેતૃત્વ હેઠળ આજે આપણો દેશ 'વિકસિત ભારત જ ૨૦૪૭'ના સંકલ્પ સાથે અભૂતપૂર્વ પ્રગતિ કરી રહ્યો છે. દેશમાં થયેલા મુખ્ય વિકાસલક્ષી કાર્યો અને જનકલ્યાણકારી યોજનાઓ આજે છેવાડાના માનવી સુધી પહોંચી રહી છે. આવા પ્રદર્શનો નાગરિકોને રાષ્ટ્ર નિર્માણની આ યાત્રામાં સહભાગી બનાવવા અને સરકારી યોજનાઓથી માહિતગાર કરવામાં મહત્વની ભૂમિકા ભજવે છે.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, "વિકસિત ભારતનો પાયો સ્વચ્છતા, સ્વાસ્થ્ય અને નશામુક્ત સમાજ નિર્માણ પર ટકેલો છે, અને આ પ્રદર્શન તે દિશામાં સજાગતા લાવવાનો ઉત્કૃષ્ટ પ્રયાસ છે.

ભરૂચના સાંસદશ્રી મનસુખભાઈ વસાવાએ પણ પ્રસંગને અનુરૂપ સંબોધન કરી નાગરિકોને રાષ્ટ્ર નિર્માણની આ યાત્રામાં સહભાગી બનાવવા જણાવ્યું હતું.

ભરૂચ ખાતે યોજાયેલા આ પ્રદર્શનમાં "વિકસિત ભારત જ ૨૦૪૭", "નશા મુક્ત ભારત અભિયાન" અને "સ્વચ્છતા હી સેવા" જેવા મહત્વપૂર્ણ વિષયોને આવરી લેતી આકર્ષક ઝાંખીઓ રજૂ કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતની આરોગ્ય શાખા દ્વારા યોજાયેલો 'હેલ્થ એક્સ્પો' મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. જેમાં તબીબો દ્વારા નાગરિકોનું નિઃશુલ્ક બીપી-ડાયાબિટીસ સ્ક્રીનિંગ, લેબોરેટરી ટેસ્ટ, શારીરિક તપાસ અને મફત દવાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. સાથે જ સરકારી આરોગ્ય યોજનાઓના લાભો અંગે સ્થળ પર જ નોંધણી અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

# ગાંધી જયંતીએ સુરતમાં ગેરકાયદે કતલખાનાઓ સામે ૫ હજારથી વધુ લોકોની અહિંસા માર્ચ યોજાઈ

## કતલખાનાઓ સામે તાત્કાલિક કાર્યવાહી કરીને તેને બંધ કરાવવાની માંગ

સુરત,

ગાંધી જયંતીના દિવસે સુરતમાં ગેરકાયદે કતલખાનાઓ સામે કાર્યવાહી કરવાની માંગ સાથે 'અહિંસા માર્ચ' યોજાઈ હતી. આયોજકોના જણાવ્યા મુજબ આ માર્ચમાં સાધુ-સંતો, સાધ્વીજી ભગવંતો, વિવિધ સામાજિક સંગઠનો અને સામાન્ય નાગરિકો સહિત ૫ હજારથી વધુ લોકો જોડાયા હતા.

સુરતના ઉમરા વિસ્તારમાં આવેલા સરગમ શોપિંગ સેન્ટર ખાતેથી માર્ચનો પ્રારંભ થયો હતો. રેલી શહેરના વિવિધ માર્ગો પરથી પસાર થઈ જિલ્લા કલેક્ટર કચેરી



સુધી પહોંચી હતી.રેલીમાં સાધુ-સંતો અને જૈન સાધ્વીજી ભગવંતો ઉપરાંત વિવિધ સમાજના અગ્રણીઓ અને નાગરિકોએ ભાગ લીધો હતો.

રેલી બાદ સંતો અને સામાજિક અગ્રણીઓ દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. આવેદનમાં સુરત શહેર અને આસપાસના વિસ્તારમાં ગેરકાયદે રીતે ચાલતા હોવાનો દાવો કરવામાં આવતા કતલખાનાઓ સામે કડક કાયદાકીય કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી હતી.આયોજકોનો આક્ષેપ છે કે આવી પ્રવૃત્તિઓ અહિંસાના મૂલ્યો સાથે સુસંગત નથી. તેમણે તંત્રને આવા કતલખાનાઓ સામે તાત્કાલિક કાર્યવાહી કરીને તેને બંધ કરાવવાની માંગ કરી હતી.

અહિંસા માર્ચ દરમિયાન ગૌવંશના રક્ષણનો મુદ્દો પણ ઉઠાવવામાં આવ્યો હતો. સાધુ-સંતો અને આગેવાનોએ ગૌમાતાને 'રાષ્ટ્રમાતા' જાહેર કરવાની માંગ કરી હતી

# અમદાવાદ સિવિલ હોસ્પિટલના બાળરોગ વિભાગની મોટી સફળતા: બે અત્યંત ગંભીર નવજાત શિશુઓને મળ્યું નવજીવન

## ૨૬ અઠવાડિયે જન્મેલા પ્રિમેચ્યોર બાળક અને ગંભીર બેક્ટેરિયલ ચેપથી પીડિત નવજાતને સઘન સારવાર બાદ સ્વસ્થ કરી ઘરે મોકલાયા

અમદાવાદ,

અમદાવાદ સિવિલ હોસ્પિટલના બાળરોગ વિભાગના તબીબો અને નર્સિંગ સ્ટાફની તબીબી નિપુણતા, આધુનિક સારવાર અને દિવસ-રાતની મહેનતને પરિણામે અત્યંત નાજુક અને ગંભીર સ્થિતિમાં રહેલા બે નવજાત શિશુઓને નવજીવન મળ્યું છે. લાંબી અને સઘન સારવાર બાદ બંને બાળકો પૂર્ણપણે સ્વસ્થ થતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે.

પ્રથમ કિસ્સો: ૨૬ અઠવાડિયે જન્મેલ ૧ કિલોનું પ્રિમેચ્યોર બાળક ૮૪ દિવસે જીત્યું જીવન સામે જંગ

ગર્ભાવસ્થાના માત્ર ૨૬મા અઠવાડિયે જન્મેલા બાળકના ફેફસાં અને અન્ય મહત્ત્વના અંગો અપરિપક્વ હોવાથી જન્મ સાથે જ તેને શ્વાસ લેવામાં ગંભીર તકલીફ ઊભી થઈ હતી. ડિલિવરી રૂમથી જ કૃત્રિમ શ્વાસની વ્યવસ્થા કરી બાળકને દ્ગૈંઝ્રેંમાં ખસેડવામાં આવ્યું હતું. દૂધ ન પચવાના કારણે શરૂઆતમાં નસ મારફતે જરૂરી પોષણ પૂરું પડાયું હતું. ધીમે ધીમે બાળકની સ્થિતિ સુધારા પર આવતાં ચમચી-વાટકીથી માનું દૂધ આપવાનું શરૂ કરાયું. સારવારના ૮૧મા દિવસથી બાળકે વધારાના ઓક્સિજન વિના કુદરતી શ્વાસ લેવાનું શરૂ કર્યું હતું. ૮૪ દિવસની સઘન સારવાર બાદ બાળકનું વજન ૧.૮ કિલોગ્રામ થયું હતું. ઈજીફ સામે રક્ષણ આપતી દવા અને શ્રવણ શક્તિની જરૂરી તપાસ બાદ બાળકને સ્વસ્થ હાલતમાં રજા આપવામાં આવી.

બીજો કિસ્સો: પૂર્ણ ગર્ભકાળે જન્મેલા બાળકને ગંભીર ચેપ અને જટિલતાઓમાંથી સફળતાપૂર્વક ઉગારી લેવાયું

બીજા કિસ્સામાં ૩૯ અઠવાડિયાના પૂર્ણ ગર્ભકાળ બાદ ચીપિયાની મદદથી પ્રસૂતિ દ્વારા જન્મેલા બાળકને જન્મતાની સાથે જ શ્વાસ લેવામાં તકલીફ થતાં દ્ગૈંઝ્રેંમાં દાખલ કરવામાં આવ્યું હતું. શરૂઆતના દિવસોમાં જ બાળકને ગંભીર ચેપ, મગજમાં લોહી ગંઠાઈ જવું અને ખેંચ આવવા જેવી અત્યંત જટિલ સમસ્યાઓનો સામનો કરવો પડ્યો હતો.

# નશામુક્ત સમાજ અને સ્વસ્થ ભવિષ્ય માટે શહેર પોલીસની ભવ્ય વોકાથોન

## ગાંધી જયંતિ નિમિતે 'વોક ફોર અ ડ્રગ-ફ્રી ફ્યુચર'માં પોલીસ કમિશનર અને એડિશનલ સીપી સહિત હજારો શહેરીજનો ઉત્સાહભેર જોડાયા





રાજકોટ:

શહેરને ડ્રગ્સના દૂષણથી મુક્ત કરવા અને યુવાધનને સાચી દિશા આપવાના ઉદ્દેશ્ય સાથે ગાંધી જયંતિ નિમિતે પોલીસના એન્ટી નાર્કોટિક્સ વિંગ દ્વારા એક ભવ્ય વોકાથોનનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધી જયંતીના પાવન અવસરે યોજાયેલા આ કાર્યક્રમમાં પોલીસ કમિશનર, એડિશનલ સીપી, ઉચ્ચ પોલીસ અધિકારીઓ, મોટી સંખ્યામાં પોલીસ કર્મચારીઓ અને શહેરના જાગૃત નાગરિકોએ અભૂતપૂર્વ ઉત્સાહ સાથે ભાગ લીધો હતો.

આ વોકાથોનનો પ્રારંભ સવારે ૭ વાગ્યે રેસકોર્સ સ્થિત બહુમાળી ભવન ચોક ખાતેથી ફ્લેગ-ઓફ આપીને કરવામાં આવ્યો હતો. રેસકોર્સ રિંગ રોડ પર યોજાયેલા આ રૂટ પર પોલીસ મેન અને શહેરીજનો "નશામુક્ત સમાજ, સ્વસ્થ સમાજ'' અને "સ્વસ્થ યુવા, સુરક્ષિત સમાજ'' ના પ્લેકાર્ડ્સ અને ટી-શર્ટ પહેરીને દોડતા જોવા મળ્યાં હતાં. સમગ્ર રેસકોર્સ પરિસર ડ્રગ્સ વિરોધી સૂત્રોચ્ચારોથી ગુંજી ઉઠ્યું હતું.

આ આયોજનમાં માત્ર પોલીસ વિભાગ જ નહીં, પરંતુ રાજકોટના વિવિધ શૈક્ષણિક સંસ્થાના વિદ્યાર્થીઓ, રમતવીરો, મહિલાઓ અને વડીલો પણ મોટી સંખ્યામાં જોડાયા હતા. લોકોએ આ પહેલને બિરદાવી હતી. એન્ટી નાર્કોટિક્સ વિંગ દ્વારા "અવેક, એજ્યુકેટ, પ્રિવેન્ટ" (જાગો, શિક્ષિત કરો, અટકાવો) ના સૂત્રને ચરિતાર્થ કરતો આ કાર્યક્રમ શહેરમાં ભારે આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો.

# રાજકોટ:૫૩ આંગણવાડી કેન્દ્રોમાં ''આંગણ મિલન સેવા કાર્યક્રમ''ની ઉજવણી



રાજકોટ:રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત ૫૩ આંગણવાડી કેન્દ્રોમાં તા. ૨૫/૦૯/૨૦૨૬ થી તા.૦૩/૧૦/૨૦૨૬ દરમિયાન ''આંગણ મિલન સેવા કાર્યક્રમ''ની ઉજવણી અંતર્ગત તા.૦૧/૧૦/૨૦૨૬ના રોજ શ્રીનાથજી સોસાયટી, ભીમ નગર આંગણવાડી કેન્દ્ર ખાતે આંગણ મિલન સેવા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ધારાસભ્યશ્રી ભાનુબેન બાબરીયા, શ્રી ડૉ. દર્શિતાબેન શાહ, કોર્પોરેટરશ્રી જ્યોત્સનાબેન ટીલાળા, શ્રી પ્રદીપભાઈ ડવ, શ્રી કિશનભાઇ ટીલવા, શ્રી કિરણબેન હરસોડા, શહેર ભાજપ મહામંત્રીશ્રી યોગેન્દ્ર સિંહ જાડેજા, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સભ્યશ્રી યોગરાજસિંહ જાડેજા, અગ્રણીઓ શ્રી જયેશભાઈ પંડયા, શ્રી મહિપતભાઈ હુમલ, શ્રી રાજભા જાડેજા તેમજ મહીલા મોરચાના પ્રમુખશ્રીઓ તેમજ અન્ય કોર્પોરેટરશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત મહેમાનો દ્વારા આંગણવાડી કેન્દ્રની વિવિધ સેવાઓ તથા પ્રવૃત્તિઓનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું તેમજ બાળકો, માતાઓ, વાલીઓ અને કિશોરીઓ સાથે સંવાદ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે આંગણવાડી કેન્દ્ર ખાતે બાળકો દ્વારા બાળગીત, બાળવાર્તા, વિવિધ રમતો, ચિત્રકામ તથા આનંદદાયક પ્રી-સ્કૂલ પ્રવૃત્તિઓકરવામાં આવી હતી. કિશોરીઓ દ્વારારંગોળીબનાવવામાં આવી હતી. તેમજ માતૃમંડળ, વાલીઓ તથા કિશોરીઓ સાથેપોષણ, આરોગ્ય, સ્વચ્છતા અને સંતુલિત આહારઅંગે સંવાદ કરવામાં આવ્યો હતો.

કાર્યક્રમ દરમિયાન બાળકોને ફળ, સુખડી તથા પ્રોત્સાહક ગિફ્ટનું વિતરણ કરવામાં આવ્યું હતું તેમજ લાભાર્થીઓને HRનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે આંગણવાડી કેન્દ્રના બે પોષણ ચેમ્પિયન બાળકોની પસંદગી કરી તેમને પ્રોત્સાહક ગિફ્ટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. જેમાં નિયમિત રીતે આંગણવાડી કેન્દ્ર ખાતે આવતા તથા પ્રી-સ્કૂલ પ્રવૃત્તિઓમાં સક્રિય બાળક તેમજ કુપોષણમાંથી સામાન્ય થયેલ બાળકનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત, આંગણવાડી કાર્યકર, તેડાગર તથા આશા બહેનની ઉત્કૃષ્ટ કામગીરીને બિરદાવવા માટે તેમને પ્રશસ્તિપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમ દરમિયાનમાન. મુખ્યમંત્રીશ્રીના સંદેશ/પત્રનું વાંચનકરવામાં આવ્યું હતું તેમજ "KahaniBadlav Ki" અંતર્ગત પ્રેરણાત્મક સફળતા કથાઓ રજૂ કરવામાં આવી હતી.

આંગણ મિલન સેવા કાર્યક્રમમાં ઉપસ્થિત રહેનાર વિવિધમહેમાનો તથા પદાધિકારીઓને પૂર્ણા યોજનાની લાભાર્થી કિશોરીઓ દ્વારા રૂબરૂ આમંત્રણ કાર્ડ આપવામાં આવ્યા હતા.

આ પ્રવૃત્તિ દ્વારા કિશોરીઓમાં નેતૃત્વ, સંવાદ કૌશલ્ય તથા સામાજિક સહભાગિતાની ભાવનાવિકસે તે માટે પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું.

આંગણ મિલન સેવા કાર્યક્રમનો મુખ્ય હેતુ આંગણવાડી કેન્દ્રને બાળ વિકાસ, પોષણ, આરોગ્ય, પૂર્વ પ્રાથમિક શિક્ષણ તથા જનસહભાગિતાના જીવંત કેન્દ્ર તરીકે વધુ સુદ્રઢ બનાવવાનો છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આંગણવાડી કેન્દ્રો સાથે સંકળાયેલા બાળકો, માતાઓ, વાલીઓ, કિશોરીઓ તથા સ્થાનિક સમુદાયની સક્રિય ભાગીદારી સાથે આ સમગ્ર ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે.

# ૩૧ કિમી લાંબા હાપા–કાનાલુસ સેક્શનમાં ડ્રોન આધારિત લાઈવ-લાઈન ઓવરહેડ ઈક્વિપમેન્ટ નિરીક્ષણનું સફળ પરીક્ષણ





રાજકોટ:ઓવરહેડ ઈક્વિપમેન્ટ એ ઈલેક્ટ્રિક ટ્રેનોના સંચાલન માટે જરૂરી વીજ પુરવઠો પૂરો પાડતી પ્રણાલી છે. આ OHE પ્રણાલીની સુરક્ષા, વિશ્વસનીયતા અને બહેતર જાળવણી સુનિશ્ચિત કરવાના ઉદ્દેશ્યથી રાજકોટ ડિવિઝન દ્વારા ૩૧ કિમી લાંબા હાપા–કાનાલુસ સેક્શનમાં ડ્રોન આધારિત લાઈવ-લાઈન OHE નિરીક્ષણ અને સર્વેલન્સ પ્રણાલીનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું.

રાજકોટ ડિવિઝનના વરિષ્ઠ ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર શ્રી સુનિલ કુમાર મીનાના જણાવ્યા અનુસાર, આ ડ્રોન આધારિત નિરીક્ષણ દ્વારા O ના વિવિધ સાધનોમાં ઉદ્ભવનારી સંભવિત ખામીઓ અને અસામાન્યતાઓની સમયસર ઓળખ કરી શકાશે. જેના કારણે જરૂરી જાળવણી કાર્યને તુરંત હાથ ધરીને OHE ફેલ્યોરની ઘટનાઓને રોકવામાં તેમજ રેલ સંચાલનની વિશ્વસનીયતા અને સમયપાલનને બહેતર બનાવવામાં મદદ મળશે. આ પહેલ ડિવિઝનલ રેલવે મેનેજર, રાજકોટ, શ્રી ગિરિરાજ કુમાર મીનાના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ હાથ ધરવામાં આવી હતી. આ પહેલ સૌરાષ્ટ્ર ક્ષેત્રમાં રેલવે સુરક્ષા અને માળખાકીય સુવિધાઓને વધુ મજબૂત બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે.

આ અત્યાધુનિક ડ્રોન પ્રણાલી દ્વારા ૩૧ કિમી લાંબા OHE સેક્શનનું વ્યાપક નિરીક્ષણ પાવર અને ટ્રાફિક બ્લોક લીધા વિના કરવામાં આવ્યું છે, જેનાથી રેલ સંચાલનમાં કોઈપણ પ્રકારનો વિક્ષેપ પડતો નથી. ડ્રોનમાં ઉચ્ચ-રિઝોલ્યુશન (હાઈ-રિઝોલ્યુશન) ઓપ્ટિકલ કેમેરો લગાવવામાં આવ્યો છે, જે ૨૫ ાક છઝ ટ્રેક્શન સિસ્ટમમાં ઢીલા સંપર્કો (લૂઝ કનેક્શન્સ), સંરેખણમાં વિચલન (એલાઈનમેન્ટ ડેવિયેશન), સ્પ્લિટ પિન ગાયબ હોવી તેમજ અન્ય સંભવિત તકનીકી ખામીઓની સચોટ ઓળખ કરવા માટે સક્ષમ છે.

આ પહેલના તકનીકી પાસાઓની માહિતી આપતા વરિષ્ઠ ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર , શ્રી વિક્રમ મીણાએ જણાવ્યું કે ઉપયોગમાં લેવાયેલા ડ્રોનની ઓપરેશનલ ફ્લાઈંગ રેન્જ આશરે ૧૦ કિલોમીટર અને ફ્લાઈટ એન્ડ્યોરન્સ આશરે ૫૦ મિનિટ છે. હાપા–કનાલુસ સેક્શનમાં લાઈવ-લાઈન હાઈ-ડેફિનેશન વિઝ્યુઅલ મોનિટરિંગ ટેક્નોલોજીના ઉપયોગથી TRD વિભાગ એવા સૂક્ષ્મ દોષો અને માળખાકીય વિચલનોની પ્રારંભિક તબક્કે જ ઓળખ કરી શકે છે, જેને નિયમિત મેન્યુઅલ નિરીક્ષણ દરમિયાન પારખવા મુશ્કેલ હોય છે. આ તકનીકી હસ્તક્ષેપ નિયમિત ફૂટ પેટ્રોલિંગની સચોટતા, સુરક્ષા અને અસરકારકતામાં નોંધપાત્ર વધારો કરશે. આ પ્રણાલીના ઉપયોગ માટે ન તો પાવર અને ટ્રાફિક બ્લોકની જરૂર પડે છે અને ન તો સામાન્ય રેલ સંચાલન વ્યવસ્થાને બાધિત કે પરિવર્તિત કરવી પડે છે.

આ પહેલ નિવારક જાળવણી (પ્રિવેન્ટિવ મેઈન્ટેનન્સ) માટે આધુનિક તકનીકી ઉકેલો અપનાવવા પ્રત્યે પશ્ચિમ રેલવેની પ્રતિબદ્ધતા દર્શાવે છે. ડ્રોન આધારિત નિરીક્ષણથી OHEના નિર્ધારિત ધોરણો જાળવી રાખવા, લાઈવ હાઈ-વોલ્ટેજ લાઈનો પાસે મેન્યુઅલ નિરીક્ષણ સાથે સંકળાયેલા વ્યાવસાયિક જોખમો ઘટાડવા તેમજ OHEમાં સંભવિત ખામીઓની સમયસર ઓળખ અને જાળવણી સુનિશ્ચિત કરવામાં મહત્વપૂર્ણ સહાય મળશે. આનાથી રેલ સંચાલનની સમયબદ્ધતા અને વિશ્વસનીયતાને પણ વેગ મળશે.

રાજકોટ ડિવિઝન સલામત, કાર્યક્ષમ અને આધુનિક રેલવે સંચાલન સુનિશ્ચિત કરવાની દિશામાં સતત પ્રયત્નશીલ છે.

# ભારતીય પાઈલટ સ્મિત મચ્છરનાં દીર્ઘાયુ માટે પંચનાથ મહાદેવ મંદિરમાં પ્રાર્થના યોજાઈ



રાજકોટ:

દુબઈથી તેલઅવીવ જઈ રહેલી વિમાન સેવા દરમિયાન ભારતીય પાઈલટ સ્મિત મચ્છર પર થયેલા દુર્ભાગ્યપૂર્ણ હુમલામાં તેઓ ગંભીર રીતે ઘવાયા છે. ગુજરાતના સંતાન અને દેશનું ગૌરવ એવા પાઈલટ સ્મિત મચ્છર ઝડપથી સંપૂર્ણ સાજા થઈ જાય અને તેમનું આયુષ્ય દીર્ઘાયુ બને તે માટે રાજકોટ શહેર ભારતીય જનતા પાર્ટી દ્વારા પવિત્ર પંચનાથ મહાદેવ મંદિર ખાતે એક વિશેષ મહાઆરતી અને પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ મહાઆરતી અને પ્રાર્થના સભામાં રાજકોટના લોકસભા સાંસદ અને પૂર્વ કેન્દ્રીય મંત્રી પરશોતમભાઈ રૂપાલા, ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ, રાજકોટ શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવે, રાજકોટ મહાનગરપાલિકાના મેયર ડો. નેહલ શુકલ, તેમજ મહિલા મોરચાના પ્રમુખ, મહામંત્રીઓ, કોર્પોરેટરશ્રીઓઅને ભાજપના હોદ્દેદારો તથા બહોળી સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા.

સૌ આગેવાનો અને કાર્યકર્તાઓએ એકસૂરે દેવાધિદેવ મહાદેવના ચરણોમાં શિશ નમાવીને સ્મિત મચ્છરના ઝડપી સ્વાસ્થ્ય સુધારા માટે વિશેષ પૂજા-અર્ચના કરી હતી. ઉપસ્થિત તમામ મહાનુભાવોએ સ્મિત મચ્છરની બહાદુરીને બિરદાવી હતી "સ્મિત મચ્છર આપણા દેશ અને ગુજરાતનું ગૌરવ છે. તેઓ જલ્દીથી પૂર્ણપણે સ્વસ્થ થઈને દેશની સેવામાં પુનઃ કાર્યરત થાય તે માટે કરવામાં આવી હતી.

# હવે ફિંગર પ્રિન્ટ મેચ ન થાય તો ચહેરાનું વેરીફિકેશન કરી રાશન આપી દેવાશે

## મહત્વપૂર્ણ પ્રોજેક્ટનો ટૂંક સમયમાં અમલ થશે: વૃધ્ધ અને શ્રમિકોને સૌથી વધુ ફાયદો થશે

રાજકોટ:હાલમાં ગુજરાતમાં રાજ્યના ૭૨ લાખ જેટલા રેશનકાર્ડ ધારકોને ફિંગર પ્રિન્ટ મેચ કરી રાશનનો જથ્થો અપાય છે. પરંતુ આ પધ્ધતિથી ખાસ કરીને વૃધ્ધો અને શ્રમિકોને ફિંગર પ્રિન્ટ મેચીગમાં ખૂબ જ મુશ્કેલી થાય છે અને ઘણીવાર જથ્થાથી વંચિત રહેવું પડે છે.

પરંતુ હવે ટૂંક સમયમાં આ પ્રશ્ન કાયમી માટે હલ થઇ જશે અને સર્વર કક્ષાએ એક મહત્વપૂર્ણ પ્રોજેક્ટ ગંભીર વિચારણા હેઠળ છે. જેમાં જે રાશન કાર્ડ ધારકનો ફિંગર પ્રિન્ટ મેચ નહીં થાય તેના હવે ચહેરાનું વેરીફિકેશન કરી તેને રાશન આપી દેવાશે.

આ અંગે રાજ્યના પૂરવઠા વિભાગના જોઈન્ટ ડાયરેક્ટર દિપક અતાણીનો સંપર્ક સાધતા તેઓએ જણાવેલ હતું કે, આ પ્રોજેક્ટ વિચારણા હેઠળ છે અને નજીકના સમયમાં અમલવારી શક્ય છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અંગૂઠો નહીં લાગે તો પણ મળશે રાશન, પીડીએસની ફિંગરપ્રિન્ટ સિસ્ટમ બદલાઈ, હવે ચહેરાથી થશે લાભાર્થીની ઓળખ રાશન કાર્ડ ધારકો માટે હવે રાશન મેળવવાની પદ્ધતિ બદલાઈ રહી છે.અગાઉ દુકાન પર અંગૂઠો લગાવવાની ઝંઝટ અને ફિંગરપ્રિન્ટ મેચ ન થવાની જે મુશ્કેલી પડતી હતી, તેનાથી હવે રાહત મળવા જઈ રહી છે. સરકારે



રાશન વિતરણ પ્રણાલીને વધુસરળ અને પારદર્શી બનાવવા માટે ફેસ ઓથેન્ટિકેશનની સુવિધા લાગુ કરી છે.

ગત સપ્ટેમ્બરે જ સરકારે આ અંગેની સત્તાવાર જાહેરાત કરી હતી, જેનો હવે અમલ શ થઈ ગયો છે. આ વ્યવસ્થા હેઠળ જો તમારો ફિંગરપ્રિન્ટ મેચ નહીં થાય, તો ચહેરા પરથી વેરિફિકેશન કરીને પણ તમને રાશન આપી દેવામાં આવશે.

રાશન કાર્ડ ધારકોને અનાજ લેવા માટેદુકાન પર ઈ-પીઓએસ મશીન પર બાયોમેટ્રિક વેરિફિકેશન હેઠળ અંગૂઠો કે આંગળી છાપવી પડતી હોય છે. ઘણી વખત નેટવર્કની ખામી, ટેકનિકલ સમસ્યા કે ત્વચાની સંવેદનશીલતાના કારણે ફિંગરપ્રિન્ટ મેચ થતા નથી, જેના લીધે લોકોને અનાજ લીધા વિના જ પરત ફરવું પડતું હતું.હવે નવી વ્યવસ્થા મુજબ જો કોઈ ગ્રાહકનો ફિંગરપ્રિન્ટ મેચ નહી થાય, તો મશીનના કેમેરાથી લાભાર્થીના ચહેરાને સ્કેન કરીને આધાર ડેટાબેઝ સાથે તેનું વેરિફિકેશન કરી લેવામાં આવશે.

આ નવી ટેકનોલોજીનો સૌથી મોટો ફાયદો વૃદ્ધો અને દિવસ-રાત મજૂરી કરતા શ્રમિકોને થશે. વધતી ઉંમર અને સતત શારીરિક શ્રમના કારણે આવા લોકોની આંગળીઓના નિશાન ઘસાઈ જાય છે, જેને મશીન સરખી રીતે સ્કેન કરી શકતું નથી. ફેસ ઓથેન્ટિકેશન શ થવાથી હવે તેઓ કોઈ પણ જાતની મુશ્કેલી વગર સરળતાથી પોતાનું રાશન મેળવી શકશે.

સરકાર આ સિસ્ટમને સુચા પે લાગુ કરવા માટે દેશભરની રાશનની દુકાનોમાં વપરાતા PDS મશીનો અને તેના મુખ્ય સિસ્ટમમાં જરી ટેકનિકલ ફેરફાર તથા સોફ્ટવેર અપડેટ કરવા જઈ રહી છે. જોકે, આ સુવિધાનો લાભ શઆતના તબક્કામાં ત્યાં જ મળી શકશે જ્યાંના મશીનોમાં કેમેરા અને આ ટેકનોલોજીનું અપડેટ લાઈવ થઈ ચૂક્યું હશે.

PDS એટલે કે ઈલેક્ટ્રોનિક પબ્લિક ડિસ્ટ્રિબ્યુશન સિસ્ટમએ સરકારની એવી ડિજિટલ પ્રણાલી છે, જેના દ્વારા રાશન કાર્ડ ધારકો અને લાભાર્થીઓના ડેટાનું ઓનલાઈન મેનેજમેન્ટ કરવામાં આવે છે.

અનાજ વિતરણથી લઈને લાભાર્થીઓના વેરિફિકેશન સુધીનું તમામ મોનિટરિંગ આ જ સિસ્ટમથી થાય છે. ચહેરાથી વેરિફિકેશન કરવાનો આ નવો પ્રયાસ આ જ ડિજિટલ વ્યવસ્થાને વધુ મજબૂત અને આમ જનતા માટે અનુકૂળ બનાવવા માટે કરવામાં આવ્યો છે.

# કુખ્યાત વ્યાજખોર-ભુ માફિયા અલ્પેશ દોંગા આણી ટોળકીએ ખેડૂતોને પાયમાલ કરી નાંખ્યા

## સૌરાષ્ટ્રના ૨૦ ખેડૂતોની ૪૩.૫૩ કરોડની ૧૩૦ વિઘા જમીન માત્ર ૨.૧૫ કરોડમાં પડાવી લીધી



રાજકોટ:કુખ્યાત વ્યાજખોર-ભુ માફિયા અલ્પેશ દોંગા આણી ટોળકીએ ખેડૂતોને પાયમાલ કરી નાંખ્યા હોય તેવા સમાચાર સામે આવી રહ્યાં છે. સૌરાષ્ટ્રના ૨૦ ખેડૂતોની ૪૩.૫૩ કરોડની ૧૩૦ વિઘા જમીન માત્ર ૨.૧૫ કરોડમાં પડાવી લીધી હોવાનો ઘટસ્ફોટ થતાં ચકચાર મચી છે.રાજકોટ રૂરલ પોલીસે સાગરીત અક્ષિત અકબરીની ધરપકડ કરી તેની ઓફીસમાથી પણ સાટાખટ સહિત કુલ ૧૫૨ દસ્તાવેજ મળી આવતા મોટા પ્રમાણમાં ખેડૂતો ભોગ બન્યાની આશંકા સેવાઈ રહી છે.

સાથે કૌભાંડ રાજય વ્યાપી હોવાનું પણ સામે આવતાં અલ્પેશ દોંગાનો કબ્જો મેળવી રીમાન્ડની પ્રક્રિયા તેજ કરાઈ છે. હાલ સુધીમાં દાખલ થયેલ અનેક ગુના બાદ વધું ૭ ફરીયાદ દાખલ થશે. અનેક ટેલિકોલરની પણ સઘન પુછતાછ હાથ ધરી રૂરલ એસપી વિજયસિંહ ગુર્જર એકશન મોડમાં દેખાતા અનેક મોટા માથાના પણ તપેલા ચડે તેવી શક્યતાઓ નકારી શકાય નહીં.

રાજકોટ રેન્જ આઈજી નિર્લિપ્ત રાયના માર્ગદર્શન મુજબ એસપી વિજયસિંહ ગુર્જર દ્વારા જિલ્લામાં ગેરકાયદેસર નાણાં ધીરધાર (વ્યાજખોરી) કરતા શખ્સો તથા ગેરકાયદેસર કોલ સેન્ટરો ચલાવી ખેડુતોને ભોળવીને લોભામણી જાહેરાતો હેઠળ સમજાવી ઓછા વ્યાજે પૈસા આપવાના ઓઠા તળે ખેડુતોની જમીનના દસ્તાવેજો કરી ઠગાઇ કરતાં શખ્સો વિરૂધ્ધ કાયદાકીય પગલા લેવાની આપેલ સૂચનાથી સીટની ટીમ દ્વારા અગાઉ આરોપી અલ્પેશ દોંગા તથા અક્ષિત અકબરીની ટોળકી વિરૂધ્ધ કુલ-૧૨ ગુન્હાઓ દાખલ થયેલ હતાં. તથા ૧ પડધરી, ગોંડલ તાલુકા-૦૧, જામનગર જિલ્લાના કાલાવડ -૦૨ ગુન્હાઓ દાખલ કરવામાં આવેલ છે. આ સીવાય સીટ દ્વારા અત્યાર સુધીમાં ૦૭ જેટલા અરજદારએ સંપર્ક કરી અરજીઓ આપેલ છે. જેની તપાસ હાલ ચાલી રહી છે.

આ ઉપરાંત સીટની ટીમ દ્વારા આરોપી અક્ષિત અકબરીની સઘન તપાસ હાથ ધરી અટક કરવામાં આવેલ છે અને આરોપી અલ્પેશ દોંગાનો કબ્જો મેળવી રીમાન્ડની પ્રક્રિયા હાથ ધરી વધુ તપાસ કરવામાં આવી રહેલ છે. જયારે એસપી વિજયસિંહ ગુર્જરે આ મામલે વધુમાં જણાવ્યું હતું કે, આરોપીઓ દ્વારા ગીતા ચેરીટેબલ ટ્રસ્ટના નામે ગુડવિલ મેળવવા માટે ચલાવવામાં આવી રહેલ કોલ સેન્ટરો બાબતે તપાસ ચાલુ છે.

આરોપી અક્ષિત અકબરીની સઘન પુછપરછ દરમ્યાન આરોપીની બીઝનેસ ટર્મીનલ નામના એપાર્ટમેન્ટમાં ચોથા માળે આવેલ ઓફીસ નં.૪૦૨ ની ઝડતી કરાવામાં આવેલ છે. અને ત્યાથી અન્ય દસ્તાવેજ તથા સાટાખટ મળી કુલ ૧૫૨ જેટલા જમીનના દસ્તાવેજોની નકલો મળી આવેલ જે તપાસના કામે કબ્જે કરેલ અને વધુ તપાસ જારી છે.હાલ સીટની તપાસ દરમ્યાન રાજકોટ ગ્રામ્ય, શહેર સહિત સૌરાષ્ટ્રભરના ૨૦ ખેડૂતોની કુલ - ૧૩૦ વિઘા જમીન જેની બજાર કિમત ૪૩.૫૩ કરોડ જેટલી થાય છે જે જમીન પેટે આરોપીઓએ માત્ર ૨.૧૫ કરોડ જેટલી રકમ ચુકવી જે-તે ખેડુત ખાતેદારનો દસ્તાવેજો/ સાટાખત કરાવી લીધેલાનુ ષડયંત્ર ધ્યાને આવેલ છે.તેમજ આરોપીઓ દ્વારા ઓપરેટ થઇ રહેલ કોલ સેન્ટરોના ટેલીકોલર બાબતેની તપાસ અને પુછપરછ ચાલુ છે અને આરોપીઓ અને ટેલીકોલરની ટીમ હોય જે ટીમ શોશ્યલ મીડીયા ઉપર પોસ્ટ ઉપર બુસ્ટીંગ કરવાનુ કામ કરતી હતી જે ટેલીકોલરની પુછપરછ કરી તપાસ ચાલુ છે.

ઉલ્લેખનીય છે કે, પડધરી પોલીસ સ્ટેશન તથા ગોંડલ તાલુકામાં દાખલ થયેલ ગુન્હાઓની સંયુકત તપાસ દરમ્યાન નિમાયેલ સીટની ટીમ દ્વારા આરોપી અલ્પેશ દોંગાની નાના મોવા રોડ, શાસ્ત્રીનગર અજમેરા સોસાયટીની ગેઈટની સામે, બીઝનેસ ટર્મીનલ નામના એપાર્ટમેન્ટમાં ચોથા માળે આવેલ ઓફીસ નં.૪૦૨ ની ઝડતી દરમ્યાન નવા અલગથી અન્ય દસ્તાવેજ તથા સાટાખટ મળી કુલ ૧૫૨ જેટલા જમીનના દસ્તાવેજોની નકલો મળી આવેલ જે તપાસના કામે કબ્જે કરેલ હતાં.

હાલ સુધી અલગ-અલગ ગુન્હાઓમાં જાહેર થયેલ આરોપીઓનો નામ

અલ્પેશ ગોપાલ દોંગા, અક્ષીત અકબરી ઉર્ફે હેપી પટેલ, પીયૂષ ચંદુ વીરડીયા, ચદુ છગન વીરડીયા (રહે. તમામ રાજકોટ), હીરેન રતીલાલ લુણાગરીયા (રહે. સરપદળ,પડધરી), મયુર કાનગડ ઉર્ફે મયુર આહિર (રહે. વડાળી,ચોટીલા), અભય મોલીયા, મનીષાબેન અભય મોલીયા અને જયેશ રામજી ભાલાળા (રહે. ત્રણેય રાજકોટ) ની હાલ સુધીમાં ધરપકડ કરવામાં આવી છે.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

## બાળકોની ડિજિટલ સુરક્ષા અને શાળાઓમાં સ્માર્ટફોન પ્રતિબંધ : સમયની માંગ

આજના ડિજિટલ યુગમાં બાળકોનું જીવન સ્માર્ટફોન, ટેબ્લેટ અને સોશિયલ મીડિયા વગરની કલ્પના કરવી મુશ્કેલ બની ગઈ છે. પરંતુ આ જ ડિજિટલ સ્પેસ બાળકો માટે એક ગંભીર જોખમ પણ બની રહી છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને 'સેન્ટર ફોર લીગલ એક્શન એન્ડ બિહેવિયર ચેન્જ' દ્વારા 'પ્રિવેન્શન બાય ડિઝાઇન' નામનો એક મહત્વપૂર્ણ રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો છે. આ રિપોર્ટમાં બાળકોના ડિજિટલ સ્પેસને સુરક્ષિત બનાવવા અને શાળાઓમાં સ્માર્ટફોન પર રાષ્ટ્રીય સ્તરે પ્રતિબંધ મૂકવાની સ્પષ્ટ ભલામણ કરવામાં આવી છે.આ રિપોર્ટ સંયુક્ત રાષ્ટ્ર મહાસભા (યુએનજીએ)ની એક સહ-ઇવેન્ટ દરમિયાન લોન્ચ કરવામાં આવ્યો હતો. આ ઇવેન્ટનું આયોજન 'એથેના ઈન્ફોનોમિક્સ' અને 'જસ્ટ રાઇટ્સ ફોર ચિલ્ડ્રન' (જેઆરસી) દ્વારા કરવામાં આવ્યું હતું. ઇવેન્ટનું શીર્ષક હતું 'બાળકો માટે જવાબદાર એઆઈ અને સુરક્ષિત ડિજિટલ સ્પેસ'. આ અભ્યાસમાં ૪૦ થી વધુ દેશોમાં ડિજિટલ મીડિયાના નિયમોનું અને ૧૧૦ દેશોમાં શાળાઓમાં સ્માર્ટફોન અંગેની નીતિઓનું ઊંડાણપૂર્વક વિશ્લેષણ કરવામાં આવ્યું છે. અભ્યાસનું એક મહત્વપૂર્ણ નિષ્કર્ષ એ છે કે બાળ સુરક્ષા હવે ફક્ત પ્લેટફોર્મ્સના સ્વ-નિયમનનો વિષય નથી રહ્યો, પરંતુ તે રાજ્યની બંધનકર્તા કાનૂની જવાબદારી બની ગઈ છે.આ રિપોર્ટમાં બાળકોની સુરક્ષા માટે પાંચ સ્તંભના માળખાંનું સૂચન કરવામાં આવ્યું છે. પ્રથમ સ્તંભ અનુસાર, ૧૫ વર્ષથી નાના બાળકો માટે સોશિયલ મીડિયા એકાઉન્ટ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવો જોઈએ અને ૧૫ થી ૧૬ વર્ષના બાળકો માટે વાલીની સંમતિ અનિવાર્ય બનાવવી જોઈએ. બીજા સ્તંભમાં લક્ષિત જાહેરાતો માટે સગીરોના પ્રોફાઇલિંગ પર રોક લગાવવાની અને ઇન્ફિનિટ સ્ક્રોલિંગ જેવી આદત બનાવતી ફીચર્સ બંધ કરવાની ભલામણ કરવામાં આવી છે. ત્રીજા સ્તંભમાં પ્રાઇવસી જળવાય તેવી એજ-વેરિફિકેશન સિસ્ટમ હોવી જોઈએ, જે ફક્ત ઉંમર દર્શાવે અને ડેટા સંગ્રહ ન કરે. ચોથા સ્તંભમાં એક સ્વતંત્ર ઓનલાઈન સેફ્ટી રેગ્યુલેટર હોવો જોઈએ, જે નિયમોના ઉલ્લંઘન પર કંપનીઓને ભારે નાણાકીય દંડ કરે. પાંચમા સ્તંભમાં નીતિ નિર્ધારણમાં બાળકોનો સમાવેશ કરવો અને ડિજિટલ સાક્ષરતા વધારવી જોઈએ.આ રિપોર્ટનો સૌથી મહત્વપૂર્ણ મુદ્દો એ છે કે શાળાઓમાં સ્માર્ટફોન પર રાષ્ટ્રીય સ્તરે કોઈ પણ છૂટછાટ વિનાનો કડક પ્રતિબંધ મૂકવો જોઈએ.



# ૨૩-હરભાઈ : શ્રદ્ધાંજલિના સુર

- "જેને જે કહેવું હોય તે કહે! આજે નહીં તો આવતીકાલે મારા મૃત્યુ પછી પણ લોકો મારા આ કાર્યની સચ્ચાઈ જરૂર સમજશે."
- "ઓ જગતના લોકો! તમારાં બાળકોને સાચવજો."
- તેમના શૈક્ષણિક અને વૈચારિક વારસાના સાતત્યને જીવંત રાખવું એ જ તેમને સાચી અંજલિ છે.

**ભાવનગર ૩૦૦**

\- બળદેવસિંહ ગોહિલ

પગરવ પરિવર્તનનો: ઘરઆંગણેથી શરૂઆત: "રસોડાના કામમાં મને મદદ કરતા કોઈ જોઈ જશે તો લોકો શું કહેશે?" પત્ની સંતોકબહેનની આ ભીતિ સામે હરભાઈનો પ્રત્યુત્તર અત્યંત મક્કમ હતો: "જેને જે કહેવું હોય તે કહે! આજે નહીં તો આવતીકાલે મારા મૃત્યુ પછી પણ લોકો મારા આ કાર્યની સચ્ચાઈ જરૂર સમજશે. મેં હંમેશાં મારા અંતરાત્માના અવાજને વશ થઈને જ સઘળું કાર્ય પ્રેમ અને શ્રદ્ધાથી કર્યું છે."

નાની વયે લગ્નના બોજથી મૂંઝાતા પત્નીને સથવારો આપવાની હરભાઈની આ સહજ ચેષ્ટા માત્ર કૌટુંબિક સહયોગ નહોતો, પરંતુ લોકાપવાદની પરવા કર્યા વિના પોતાના સત્યને વળગી રહેવાની તેમની જીવનભરની સાધનાનું પ્રતિબિંબ હતી.

શૈક્ષણિક ક્રાંતિ અને મહાપુરુષો સાથેનો સંવાદ: ગૃહજીવનની આ ક્રાંતિ હરભાઈના શૈક્ષણિક પ્રયોગોમાં પણ વણાયેલી હતી. તત્કાલીન રૂઢિચુસ્ત સમાજ માટે તેમના વિચારો અત્યંત પ્રગતિશીલ અને આઘાતજનક હતા, જેને કારણે સમયસમય પર તેમને દિગ્ગજોના પ્રશ્નોનો સામનો કરવો પડ્યો: વિદ્યાર્થીઓને અપાતી અતિશય સ્વતંત્રતા અંગે ગિજુભાઈ બધેકાએ ચિંતા વ્યક્ત કરી. દક્ષિણામૂર્તિ સંસ્થામાં 'સહશિક્ષણ' (Co-education) દાખલ કરવા બદલ નાનાભાઈ ભટ્ટે પ્રશ્ન ઉઠાવ્યો. અને ખુદ ગાંધીજીએ તરુણ-તરુણીઓ સાથે કરાતી સહશિક્ષણ અને 'જાતીય શિક્ષણ'ની ચર્ચાઓ અંગે તેમને ચેતવ્યા.

આ તમામ મહાનુભાવો સામે હરભાઈએ વિવેકપૂર્ણ દૃઢતાથી જણાવ્યું: "લોકો શું કહેશે તેના ભયથી જો હું મારી વિચારધારા બદલી નાખું, તો હું કાયર અને ખોટો ઠરું. મને મારી કાર્યપદ્ધતિની સચ્ચાઈ અને મારા આત્મબળ પર પૂર્ણ શ્રદ્ધા છે."

મહાપ્રયાણ અને ઉત્તર-મૂલ્યાંકન : ૮૮ વર્ષનું દીર્ઘ આયુષ્ય મસ્તી અને મુનસફીથી જીવીને વિદાય લેનાર આ નિસ્પૃહી કેળવણીકારનું સાચું મૂલ્યાંકન સમાજે તેમની વિદાય બાદ જ કર્યું.

"હાથી જીવતાં લાખનો અને મરતાં સવા લાખનો" એ ન્યાયે, સૂર્યાસ્ત પછી જ જેમ પ્રકાશના મૂળ સ્ત્રોતની અનિવાર્યતા સમજાય છે, તેમ હરભાઈની ચિરવિદાય બાદ જ જગતને તેમના ક્રાંતિકારી પ્રયોગો, અનોખા જીવનમૂલ્યો અને પ્રગતિશીલ વ્યક્તિત્વની યથાર્થ વિશિષ્ટતા સમજાઈ હતી.

કેળવણીના મહર્ષિ શ્રી હરભાઈ ત્રિવેદી: એક વિરલ વ્યક્તિત્વનું સમગ્રતયા દર્શન: શ્રી હરભાઈ ત્રિવેદીના મંગલ અવસાન પશ્ચાત સમાજના વિવિધ વર્ગો, ચિંતકો અને કેળવણીકારો દ્વારા અર્પાયેલી શ્રદ્ધાંજલિઓ તેમના અસાધારણ વ્યક્તિત્વ, શૈક્ષણિક ક્રાંતિ અને ઉદાત્ત માનવતાવાદી અભિગમનો ચિતાર આપે છે. ગુજરાતના આ શિક્ષણજગતના મસિહાના જીવન, કાર્ય અને વિચારોનો સાતત્યપૂર્ણ સંક્ષેપ નીચે મુજબ છે:

૧. શૈક્ષણિક ક્રાંતિ અને નૂતન પ્રયોગો: ગુજરાતની શિક્ષણત્રિપુટી: નાનાભાઈ ભટ્ટ, ગિજુભાઈ બધેકા અને હરભાઈ ત્રિવેદીની ત્રિપુટીએ ગુજરાતમાં બાળકેળવણીનો સુવર્ણયુગ સર્જ્યો. તેઓ સાચા અર્થમાં 'બાળકોના બેલી' હતા.

મુક્ત અને વિદ્યાર્થીકેન્દ્રી શિક્ષણ (Paidocentric): હરભાઈએ પરંપરાગત બંધિયાર શિક્ષણના સ્થાને કુમારી હેલન પાર્કહર્સ્ટ પ્રબોધિત 'ડૉલ્ટન યોજના' સફળતાપૂર્વક અમલમાં મૂકી. તેમણે સમયપત્રક અને રૂઢિચુસ્ત વર્ગશિક્ષણના બંધનો ફગાવીને વિદ્યાર્થીઓને સ્વેચ્છાએ અને સ્વાનુભવથી વિકસવાની તક આપી.

પરીક્ષા પદ્ધતિમાં ધરમૂળથી સુધાર: ગુણાંક (Marks)ને બદલે ગ્રેડિંગ પદ્ધતિ (A, B, C, D) દાખલ કરીને તેમણે ગોખણપટ્ટી, પરીક્ષાના ભય અને ચોરી કરવાની વૃત્તિ પર જેહાદ જગાડી. સ્વીત્ઝર્લેન્ડના શિક્ષણશાસ્ત્રી ડૉ. પિયર બોવે પણ હરભાઈની આ પ્રયોગશીલતાથી પ્રભાવિત થયા હતા.

કળા અને સાહિત્યનું ગૌરવ: 'ઘરશાળા'માં સોમાલાલ શાહ, ખોડીદાસ પરમાર જેવા મૂર્ધન્ય કલાકારો અને પ્રહલાદ પારેખ જેવા વિખ્યાત સાહિત્યકારોને શિક્ષક પદે બેસાડીને તેમણે શિક્ષણને કળાલક્ષી અને રસપ્રદ બનાવ્યું.

૨. બાળમાનસશાસ્ત્ર અને સામાજિક સાહસ: મનોવિજ્ઞાનનો વિનિયોગ: જગવિખ્યાત મનોવૈજ્ઞાનિક સિગ્મન્ડ ફ્રોઈડની મનોવિશ્લેષણ વિચારધારાને સરળ ગુજરાતીમાં લાવી ગુજરાતમાં જાણીતી કરવાનો યશ હરભાઈને ફાળે જાય છે.

જાતીય શિક્ષણ (Sex Education) ના પ્રણેતા: જે જમાનામાં સેક્સ અંગે વાત કરવી એ ગુનો ગણાતો, ત્યારે તેમણે સાહસપૂર્વક તરુણો માટે 'કાનમાં કહું?' અને મા-બાપ માટે 'મૂઝવતું બાળક' જેવાં પુસ્તકો લખ્યાં. સમાજનો રોષ વહોરીને પણ તેમણે સ્ત્રી-પુરુષના નિર્ભેળ સંબંધોની અને સહ-શિક્ષણ (Co-education)ની મુક્ત હિમાયત કરી.

ઘર અને શાળાનું જોડાણ: તેમણે શિક્ષકમંડળો સ્થાપીને ઘર અને શાળાને એકબીજાના પૂરક બનાવવાનું દિશાસૂચક કાર્ય કર્યું.

૩. વહીવટી કુશળતા અને સંસ્થાકીય પ્રદાન: સંસ્થાઓના પ્રાણ: 'દક્ષિણામૂર્તિ' અને 'ઘરશાળા' (Home School) જેવાં સામયિકો અને સંસ્થાઓ દ્વારા તેમણે લોકશિક્ષણની ખુલ્લી યુનિવર્સિટી ચલાવી. અમદાવાદના મધ્યમ અને પછાત વિસ્તારોમાં 'સરસ્વતી વિદ્યામંડળ' દ્વારા શ્રેષ્ઠ શિક્ષણ સંસ્થાઓની ભેટ ધરી.

ઉચ્ચ શિક્ષણ અને તટસ્થતા: સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલનાયક તરીકે છાત્રાલય જીવનના સ્વાવલંબન અને નિર્મળતાના કાયદાઓ ઘડ્યા. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના મુખ્ય મથકની પસંદગી વખતે ભાવનગર તરફી હોવા છતાં તેમણે સંપૂર્ણ તટસ્થતા દાખવી આબુમાં નિર્ણય લીધો. ભાવનગર યુનિવર્સિટીની સ્થાપના અને તેના આધુનિક કેમ્પસના નિર્માણમાં પણ તેમનો સિંહફાળો હતો.

કુશળ વહીવટકર્તા: તેઓ અદ્ભુત યાદશક્તિ અને તીવ્ર વહીવટી કાબેલિયત ધરાવતા હતા. એક સાથે અનેક પ્રવૃત્તિઓ સંભાળવાની તેમની ક્ષમતા અજોડ હતી. લહિયા પાસે લખાણ લખાવતી વખતે ગમે તેવા વિક્ષેપ છતાં તેઓ અનુસંધાન ચૂક્યા વિના સચોટ લખાણ પૂરું કરતા.

૪. વ્યક્તિત્વ, સાદગી અને ઉદાત્ત જીવનમૂલ્યો: ભવ્ય વ્યક્તિત્વ અને પ્રસન્ન મુદ્રા: મજબૂત બાંધો, ઊંચું શરીર, શ્વેત ખાદીની ટોપી, ધોતી અને કફની—આ હરભાઈની ઓળખ હતી. સાત-આઠ વર્ષનું બાળક પણ તેમને 'હરભાઈ' કહીને સંબોધી શકતું. તેમની ઑફિસના દરવાજા બાળકો માટે સદા ખુલ્લા રહેતા.

અદમ્ય આશાવાદ અને ધૈર્ય: જીવનના અનેક સામાજિક કે અંગત ઝંઝાવાતો અને આપત્તિઓ વચ્ચે પણ તેઓ ક્યારેય ગુસ્સે થતા નહીં. વિરોધીઓ પ્રત્યે પણ અખૂટ સહિષ્ણુતા અને ક્ષમા રાખવી એ તેમનો સહજ સ્વભાવ હતો. તેમનો પંથ માત્ર 'શુદ્ધ માણસાઈ'નો હતો.

વાણી વૈભવ: સભા ગજવવાની અનોખી છટા હોવા છતાં, તેઓ પ્રવચનમાં ક્યારેય એક પણ અંગ્રેજી શબ્દ વાપરતા નહીં. તેમની વાણી સીધી હૈયામાંથી પ્રગટતી હતી.ઋષિતુલ્ય સાદગી: તેમના અવસાન બાદ તેમના ઓરડામાંથી કેવળ પુસ્તકો, ત્રણ જોડી ચશ્માં, ચાલવાની લાકડીઓ અને માત્ર ચાર જોડી સાદાં વસ્ત્રો જ મળ્યાં હતાં, જે તેમની અપરિગ્રહી અને પવિત્ર જીવનપદ્ધતિની સાક્ષી પૂરે છે.

શિશુવિહાર પત્રિકાના શબ્દોમાં કહીએ તો, તેઓ આત્મોન્નતિના થનગનતા શ્વેત અશ્વના અસવાર હતા, જે જગતને સોનેરી અક્ષરે એક મહામૂલો સંદેશ આપી ગયા છે: "ઓ જગતના લોકો! તમારાં બાળકોને સાચવજો." હરભાઈ આપણી વચ્ચે નથી, પણ તેમના આ શૈક્ષણિક અને વૈચારિક વારસાના સાતત્યને જીવંત રાખવું એ જ તેમને સાચી અંજલિ છે.

## કેવું જશે આપનું આવતું અઠવાડિયું






**મેષ - (અ, લ, ઈ) :-** ચંદ્ર રાશિ મુજબ શનિ બારમા ભાવમાં સ્થિત હોવાને કારણે, આમ તો આ અઠવાડિયે તમે પૂરા સમયે સ્ફૂર્તિથી ભરેલા રહેશો, છતાં પણ તમારે તમારા ભોજન પર ધ્યાન આપવું પડશે. એવામાં વાસી અને ભારે ભોજનથી બચો અને ભૂલથી પણ તમારું ભોજન ચૂકશો નહીં. સાથે જ જેટલું શક્ય હોય, વચ્ચે-વચ્ચે ફળોનું સેવન કરતા રહો. આ અઠવાડિયે તમને દરેક પ્રકારના તમારા રોકાણ અને તેનાથી જોડાયેલી તમામ ભવિષ્યની યોજનાઓને ગુપ્ત રાખવાની સૌથી વધુ જરૂર રહેશે. અન્યથા તમારી આ યોજનાઓનો કોઈ તમારું નજીકનું વ્યક્તિ ફાયદો ઉઠાવીને તમને આર્થિક નુકસાન પહોંચાડી શકે છે. સગા-સંબંધિઓ સાથેના તમારા સંબંધોને ફરીથી તાજા કરવામાં આ અઠવાડિયે તમને વિશેષ સફળતા મળશે. સાથે જ આ સમય ઘરગથ્થુ બાબતો અને લાંબા સમયથી પેન્ડિંગ પડેલા ઘરના કામકાજ માટે પણ સારો અઠવાડિયું સાબિત થશે. આ અઠવાડિયે તમને સૌથી વધુ તમારી લાગણીઓ પર કાબૂ રાખવાની સલાહ આપવામાં આવે છે. ચંદ્ર રાશિ મુજબ કેતુ ચોથા ભાવમાં સ્થિત હોવાને કારણે શક્ય છે કે આ અઠવાડિયે તમારામાં વિલાસિતા (ભૌતિક સુખ-સુવિધાઓ) પ્રત્યે આકર્ષણ વધે, જેના કારણે તમે તમારા કરિયર પ્રત્યે થોડા લાપરવાહ દેખાશો. આ રાશિના વિદ્યાર્થીઓને આ અઠવાડિયે શિક્ષણ ક્ષેત્રે લાંબા સમય પછી મનપસંદ પરિણામ મળી શકે છે.




**વૃષભ - (બ, વ, ઉ)** ચંદ્ર રાશિ મુજબ બૃહસ્પતિ (ગુરુ) ત્રીજા ભાવમાં સ્થિત હોવાને કારણે આ અઠવાડિયે ખરાબ સ્વાસ્થ્યને લીધે તમારામાં આત્મવિશ્વાસની કમી અનુભવાઈ શકે છે. પરંતુ જેવા તમે પરિસ્થિતિ પર કાબૂ મેળવવાનો પ્રયાસ શરૂ કરશો, તમારી બધી ગભરાટ ગાયબ થઈ જશે અને જલ્દી જ તમને જણાશે કે જેને તમે સમસ્યા સમજી રહ્યા હતા, તે ખરેખર તમારા મનનો ભ્રમ હતો. તેથી પોતાના પર વિશ્વાસ રાખો અને સતત પોતાના સ્વાસ્થ્ય પ્રત્યે સજાગ રહો. આ અઠવાડિયું આમ તો આર્થિક દ્રષ્ટિએ સારું જ રહેવાનું છે, પરંતુ છતાં પણ તમારે અત્યારે કોઈ પણ પ્રકારનું નાણાકીય રોકાણ કરવાથી બચવું જોઈએ. જોકે કોઈ કારણસર જો એવું કરવું શક્ય ન હોય તો, તમારા માટે ખૂબ સમજી-વિચારીને જ રોકાણ તરફ કદમ ઉઠાવવું જરૂરી રહેશે. આ અઠવાડિયે તમારે વ્યવહારિક વલણ અપનાવવાની જરૂર પડશે. આ માટે જો તમે કોઈ મુશ્કેલીમાં ફસાયેલા હોવ તો, બીજાઓ તરફથી મદદનો હાથ લંબાવવામાં આવે ત્યારે તેમની પાસેથી કોઈ ચમત્કારની અપેક્ષા રાખવાનું ટાળો. કારણ કે તમારે એ સમજવું પડશે કે બીજાઓ તમારી સાથે ઊભા છે, નહીં કે તમારી વજહથી તેઓ મુશ્કેલીમાં ફસાયા છે. નોકરીયાત લોકોને આ અઠવાડિયે કાર્યક્ષેત્ર પર ઘણી પ્રકારની પરેશાનીઓનો સામનો કરવો પડી શકે છે. કારણ કે શક્ય છે કે તમે ન ઇચ્છવા છતાં કોઈ એવી ભૂલ કરી બેસશો, જેના કારણે તમારે તમારા સિનિયર્સનો ઠપકો સાંભળવો પડી શકે છે. આ અઠવાડિયે અસંખ્ય ગ્રહોની કૃપાથી ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રમાં વિદ્યાર્થીઓને ખૂબ સારા પરિણામો મળશે.




**મિથુન - (ક, છ, ઘ) :-** આ અઠવાડિયે જો જરૂરી ન હોય તો વાહન ચલાવવાનું ટાળો. ખાસ કરીને રાત્રિના સમયે દરેક પ્રકારની યાત્રાથી બચો. અન્યથા તમને કોઈ પ્રકારનું શારીરિક કષ્ટ થવાની શક્યતા છે. ચંદ્ર રાશિ મુજબ શનિ દસમા ભાવમાં સ્થિત હોવાને કારણે તમારા આર્થિક નિર્ણયોમાં સુધારો આ અઠવાડિયે તમારા જીવનમાં સકારાત્મક અસર પાડી શકે છે અને આનાથી તમને ભૂતકાળના દરેક નુકસાનમાંથી બહાર આવવામાં પણ મદદ મળશે. જેનાથી ફરી એકવાર પરિસ્થિતિઓ પાટા પર આવતી જણાશે. આ અઠવાડિયે તમારા માતા-પિતા તમારા કોઈ કામને કારણે તમારા પર ગર્વ અનુભવશે. આનાથી પારિવારિક વાતાવરણમાં પણ શાંતિ આવશે અને તમને ઘરમાં એ સન્માન મળી શકશે, જેની તમે લાંબા સમયથી ઈચ્છા રાખતા હતા. ચંદ્ર રાશિ મુજબ બૃહસ્પતિ (ગુરુ) બીજા ભાવમાં સ્થિત હોવાને કારણે વેપાર સાથે જોડાયેલા તમારી રાશિના જાતકો માટે ગ્રહોની ગોચર સ્થિતિથી આ અઠવાડિયે કરિયરમાં પ્રગતિ કરવાના ઘણા શુભ અવસર મળવાના યોગ બનશે. જેના કારણે ભૂતકાળમાં જે સ્થિતિ બગડી હતી, તે આ દરમિયાન ફરી પાટા પર આવી જશે.




**કર્ક - (ડ, હ) :-** ચંદ્ર રાશિ મુજબ બૃહસ્પતિ (ગુરુ) પ્રથમ ભાવમાં સ્થિત હોવાને કારણે પોતાની જાતને સુધારવાનો તમારો પ્રયાસ ઘણી રીતે તમારા સ્વાસ્થ્ય જીવન પર સકારાત્મક અસર બતાવશે. જેના પરિણામે આ દરમિયાન તમે પોતાને વધુ સારા અને આત્મવિશ્વાસથી ભરેલા અનુભવશો. આ અઠવાડિયે કોઈ પૈતૃક સંપત્તિની ખરીદી કે વેચાણથી તમને સારો એવો ધન લાભ થવાના યોગ બનશે. જોકે ધ્યાન રાખો કે, દરેક નફાના સોદા પૂરા થતાં પહેલાં જ તેને અજાણ્યા લોકો સમક્ષ મૂકવો કે તેના વિશે જણાવવું તમારી બનતી ડીલને બગાડી શકે છે. તેથી અત્યારે એવું કંઈપણ કરવાનું ટાળો. આ અઠવાડિયે તમે તમારા પરિવારના સભ્યોના સ્વાસ્થ્યનું પૂરેપૂરું ધ્યાન રાખતા જોવા મળશો. એવામાં જો કોઈ પારિવારિક વિવાદ ચાલી રહ્યો હોય તો તે પણ આ દરમિયાન પૂરો થઈ શકશે, જેનાથી ઘરમાં તમને સ્વાદિષ્ટ ભોજન ખાવાની તક મળશે. આશંકા છે કે તમારા સહકર્મીઓ તમારું કામ અને તમારી પ્રગતિ જોઈને તમારી ઈર્ષ્યા કરી શકે છે. જેના કારણે તમને તેમનો સહયોગ મેળવવામાં મુશ્કેલી પડી શકે છે. આ અઠવાડિયે તમારા શિક્ષણમાં કેટલાક ફેરફારો આવશે અને જે લોકો ઉચ્ચ શિક્ષણ માટે વિદેશ જવા માગે છે, તેમની આ ઈચ્છા આ દરમિયાન પૂરી થઈ શકે છે.




**સિંહ - (મ, ટ) :-** જો તમે ઠંડા વિસ્તારોમાં રહો છો, તો આ અઠવાડિયે તમારે તમારા ખોરાકમાં ગરમ તાસીરવાળી વસ્તુઓનો સમાવેશ કરવો જોઈએ. આ માટે તમે સૂકા મેવાનું સેવન પણ કરી શકો છો. સાથે જ વધુ પડતી ધૂળવાળી જગ્યાઓ પર જવાનું ટાળો અને માત્ર ઘરની રસોઈ જ ખાવાનો આગ્રહ રાખો. ચંદ્ર રાશિ અનુસાર શનિ આઠમા ભાવમાં સ્થિત હોવાને કારણે, આ અઠવાડિયે લોકો તમારી લગન અને મહેનત પર ધ્યાન આપશે અને તેને લીધે તમને થોડો નાણાકીય લાભ મળવાની શક્યતા બનશે. ચંદ્ર રાશિ અનુસાર રાહુ સાતમા ભાવમાં સ્થિત હોવાને કારણે, આ દરમિયાન એ વાતની શક્યતા વધુ છે કે તમારો જીવનસાથી તમને આર્થિક મદદ કરીને કોઈ મુશ્કેલીમાંથી બહાર આવવામાં સહાય કરશે. આ અઠવાડિયે તમે તમારા પરિવાર પ્રત્યેની તમારી જવાબદારીઓને સમજીને પરિવારના સભ્યોની જરૂરિયાતોને પ્રાથમિકતા આપશો. એવામાં તમારા માટે એ જ યોગ્ય રહેશે કે તમે તેમના સુખ-દુઃખના ભાગીદાર બનો, જેથી તેમને અહેસાસ થાય કે તમે ખરેખર તેમની સંભાળ રાખો છો અને તેઓ તમારી સામે પોતાની વાતો મુક્તપણે રજૂ કરી શકે છે.




**કન્યા - (પ, ઠ, ણ) :-** ચંદ્ર રાશિ અનુસાર શનિ સાતમા ભાવમાં સ્થિત હોવાને કારણે, આ અઠવાડિયે ખરાબ સ્વાસ્થ્યને લીધે તમને તમારામાં આત્મવિશ્વાસની કમી અનુભવાઈ શકે છે. પરંતુ જેવો તમે પરિસ્થિતિ પર કાબૂ મેળવવાનો પ્રયાસ શરૂ કરશો, તમારી બધી ગભરાટ ગાયબ થઈ જશે અને જલ્દી જ તમને જણાશે કે જેને તમે સમસ્યા સમજી રહ્યા હતા, તે ખરેખર તમારા મનનો ભ્રમ હતો. તેથી પોતાના પર વિશ્વાસ રાખો અને સતત પોતાના સ્વાસ્થ્ય પ્રત્યે સજાગ રહો. આ અઠવાડિયે આર્થિક ખેંચતાણ (તંગી) ને કારણે તમારું કોઈ મહત્વપૂર્ણ કામ વચ્ચે જ અટકી શકે છે. જેના કારણે તમને મોટું નુકસાન થવાની શક્યતા છે. એવામાં જો શક્ય હોય તો કોઈ બેંક અથવા કોઈ નજીકના વ્યક્તિ પાસેથી આર્થિક મદદ લઈને તમારા અધૂરા પડેલા કામને પૂરું કરો. તમે અવારનવાર ઘરગથ્થુ જવાબદારીઓથી દૂર ભાગતા જોવા મળો છો, પરંતુ આ અઠવાડિયે એવું કરવું તમારા માટે ખૂબ મુશ્કેલ બની શકે છે. કારણ કે કોઈપણ ભોગે આ દરમિયાન તમે ઘરની જવાબદારીઓમાંથી છટકી નહીં શકો, જેનાથી તમને પરેશાની થઈ શકે છે. આ અઠવાડિયે કાર્યક્ષેત્રમાં તમે તમારા કામમાં પ્રગતિ જોશો. જેના કારણે તમારી કુશળતા જોઈને અન્ય સહકર્મીઓ પણ તમારી પ્રશંસા કરશે અને તમારી સલાહ લેતા જોવા મળશે.




**તુલા - (ર, ત) :-** ચંદ્ર રાશિ અનુસાર રાહુ પાંચમા ભાવમાં સ્થિત હોવાને કારણે, આ અઠવાડિયે તમારું સ્વાસ્થ્ય તમારા પોતાના હાથમાં જ રહેશે. તેથી તમારી માનસિક સ્થિતિને સુધારવા માટે, આ દરમિયાન નિયમિતપણે ધ્યાન અને યોગનો અભ્યાસ કરો તથા વાસી ભોજનથી બચો. આ સમયે તમારા માટે શારીરિક પ્રવૃત્તિઓમાં ભાગ લેવો પણ ઘણો ફાયદાકારક રહેશે. આ અઠવાડિયે તમે વિપરીત લિંગની વ્યક્તિ પ્રત્યે વધુ આકર્ષણ અનુભવશો. આ માટે શક્ય છે કે તમે તેમને પ્રભાવિત કરવા માટે જરૂર કરતાં વધુ ખર્ચ કરવામાં પણ અચકાશો નહીં. જેનાથી તમને નુકસાન થઈ શકે છે. તેથી કોઈના પર પણ વિચાર્યા વગર મહેનતની કમાણી વેડફવી, આ અઠવાડિયે તમારા માટે ખોટનો સોદો સાબિત થઈ શકે છે. અન્યોના પ્રયાસોમાં અકારણ ખામીઓ કાઢવાની તમારી ટેવ, આ અઠવાડિયે પરિવારના કેટલાક સભ્યો સાથે તમારો ઝઘડો કરાવી શકે છે. તેથી તમારી આ આદતમાં ફેરફાર લાવો અને બીજાના કામની પ્રશંસા કરો, નહીં કે તેમના કામમાં ખામીઓ શોધો. આ સમયે તમારે મોટી મોટી ડીંગો માર્યા વગર, તમારા લક્ષ્યો તરફ શાંતિપૂર્વક આગળ વધતા રહેવાની જરૂર પડશે. એવામાં ધ્યાન રાખો કે કોઈના પર પણ આંખ બંધ કરીને વિશ્વાસ ન કરો અને સફળતા મળતા પહેલાં દરેક વ્યક્તિ સામે તમારા પત્તા ન ખોલો.




**વૃશ્ચિક - (ન, ય) :-** માનસિક શાંતિ માટે કોઈ દાન-પુણ્યના કામમાં સહભાગી બનો. આ માટે તમે સામાજિક ધર્મ-કર્મના કાર્યોમાં ઉત્સાહભેર ભાગ લઈ શકો છો. કારણ કે આનાથી તમને માનસિક શાંતિની સાથે સાથે સમાજમાં પણ તમારી એક અલગ ઓળખ ઊભી કરવામાં મદદ મળશે. ચંદ્ર રાશિ અનુસાર બૃહસ્પતિ (ગુરુ) નવમા ભાવમાં સ્થિત હોવાને કારણે, આ અઠવાડિયે કાર્યક્ષેત્ર પર તમને તમારા વરિષ્ઠ અધિકારીઓ તરફથી યોગ્ય પ્રશંસા અને પ્રમોશન (પદોન્નતિ) મળી શકશે. આ કારણે તમારી આવકમાં વધારો થવાથી તમે સારા પૈસા કમાશો. પરંતુ આ દરમિયાન તમારા ખર્ચમાં થયેલો વધારો તમારી બચતને વધુ મુશ્કેલ બનાવી દેશે. એવામાં તમારા ખુલ્લા હાથ (અનિયંત્રિત ખર્ચ) પર કાબૂ રાખીને તમારા બેંક બેલેન્સને વધારવા તરફ જ તમારા પ્રયાસો ઝડપી બનાવો. ચંદ્ર રાશિ અનુસાર રાહુ ચોથા ભાવમાં સ્થિત હોવાને કારણે, શક્ય છે કે આ અઠવાડિયે તમે ઘરગથ્થુ વસ્તુઓની ખરીદી કરવા બહાર જાઓ, પરંતુ તમે બિનજરૂરી વસ્તુઓ પર વધુ ખર્ચ કરીને પોતાના માટે ઘણી આર્થિક મુશ્કેલીઓ ઊભી કરી શકો છો.




**ધન - (ભ, ધ, ફ, ઢ) :-** ચંદ્ર રાશિ અનુસાર બૃહસ્પતિ (ગુરુ) આઠમા ભાવમાં સ્થિત હોવાને કારણે, સ્વાસ્થ્યના દ્રષ્ટિકોણથી આ અઠવાડિયું થોડું ઓછું સારું રહેશે. તેથી તમે જે પણ ખાઓ તેના પ્રત્યે સાવધ રહો, અને જેટલું શક્ય હોય તેટલું વધુ મસાલેદાર ખોરાક ખાવાનું ટાળીને, તમારી દિનચર્યામાં યોગ અને વ્યાયામનો સહારો લો. જો તમે સમજદારીથી કામ લેશો, તો આ અઠવાડિયે તમે વધારાના પૈસા કમાઈ શકો છો. જોકે આ માટે તમારે યોગ્ય રણનીતિ બનાવવાની અને તે મુજબ કામ કરવાની જરૂર પડશે. આ અઠવાડિયે તમારા આર્થિક જીવનમાં ચાલી રહેલી તંગી, પરિવારમાં તમને બીજાઓ સામે શરમાવી શકે છે. કારણ કે શક્ય છે કે ઘરનો કોઈ સભ્ય તમારી પાસે કોઈ વસ્તુ કે પૈસાની માંગ કરે, જેને પૂરી કરવામાં તમે અસમર્થ રહો. ચંદ્ર રાશિ અનુસાર રાહુ ત્રીજા ભાવમાં સ્થિત હોવાને કારણે, આ રાશિના જે જાતકો ભાગીદારીમાં ધંધો કરે છે, તેમને આ દરમિયાન ભૂતકાળના દરેક પ્રકારના નુકસાનમાંથી બહાર આવવામાં મદદ મળશે. કારણ કે આ સમય તમારા કરિયર માટે ખૂબ જ સારો સાબિત થશે, જેનાથી તમે તમારા વ્યવસાયના વિસ્તરણ માટે અસંખ્ય મોટી હસ્તીઓને મળીને યોગ્ય યોજના બનાવતા જોવા મળશો. ધ્યાન એ શ્રેષ્ઠ માનસિક ઔષધિ છે જે તમારી તાર્કિક ક્ષમતાને આશ્ચર્યજનક રીતે વધારી શકે છે.




**મકર - (ખ, જ) :-** આ અઠવાડિયે તમે તમારા સારા સ્વાસ્થ્યના કારણે એ લોકોને ખોટા સાબિત કરી દેશો, જેઓ વિચારતા હતા કે તમે નવું શીખવા માટે ખૂબ ઉંમરલાયક થઈ ગયા છો. કારણ કે તમારામાં ઉત્સાહ અને જોશ આ સમયે ભરપૂર માત્રામાં હશે, જેના કારણે તમે તમારા તીક્ષ્ણ અને સક્રિય મગજથી કંઈપણ સરળતાથી શીખવામાં સક્ષમ બનશો. ચંદ્ર રાશિ અનુસાર બૃહસ્પતિ (ગુરુ) સાતમા ભાવમાં સ્થિત હોવાને કારણે, અગાઉના અનુમાન મુજબ આ અઠવાડિયે તમારી આર્થિક સ્થિતિમાં ઘણો સુધારો થશે. કારણ કે આ સમયે તમે તમારી સંપત્તિ દરેક રીતે બચાવવામાં (સંચય કરવામાં) સફળ થશો. આ દરમિયાન શક્યતા એ પણ છે કે, તમારે તમારા આર્થિક પક્ષને મજબૂત કરવા માટે કેટલાક મોટા નિર્ણયો પણ લેવા પડશે. તેથી દરેક નિર્ણય લેતી વખતે ઉતાવળ ન કરો અને ધીરજપૂર્વક, અત્યંત સમજદારી બતાવીને કોઈપણ નિર્ણય પર પહોંચો. આ અઠવાડિયે તમે તમારા પરિવાર પ્રત્યેની તમારી જવાબદારીઓને સમજીને પરિવારના સભ્યોની જરૂરિયાતોને પ્રાથમિકતા આપશો. એવામાં તમારા માટે એ જ યોગ્ય રહેશે કે તમે તેમના સુખ-દુઃખના ભાગીદાર બનો, જેથી તેમને અહેસાસ થાય કે તમે ખરેખર તેમની સંભાળ રાખો છો અને તેઓ તમારી સામે પોતાની વાતો મુક્તપણે રજૂ કરી શકે છે.




**કુંભ - (ગ, શ, ષ, સ) :-** આ અઠવાડિયે તમારે તમારી વ્યસ્ત જિંદગીમાંથી થોડી ક્ષણો કાઢીને આરામ કરવાની અને નજીકના મિત્રો તથા પરિવાર સાથે ખુશીની થોડી પળો વિતાવવાની જરૂર છે. કારણ કે આનાથી તમારા સ્વાસ્થ્ય જીવન પર સકારાત્મક અસર પડવાની શક્યતા વધતી જોવા મળશે. ચંદ્ર રાશિ અનુસાર બૃહસ્પતિ (ગુરુ) છઠ્ઠા ભાવમાં સ્થિત હોવાને કારણે, આ અઠવાડિયે નાણાકીય બાબતોમાં ગતિ જાળવી રાખવા માટે તમારે ઓછી મહેનત પછી પણ સારો નફો મળી શકશે. કારણ કે આ દરમિયાન ગ્રહોની સ્થિતિ દર્શાવે છે કે તમારા અણધાર્યા ખર્ચાઓ ખૂબ ઓછા થશે, જેનાથી તમે તમારું નાણું નોંધપાત્ર રીતે બચાવવામાં સફળ રહેશો. આ અઠવાડિયે જરૂર પડવા પર જ્યારે પણ તમે પોતાને એકલા અનુભવશો, ત્યારે તમારા માતા-પિતા તમને તેમના આશીર્વાદ આપીને તમારું મનોબળ વધારવાનું કામ કરશે. આનાથી તમારું પારિવારિક જીવન સુચારુ રૂપે ચાલતું રહેશે. ચંદ્ર રાશિ અનુસાર શનિ બીજા ભાવમાં સ્થિત હોવાને કારણે, આ અઠવાડિયે કરિયરમાં તમને મનવાંછિત પરિણામ મળવાની પૂરી આશા છે. પરંતુ આ માટે તમારે તમારી રચનાત્મક ક્ષમતા વધારવાની જરૂર પડશે. તમારી રાશિના જે વિદ્યાર્થીઓ કોઈ સ્પર્ધાત્મક પરીક્ષામાં બેસી રહ્યા છે અને તેમાં સફળતા મેળવવા માગે છે, તો તેમને આ દરમિયાન પોતાના સાહસ અને આત્મવિશ્વાસના બળે ભરપૂર સફળતા મળી શકશે.




**મીન - (દ, ચ, ઝ, થ) :-** સવારે યોગ અને વ્યાયામ જેવા જે કામો તમે ઈચ્છવા છતાં પણ કરી શકતા નહોતા, તેને તમે આ અઠવાડિયે રાત્રિના ભોજન પછી થોડો સમય ફાળવીને પૂરા કરવાનું વિચારી શકો છો. જોકે આ માટે તમારે તમારી ઓફિસેથી કામ પતતા જ સમયસર નીકળવાની જરૂર પડશે. જેથી તમે સમયસર રાત્રિનું ભોજન કરીને ઘરની બહાર થોડું ચાલીને તેને પચાવી શકો. તેથી આ દિશામાં તમારે તમારા પ્રયાસો કરવાની સૌથી વધુ જરૂર રહેશે. ચંદ્ર રાશિ અનુસાર રાહુ બારમા ભાવમાં સ્થિત હોવાને કારણે, આ અઠવાડિયે તમારે દારૂ-સિગારેટ જેવી વસ્તુઓ પર તમારા પૈસા ખર્ચવાથી બચવું પડશે. અન્યથા એવું કરવું તમારા સ્વાસ્થ્યને તો બગાડશે જ, સાથે જ આનાથી તમારી આર્થિક સ્થિતિ પણ બગડતી જોવા મળશે. આ અઠવાડિયે તમે તમારા જૂના મિત્રો કે નજીકના લોકોને તમારી મહેફિલમાં આમંત્રણ આપી શકો છો. કારણ કે તમારી પાસે આ દરમિયાન વધારાની ઊર્જા હશે, જે તમને કોઈ પાર્ટી કે કાર્યક્રમનું આયોજન કરવા માટે પ્રેરિત કરશે. જોકે આવું કંઈપણ કરતા પહેલા તમારા ઘરના લોકો સાથે વિચાર-વિમર્શ અવશ્ય કરો. જો તમે કોઈ રોકાણ કરવાનું વિચારી રહ્યા હતા, તો આ અઠવાડિયે તમારે આવું કંઈપણ કરવાથી બચવું પડશે. કારણ કે આ સમય કાર્યસ્થળ પર શીખવા માટે સારો છે, તેથી રોકાણ કરવા માટે હજી વધુ રાહ જુઓ.

# ભગવાન ભોળાનાથની કૃપા માટેનું ઉત્તમ સ્તોત્ર : રુદ્રાષ્ટકમ્

ભગવાન શિવ ભક્તોનું કલ્યાણ કરવા માટે હંમેશા તત્પર છે, મનુષ્ય શ્રદ્ધા સાથે ભગવાન શિવની ભક્તિ કરે તો શ્રીશંકર ભક્ત ઉપર અનુગ્રહ કરે છે. ભગવાન શિવની આરાધના માટે ઘણા મંત્ર, કીર્તન, સ્તવન છે. ઈશ્વર કૃપા માટેના સ્તવનમાં રુદ્રાષ્ટકમ્ મુખ્ય ગણવામાં આવે છે. ગૌસ્વામી તુલસીદાસજી રચિત આ અષ્ટકમાં ભગવાન શિવની સ્તુતિ કરીને તેમની કૃપા માટે પ્રાર્થના કરવામાં આવી છે. આ અષ્ટકનો પાઠ કરનાર સાધકનું ભગવ શિવ શત્રુથી રક્ષણ કરે છે. સંસ્કૃતમાં લખાયેલ રુદ્રાષ્ટકમ્ અહી ગુજરાતી અર્થ સાથે રજૂ કર્યું છે.

**નમામીશમીશાન નિર્વાણરૂપં વિભું વ્યાપકં બ્રહ્મવેદસ્વરૂપમ્।**
**નિજં નિર્ગુણં નિર્વિકલ્પં નિરીહં ચિદાકાશમાકાશવાસં ભજેડહમ્ ૧**

**નિરાકારમોંકારમૂલં તુરીયંગિરાજ્ઞાનગોતીતમીશં ગિરીશમ્।**
**કરાલં મહાકાલકાલં કૃપાલુંગુણાગારસંસારપારં નતોડહમ્ ૨**

**તુષારાદ્રિસંકાશગૌરં ગભીરં મનોભૂતકોટિપ્રભાસી શરીરમ્।**
**સ્ફુરન્મૌલિકલ્લોલિની ચારુગંગા લસદ્ભાલબાલેંદુ કંઠે ભુજંગમ્ ૩**

**ચલત્કુંડલં શુભ્રનેત્રં વિશાલં પ્રસન્નાનનં નીલકંઠં દયાલુમ્।**
**મૃગાધીશચર્માંબરં મુંડમાલં પ્રિયં શંકરં સર્વનાથં ભજામિ ૪**

**પ્રચંડં પ્રકૃષ્ટં પ્રગલ્ભં પરેશં અખંડં ભજે ભાનુકોટિપ્રકાશમ્।**
**ત્રયીશૂલનિર્મૂલનં શૂલપાણિં ભજેડહં ભવાનીપતિં ભાવગમ્યમ્ ૫**

**કલાતીતકલ્યાણકલ્પાંતકારી સદાસજ્જનાનંદદાતા પુરારી।**
**ચિદાનંદસંદોહમોહાપહારી પ્રસીદ પ્રસીદ પ્રભો મન્મથારી ૬**

**ન યાવદુમાનાથપાદારવિંદં ભજંતીહ લોકે પરે વા નરાણામ્।**
**ન તાવત્સુખં શાંતિ સંતાપનાશં પ્રસીદ પ્રભો સર્વભૂતાધિવાસમ્ ૭**

**ન જાનામિ યોગં જપં નૈવ પૂજાં નતોડહં સદા સર્વદા દેવ તુભ્યમ્।**
**જરાજન્મદુઃખૌઘતાતપ્યમાનં પ્રભો પાહિ શાપાન્નમામીશ શંભો ૮**

**રુદ્રાષ્ટકમિદં પ્રોક્તં વિપ્રેણ હરતુષ્ટયે।**
**યે પઠંતિ નરા ભક્ત્યા તેષાં શંભુઃ પ્રસીદતિ ૯**

**ઈતિ શ્રીરામચરિતમાનસે ઉત્તરકાંડે શ્રીગોસ્વામિતુલસીદાસકૃતં**
**શ્રીરુદ્રાષ્ટકં સંપૂર્ણમ્**

### ગુજરાતી અનુવાદ

હે ઈશાન, હે નિર્વાણ ( મોક્ષ ) સ્વરૂપ, વિભુ, બ્રહ્મ અને વેદ સ્વરૂપ, વ્યાપક એવા શિવ હું આપને નમસ્કાર કરું છું. માયાથી રહિત, નિજ સ્વરૂપમાં સ્થિત, નિર્ગુણ, નિર્વિકલ્પ, ઈચ્છા રહિત, ચેતન આકાશરૂપ અને આકાશરૂપી વસ્ત્ર ધારણ કરનાર ( દિગમ્બર - આકાશની માફક વ્યાપક ) આપને હું પ્રણામ કરું છું.

હે નિરાકાર, ૐકારના મૂળ, તુરીય ( ત્રણ ગુણોથી રહિત ), વાણી અને જ્ઞાનથી પર, કૈલાસપતિ, વિકરાળ, મહાકાળના પણ કાળ, કૃપાળુ, ગુણોના ધામ, સંસારથી પર એવા પરમાત્માને હું નમસ્કાર કરું છું.

જે હિમાલય જેવા શ્વેત અને ગંભીર છે, જેમનું શરીર કરોડો કામદેવની જ્યોતિ અને શોભા સમાન છે, જેમના મસ્તક ઉપર કિલ્લોલ કરતી ગંગા બિરાજમાન છે, બીજનો ચંદ્રમાં છે અને ગળામાં સર્પ શોભાયમાન છે.

જેમણે કાનમાં કુંડળ ધારણ કર્યા છે, સુંદર ભ્રુકુટી અને વિશાળ નેત્રો છે, જેમનું મુખ પ્રસન્ન છે, નીલકંઠ અને દયાળુ છે, જેમણે મૃગચર્મ પહેર્યું છે અને મુંડમાળા ધારણ કરી છે એવા સર્વના પ્રિય અને સર્વના નાથ શ્રીશંકરને હું પ્રણામ કરું છું.

પ્રચંડ ( રુદ્ર ) રૂપ, શ્રેષ્ઠ, તેજસ્વી, પરમેશ્વર, અખંડ, અજન્મા, કરોડો સૂર્ય સમાન પ્રકાશવાળા, ત્રણ પ્રકારના દુઃખોને દૂર કરનાર, હાથમાં ત્રિશૂળ ધારણ કરનાર, માત્ર પ્રેમભાવથી જ પ્રાપ્ત થતા એવા શ્રી ભવાનીના પતિ શ્રી શંકરને હું પ્રણામ કરું છું.

કળાઓથી પર, કલ્યાણ સ્વરૂપ, કલ્પનો અંત ( પ્રલય ) કરનાર, સજ્જનોને આનંદ આપનાર, ત્રિપુરના શત્રુ, સચ્ચિદાનંદ, મોહને હરનાર હે શિવશંકર મારા ઉપર પ્રસન્ન થાઓ.

હે પાર્વતીના પતિ, જ્યાં સુધી મનુષ્ય આપના ચરણકમળોને નથી ભજતો ત્યાં સુધી તેને આલોક કે પરલોકમાં શાંતિ મળતી નથી, તેના સંતાપો નાશ પામતા નથી, સમસ્ત જીવોની અંદર નિવાસ કરતા હે પ્રભુ, આપ મારા ઉપર પ્રસન્ન થાઓ.

હે પરમાત્મા ! હું જપ, તપ કે પૂજા જાણતો નથી, છતાં સદા સર્વદા આપને નમન કરું છું. હે પ્રભુ, વૃદ્ધાવસ્થા, જન્મ અને મૃત્યુ જેવા દુઃખોના તાપથી તપતા મારી જેવા દુઃખીજનની દુઃખો થકી રક્ષા કરો. હે ઈશ્વર આપને હું પ્રણામ કરું છું.

ભગવાન રુદ્રનું આ અષ્ટક એ શ્રીશંકરની સ્તુતિ છે. જે મનુષ્ય શ્રદ્ધા અને ભક્તિથી આ અષ્ટકનું સ્તવન કરે છે તેની ઉપર શ્રીશંકર પ્રસન્ન થાય છે.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| મ | પ્રા | સા | ભા | અ | આ | શિ | અ | પ્ર | પ્ર | ળ | પ્ર |
| જી | હિ | ધ | તી | ણ | ઈ | ર | ણ | ડો | સા | મા | બા |
| બા | ણે | મા | ગ | રા | ર | જી | અ | ર | દ | દ | ર |
| વિ | દ | ગ | ળ | ર | આ | ધ | ણ | ર | ધ | ભો | બૂ |
| ભ | મા | બા | ર | જી | વા | મ | ળ | ફ | અ | ર | ધ |
| લ | મ | ભ | કી | બં | ર | આ | ર | દા | ણા | લ | ણ |
| સા | ર | રો | અ | ક | ત | જ | રી | ગ | વા | ડો | ઓ |
| સા | ળ | અ | બ | ક્રો | દ | ર | અ | અ | ળ | અં | ણ |
| ઇ | અ | પ્રા | મા | ણિ | ક | મા | રો | આ | કા | ક | કા |
| ગ | ઓ | ન | અ | બ | રા | બ | ર | ધ | ણે | એ | ર |
| કા | ર | ફ | ણિ | ડો | દ | અ | લી | ડી | ડી | ન | ભો |
| ભો | સા | બા | ર | સ | કુ | અ | ઇ | ન | સા | ળ | ઐ |

શબ્દ શોધો: **પ્રમાદ, પ્રસાદ, પ્રામાણિક, ફરજ, બરાબર, બાદબાકી, ભમરો, ભાતીગળ, ભોરલ, મહિમા**

# ભારતમાં ટ્રાફિકની જટિલ સમસ્યા : પડકારો અને ઉકેલ

**વાત અને વિચાર**

આજના સમયમાં ભારત ઝડપથી વિકાસ તરફ આગળ વધી રહ્યું છે. દેશના નાના-મોટા શહેરોનો વિસ્તાર વધી રહ્યો છે, પરંતુ આ વિકાસની સાથે એક વિકટ સમસ્યા પણ સામે આવી છે—ટ્રાફિકની વધતી જતી સમસ્યા. દરરોજ સવાર-સાંજ રસ્તાઓ પર વાહનોની લાંબી લાઈનો, હોર્નનો ઘોંઘાટ અને કલાકો સુધી જામમાં ફસાયેલા લોકો આપણી રોજિંદી જિંદગીનો ભાગ બની ગયા છે. આ સમસ્યા માત્ર સમયનો બગાડ નથી કરતી, પરંતુ દેશના અર્થતંત્ર અને નાગરિકોના સ્વાસ્થ્ય પર પણ ગંભીર અસર પહોંચાડે છે.

ટ્રાફિકની સમસ્યાના મુખ્ય પડકારો જોઈએ તો દેશમાં લોકોની માથાદીઠ આવક વધવાની સાથે લોકોમાં પોતાના અંગત વાહનો (ટૂ-વ્હીલર અને ફોર-વ્હીલર) ખરીદવાનું પ્રમાણ ખૂબ વધ્યું છે. રસ્તાઓની ક્ષમતા સામે વાહનોની સંખ્યા ઝડપથી વધી રહી છે. ઘણા શહેરોમાં સિટી બસ કે મેટ્રો જેવી જાહેર પરિવહન સેવાઓ પૂરતી પ્રમાણમાં અથવા કાર્યક્ષમ નથી. આથી લોકો પોતાના અંગત વાહનોનો ઉપયોગ કરવા મજબૂર બને છે.

સાંકડા રસ્તાઓ, યોગ્ય આયોજન વગરનું પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ખાડાવાળા રસ્તા અને ફ્લાયઓવર તેમજ બ્રિજનો અભાવ ટ્રાફિક જામનું મુખ્ય કારણ બને છે.

રોંગ સાઈડમાં વાહન ચલાવવું, ગમે ત્યાં વાહન પાર્ક કરી દેવું, ટ્રાફિક સિગ્નલ તોડવા અને લેન શિસ્ત ન જાળવવી જેવી લોકોની બેદરકારી ટ્રાફિકની સમસ્યાને વધુ ગંભીર બનાવે છે.

રસ્તા અને ફુટપાથ પર ફેરિયાઓ, ગેરકાયદેસર પાર્કિંગ અને દુકાનદારોનું અતિક્રમણ વાહનવ્યવહાર માટે જગ્યા ઘટાડી દે છે, જેથી પદયાત્રીઓને પણ રસ્તા પર ચાલવું પડે છે. આ સિવાય પણ અન્ય કારણો વધતી જતી ટ્રાફિકની સમસ્યા માટે જવાબદાર ગણી શકાય. ટ્રાફિક સમસ્યાના ઉકેલ માટેના ઉપાયો માટે પ્રયત્ન જરૂરી છે. જો લોકોને સસ્તા, ઝડપી અને આરામદાયક જાહેર પરિવહનના વિકલ્પો (જેમ કે બસ, મેટ્રો, લોકલ ટ્રેન) મળશે, તો તેઓ અંગત વાહનોનો ઉપયોગ ઘટાડશે.

**ભારતમાં ટ્રાફિકની સમસ્યા માત્ર સરકાર કે પોલીસની જવાબદારી નથી, પરંતુ દરેક નાગરિકની પણ ફરજ છે. જ્યારે સરકાર આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ટેકનોલોજીનો ઉપયોગ કરશે અને નાગરિકો ટ્રાફિકના નિયમોનું પ્રામાણિકતાથી પાલન કરશે, ત્યારે જ આપણે આપણા શહેરોને ટ્રાફિકમુક્ત અને સુરક્ષિત બનાવી શકીશું.**

ટેકનોલોજીનો ઉપયોગ કરીને સ્માર્ટ સિગ્નલ્સ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આધારિત ટ્રાફિક કેમેરા અને સેન્સર્સ દ્વારા વાહનોની અવરજવરને રીઅલ-ટાઈમમાં નિયંત્રિત કરી શકાય.



ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરનારા સામે કડક કાર્યવાહી થવી જોઈએ. સીસીટીવી કેમેરા દ્વારા ઈ-ચલાન પ્રક્રિયા વધુ કાર્યક્ષમ બનાવવી જોઈએ. રસ્તાઓને પહોળા કરવા, નવા બાયપાસ રોડ, ફ્લાયઓવર અને અંડરપાસનું નિર્માણ કરવું. આ ઉપરાંત પેડેસ્ટ્રિયન (પદયાત્રી) માટે અલગ ફુટપાથ અને સાયકલ ટ્રેક બનાવવા જોઈએ. ઓફિસે કે કામ પર જતા લોકો એક જ ગાડીમાં સાથે પ્રવાસ કરે તો રસ્તા પર વાહનોની સંખ્યા નોંધપાત્ર રીતે ઘટી શકે છે. શાળા-કોલેજો અને સમુદાય સ્તરે ટ્રાફિક શિસ્ત અને સુરક્ષા અંગે જાગરૂકતા અભિયાન ચલાવવા જોઈએ. આ ઉપરાંત અન્ય વ્યવહારુ ઉપાયો પણ અપનાવી શકાય જેથી કરીને ટ્રાફિક સમસ્યામાં ઘટાડો થાય. ભારતમાં ટ્રાફિકની સમસ્યા માત્ર સરકાર કે પોલીસની જવાબદારી નથી, પરંતુ દરેક નાગરિકની પણ ફરજ છે. જ્યારે સરકાર આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ટેકનોલોજીનો ઉપયોગ કરશે અને નાગરિકો ટ્રાફિકના નિયમોનું પ્રામાણિકતાથી પાલન કરશે, ત્યારે જ આપણે આપણા શહેરોને ટ્રાફિકમુક્ત અને સુરક્ષિત બનાવી શકીશું.

# પંજાબમાં સત્તા મેળવવા ભાજપનું પંચમુખી અભિયાન

**રાજકારણ**

પંજાબ વિધાનસભા ચૂંટણી માટે ભારતીય જનતા પાર્ટી એ રાજ્યમાં પોતાનો રાજકીય જનાધાર મજબૂત કરવા અને સત્તા મેળવવા માટે એક સુઆયોજિત અને આક્રમક



વ્યૂહરચના અમલમાં મૂકી છે. શિરોમણી અકાલી દળ સાથેનો વર્ષો જૂનો ગઠબંધન યુગ પૂરો થયા પછી, ભાજપ હવે રાજ્યની તમામ ૧૧૭ બેઠકો પર સ્વતંત્ર રીતે ચૂંટણી લડવાના અને પોતાના બળે પગપેસારો કરવાના એજન્ડા સાથે આગળ વધી રહી છે.

પંજાબમાં ભાજપના મુખ્ય એજન્ડામાં 'નશા મુક્ત પંજાબ' ઝુંબેશ અને જનસંપર્ક મુખ્ય છે. પંજાબમાં સૌથી ગંભીર ગણાતી નશીલા પદાર્થો (ડ્રગ્સ) ની સમસ્યાને ભાજપે પોતાનો મુખ્ય ચૂંટણી મુદ્દો બનાવ્યો છે.

નશા મુક્તિ યાત્રાઃ ભાજપે રાજ્યના તમામ ૧૧૭ વિધાનસભા મતક્ષેત્રમાં અને આશરે ૪,૦૦૦ કિલોમીટરના વિસ્તારમાં 'નશા મુક્ત પંજાબ યાત્રા' નું આયોજન કરીને ગ્રામીણ અને શહેરી વિસ્તારો સુધી પહોંચવાનું શરૂ કર્યું છે.

આમ આદમી પાર્ટીની સરકાર સામે ડ્રગ્સની નાબૂદીમાં નિષ્ફળ રહેવાના આક્ષેપો મૂકીને ભાજપ પંજાબને નશામુક્ત બનાવવાનું વચન આપી રહી છે.

બીજો મુદ્દો છે શીખ સમુદાય અને ગ્રામીણ વિસ્તારો સુધી પહોંચ, પંજાબમાં સફળ થવા માટે શીખ સમુદાય અને ખેડૂતોનું સમર્થન અત્યંત મહત્વપૂર્ણ છે. ભાજપે આ માટે વિશેષ પ્રયાસો હાથ ધર્યા છે. આ ઉપરાંત વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સરકારે 'વીર બાળ દિવસ'ની ઉજવણી, કરતારપુર સાહેબ કોરિડોરનું નિર્માણ અને ૧૯૮૪ના રમખાણોના પીડિતો માટે કરેલા કાર્યોને જનતા સમક્ષ રજૂ કરવામાં આવી રહ્યા છે.

ખેડૂત નેતાઓ અને ગ્રામીણ જોડાણઃ કિસાન આંદોલન બાદ ઊભી થયેલી નારાજગી દૂર કરવા માટે ભાજપ ગ્રામીણ પંજાબમાં સીધો સંપર્ક સાધી રહી છે અને કૃષિ ક્ષેત્રે કેન્દ્ર સરકારની યોજનાઓ પહોંચાડી રહી છે.

સમાજના તમામ વર્ગોને જોડવા માટે ભાજપે 'સમરસતા સંકલ્પ અભિયાન' શરૂ કર્યું છે. ગુરુ રવિદાસજીના સામાજિક સમાનતા અને શાંતિના સંદેશને આગળ ધરીને પંજાબના દલિત અને પછાત વર્ગના મતદારો સુધી પહોંચવાની આ વ્યૂહરચનાનો ભાગ છે.

ભાજપ પંજાબમાં બૂથ સ્તર સુધી પોતાનું સંગઠન મજબૂત કરી રહી છે. દરેક બૂથ પર સક્રિય કાર્યકરોની ટીમ તૈયાર કરીને માઈક્રો-મેનેજમેન્ટ પર ધ્યાન આપવામાં આવી રહ્યું છે. કોંગ્રેસ, છછઁ અને અકાલી દળના અનુભવી અને પ્રભાવશાળી નેતાઓને પક્ષમાં સામેલ કરીને ભાજપ પંજાબના વિવિધ પ્રદેશો (જેમ કે માળવા, માઝા અને દોઆબા) માં પોતાનો જનાધાર મજબૂત કરી રહી છે.

**ભાજપ પંજાબમાં માત્ર એક વિરોધ પક્ષ તરીકે નહીં, પરંતુ AAP અને કોંગ્રેસના મજબૂત વિકલ્પ તરીકે ઉભરી આવવા માટે પોતાના સંગઠનાત્મક બળ અને રાષ્ટ્રીય એજન્ડા સાથે આગળ વધી રહ્યો છે.**

પંજાબમાં ચૂંટણી પ્રચાર અને સંગઠનને વેગ આપવા માટે ભાજપે અનુભવી નેતાઓને જવાબદારી સોંપી છે, જેમાં સંગઠનાત્મક અનુભવ, સ્થાનિક પ્રભાવ અને વિરોધી પક્ષોની વ્યૂહરચનાને સમજી શકે તેવા નેતાઓનો સમાવેશ થાય છે. ભાજપ પંજાબમાં માત્ર એક વિરોધ પક્ષ તરીકે નહીં, પરંતુ છછઁ અને કોંગ્રેસના મજબૂત વિકલ્પ તરીકે ઉભરી આવવા માટે પોતાના સંગઠનાત્મક બળ અને રાષ્ટ્રીય એજન્ડા સાથે આગળ વધી રહી છે.

# મેરઠનો બ્લુ ડ્રમ હત્યા કાંડ : પત્ની અને પ્રેમીએ ભેગા મળી સૌરભના દેહના ટુકડા કરી નાખ્યા

**ક્રાઈમ સ્ટોરી**

મેરઠના સૌરભ રસ્તોગીને મારી નાખવા માટે, તેની પત્ની મુસ્કાન અને સાહિલે તેની હત્યા કરવાનું અને પોતાને બચાવવા માટે તેના શરીરનો નિકાલ કરવાનું ઘૃણાસ્પદ કાવતરું ઘડ્યું. તેમણે છરી અને રેઝરનો ઉપયોગ કરીને તેની ગરદન અને કાંડા તેના ધડથી કાપી નાખ્યા. શરૂઆતમાં તેઓ શરીરના ભાગોને એક મોટા બ્રીફકેસમાં મૂકીને તેનો નિકાલ કરવાનો ઈરાદો ધરાવતા હતા, પરંતુ જ્યારે તેઓ નિષ્ફળ ગયા, ત્યારે તેમણે શરીરને વાદળી ડ્રમમાં છુપાવી દીધું. ડીજીપી કૃષ્ણ કુમાર ચૌબેએ જણાવ્યું હતું કે કોર્ટમાં સાક્ષીઓના નિવેદનોથી જાણવા મળ્યું છે કે આરોપીઓએ હત્યા પછી શરીરનો નિકાલ કરવાનું કાવતરું ઘડ્યું હતું. ત્યારબાદ તેઓ બધાને કહેતા હતા કે સૌરભ લંડન પાછો ફર્યો છે. શરીરને બ્રીફકેસમાં યોગ્ય રીતે સંગ્રહિત કરવામાં આવશે તે ડરથી, તેઓએ પાછળથી તેને ડ્રમમાં છુપાવવાનું કાવતરું ઘડ્યું.

બ્રહ્મપુરી પોલીસ સ્ટેશનના તપાસ અધિકારીઓ, ઈન્સ્પેક્ટર રમાકાંત પચૌરી અને સબ-ઈન્સ્પેક્ટર ઉપેન્દ્ર કુમારને આપેલા નિવેદનોમાં, આરોપીઓએ તેમના ગુનાઓ કબૂલાત કર્યા. તેઓએ તેમને કહ્યું કે લંડનથી પાછા ફર્યા પછી સૌરભ તેમના સંબંધોમાં અવરોધ બની ગયો હતો. તેથી, તેઓએ તેને ખતમ કરવા માટે તેની હત્યા કરી.

આરોપીઓએ સૌપ્રથમ રેઝર અને છરીનો ઉપયોગ કરીને સૌરભનું માથું ધડથી સંપૂર્ણપણે કાપી નાખ્યું. પછી, તેઓએ બંને કાંડા કાપી નાખ્યા. શરીરને દુર્ગંધ મારવાથી બચાવવા માટે, તેઓએ બજારમાંથી એક મોટો વાદળી પ્લાસ્ટિક ડ્રમ, સિમેન્ટ, રેતી અને ધૂળ ખરીદી. તેમણે શરીરના ભાગોને પોલિથીનમાં લપેટી, ડ્રમ પર સિમેન્ટ અને ધૂળનું મિશ્રણ રેડ્યું અને તેને સીલ કરી દીધું.

સૌરભનું પોસ્ટમોર્ટમ કરનાર વરિષ્ઠ ચિકિત્સક ડૉ. દિનેશ સિંહ ચૌહાણે કોર્ટમાં આપેલા પોતાના નિવેદનમાં જણાવ્યું હતું કે સૌરભના મૃત્યુનું કારણ તેની ગરદન અને શરીર પર તીક્ષ્ણ હથિયારથી લાગેલા ઊંડા ઘા હતા. તેનું મૃત્યુ આઘાત અને વધુ પડતા રક્તસ્ત્રાવથી થયું હતું. મૃતકની ગરદન આખા ભાગમાં કાપી નાખવામાં આવી હતી, શ્વાસનળી, સ્નાયુઓ અને મુખ્ય રક્તવાહિનીઓ કાપી નાખવામાં આવી હતી, જેના કારણે માથું કાપી નાખવામાં આવ્યું હતું. બંને કાંડા પણ ધડથી અલગ કરવામાં આવ્યા હતા. જોકે, શરીર વિઘટનના અદ્યતન તબક્કામાં હતું. સિમેન્ટ, રેતી અને ધૂળના ભારે સંચયને કારણે, તે બાહ્ય જંતુઓથી મુક્ત હતું. વધુમાં, બાહ્ય સડો હોવા છતાં, શરીરના આંતરિક નરમ અંગો, જેમ કે લીવર, કિડની અને આંતરડા, તેમની કુદરતી અને ઓળખી શકાય તેવી સ્થિતિમાં હતા. પેટમાં કોઈ ઘન ખોરાક મળ્યો ન હતો; ફક્ત ૧૦૦ મિલી અર્ધ-પ્રવાહી પદાર્થ હાજર હતો.

બુધવારે, મેરઠ જિલ્લા અને સત્ર ન્યાયાધીશની કોર્ટે સૌરભ રાજપૂતની પત્ની મુસ્કાન રસ્તોગી અને તેના પ્રેમી સાહિલ શુક્લાને તેની હત્યાના આરોપી તરીકે દોષિત ઠેરવ્યા હતા. કોર્ટે પોતાનો ચુકાદો અનામત રાખ્યો છે. સજા ૧૪ ઓક્ટોબરે જાહેર કરવામાં આવશે. હત્યાના આરોપી મુસ્કાન અને સાહિલ જિલ્લા જેલમાંથી વિડીયો કોન્ફરન્સિંગ દ્વારા હાજર થયા હતા. કોર્ટનો ચુકાદો સાંભળ્યા પછી, બંને રડતા રડતા તેમના બેરેકમાં પાછા ફર્યા. બ્લુ ડ્રમ ઘટનાને કારણે આ હત્યા કેસ દેશભરમાં ચર્ચામાં આવ્યો છે.

**મેરઠમાં પ્રેમમાં આંધળા બનેલા યુગલે ક્રૂરતાની હદ વટાવી, સૌરભને બેભાન બનાવ્યા બાદ છરી અને રેઝર વડે ગરદન અને બન્ને હાથના કાંડા કાપી નાખ્યા બાદ મૃતદેહના નિકાલનો કારસો ઘડ્યો**

ઈન્દિરાનગરના રહેવાસી સૌરભ રાજપૂતે ૨૦૧૬ માં બ્રહ્મપુરીની રહેવાસી મુસ્કાન રસ્તોગી સાથે લગ્ન કર્યા હતા. સૌરભ લંડનમાં કામ કરતો હતો, અને તેની પત્ની મુસ્કાન મેરઠમાં રહેતી હતી. આ સમય દરમિયાન, મુસ્કાનના તેના જૂના મિત્ર સાહિલ શુક્લા સાથે ગાઢ સંબંધો વિકસી ગયા. ૨૪ ફેબ્રુઆરી, ૨૦૨૫ ના રોજ, સૌરભ તેની છ વર્ષની પુત્રી અને પત્ની મુસ્કાનના જન્મદિવસની ઉજવણી કરવા લંડનથી ઘરે પાછો ફર્યો. તેમના સંબંધોમાં ભંગાણને કારણે, મુસ્કાન અને તેના પ્રેમી સાહિલ શુક્લાએ ૩ માર્ચ, ૨૦૨૫ ના રોજ રાત્રે સૌરભની હત્યા કરી. તેને મારતા પહેલા, મુસ્કાન સૌરભના ખોરાકમાં શામક દવાઓ ભેળવી દીધી. જ્યારે સૌરભ બેભાન થઈ ગયો, ત્યારે મુસ્કાનએ તેના પ્રેમી સાહિલને ઘરે બોલાવ્યો. સાથે મળીને, તેઓએ સૌરભની રેઝર અને છરીથી હત્યા કરી. મૃતદેહના ટુકડા કર્યા પછી અને તેને વાદળી ડ્રમમાં ભરીને, મુસ્કાન તેના પ્રેમી સાથે પ્રવાસ પર ગઈ. પોલીસે ૧૯ માર્ચ, ૨૦૨૫ ના રોજ મુસ્કાન અને સાહિલની તેમના ઘરેથી ધરપકડ કરી. ૧૨ મે, ૨૦૨૫ ના રોજ, પોલીસે કોર્ટમાં લગભગ ૧,૦૦૦ પાનાની ચાર્જશીટ દાખલ કરી. સૌરભની હત્યા કર્યા પછી પુરાવાનો નાશ કરવા માટે મુસ્કાન અને સાહિલે જે પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો તેની દેશભરમાં ચર્ચા થઈ હતી. હત્યા પછી, બંને માણસોએ સૌરભનું માથું તેના શરીરથી અલગ કરી દીધું અને તેના કાંડા કાપી નાખ્યા. ત્યારબાદ તેઓએ બજારમાંથી વાદળી પ્લાસ્ટિકનો મોટો ડ્રમ, સિમેન્ટ, રેતી અને ધૂળ ખરીદી.



તેમણે સૌરભના શરીરના કાપેલા ટુકડા પોલીથીનમાં લપેટીને વાદળી ડ્રમમાં મૂક્યા. દુર્ગંધ અટકાવવા માટે, તેઓએ ડ્રમ પર સિમેન્ટ અને ધૂળનું ભારે મિશ્રણ રેડ્યું અને તેને સીલ કરી દીધું. ગુનો કર્યા પછી, બંને માણસો પોલીસ અને પરિવારને ગેરમાર્ગે દોરવા માટે શિમલા અને મનાલીની યાત્રા પર ગયા. કેસની ગંભીરતાને ધ્યાનમાં રાખીને, કોર્ટે લગભગ ૧૨૫ તારીખે બંને પક્ષના વકીલોની દલીલો સાંભળી. આ સમયગાળા દરમિયાન, ૨૨ સાક્ષીઓએ તેમના નિવેદનો નોંધ્યા. સાક્ષીઓના અભાવ અને મિલકતના વિવાદમાં ફસાયેલા હોવા અંગે બચાવ પક્ષની દલીલોને અવગણીને, કોર્ટે સાક્ષીઓના નિવેદનો, ઈલેક્ટ્રોનિક અને પરિસ્થિતિગત પુરાવાઓના આધારે બંને પુરુષોને હત્યાનો દોષી ઠેરવ્યા. પોલીસ તપાસ અને તબીબી પુરાવા ફરિયાદ પક્ષ માટે નિર્ણાયક સાબિત થયા.

# મેડિકલ માફિયા અને ભેળસેળિયાને છોડશું નહીં : પાનસેરિયા

## સદભાવના વૃધ્ધાશ્રમ દ્વારા નવી લેબોટરીના ઉદ્ઘાટન પ્રસંગે આવેલ મંત્રીની કડક ચેતવણી





રાજકોટ

રાજકોટમાં સદભાવના ટ્રસ્ટ દ્વારા નજીવા દરે રિપોર્ટ કરતી લેબોરેટરી શરૂ કરવામાં આવી છે. લોકાર્પણ પ્રસંગે રાજ્યમંત્રી પ્રફુલ પાનસેરીયાએ મેડિકલ માફિયા અને ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ કરનારા તત્વો સામે આકરું વલણ અપનાવ્યું છે. રાજકોટમાં દર્દીઓની સેવા કાજે હંમેશા અગ્રેસર રહેતા સુપ્રસિદ્ધ સદભાવના ટ્રસ્ટ દ્વારા વધુ એક મોટું લોકકલ્યાણકારી પગલું ભરવામાં આવ્યું છે. ટ્રસ્ટ દ્વારા આજથી અત્યાધુનિક લેબોરેટરીનો વિધિવત પ્રારંભ કરવામાં આવ્યો છે. આ લેબોરેટરી શરૂ થતાં સામાન્ય અને મધ્યમવર્ગીય પરિવારોને મોંઘાદાટ રિપોર્ટ્સ હવે તદ્દન નજીવા દરે ઉપલબ્ધ બનશે, જેની સાથે જ દર્દીઓને લૂંટતા ખાનગી મેડિકલ માફિયા અને લે-ભાગુ તત્વોના નેટવર્ક પર સીધો મોટો પ્રહાર થયો છે.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત રાજયના મંત્રી પ્રફુલભાઈ પાનસેરીયાએ ખાનગી હોસ્પિટલોની મનમાની, આડોળાઈ અને જોહુકમી સામે ખુલ્લેઆમ પ્રહારો કર્યા હતા. તેમણે કડક શબ્દોમાં જણાવ્યું કે, મેડિકલ ક્ષેત્રે આંગળીના વેઢે ગણાય તેવા કેટલાક બદમાશો દર્દીઓને લૂંટી રહ્યા છે, તેમને અમે સીધા દોર કરી રહ્યા છીએ. ગત વર્ષે પણ ગેરરીતિ આચરતી ૬ ખાનગી હોસ્પિટલો સામે કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવી હતી.

ખાદ્ય પદાર્થોમાં ચાલતી મિલાવટ સામે આક્રોશ વ્યક્ત કરતા મંત્રીએ ભેળસેળિયા વેપારીઓને ખુલ્લી ચેતવણી આપી હતી. લોકોના આરોગ્ય સાથે ચેડાં કરનારા આવા તત્વો સામાન્ય ગુનેગાર નથી પરંતુ 'અસામાજિક તત્વોથી પણ ઉપરનું વર્ઝન' એટલે કે ખતરનાક માફિયા છે.છેલ્લા ૮ દિવસમાં એક પણ દિવસ એવો નથી ગયો કે સરકારે ભેળસેળિયાઓ પર દરોડા પાડી તવાઈ ન બોલાવી હોય. અગાઉ ખુલ્લેઆમ વેચાતા હાનિકારક એનાલોગ પનીરના વેપાર પર સરકારે સપાટો બોલાવ્યો છે.મંત્રીએ નાગરિકોને પણ જાગૃત બનવા હાકલ કરી હતી કે માત્ર થોડા રૂપિયા બચાવવા માટે બજારમાંથી અતિશય સસ્તી ડેરી પ્રોડક્ટ્સ ન ખરીદે, કારણ કે તેમાં જીવલેણ કેમિકલ હોવાની પૂરી શક્યતા રહે છે.

# ગાંધી જયંતિના દિને ખાદી ખરીદી: સ્વદેશીને પ્રોત્સાહન



ગાંધીજીના જન્મદિને મહાત્માને પ્રિય ખાદી જે ગ્રામીણ કક્ષાએ પણ રોજગારી આપે છે અને સ્વદેશીને વેગ આપે છે તેની ખાસ આજથી ગાંધી જયંતિના દિનથી શરૂ થયેલી ખાસ વળતર યોજનાનો લાભ લેવા માટે આજે ત્રિકોણબાગ ખાતે ખાદી ભંડારમાં રાજયના મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયા, સાંસદ પરસોતમ રૂપાલા, જાહેર ભાજપ પ્રમુખ શ્રી માધવ દવે, ધારાસભ્યો, ભાજપ અગ્રણીઓ પહોંચ્યા હતા. ખાદી હવે આધુનિક તથા ફેશન સ્ટેટમેન્ટ પણ બની છે. જેમાં સૌ મહાનુભાવોએ પોતાની મનપસંદ ખરીદી કરીને ગાંધીજીના વિચારોની સાથે ગ્રામ્ય રોજગારી તથા સ્વાલેખનના યજ્ઞને પ્રોત્સાહીત કર્યા હતા.

# સિવિલમાં આરોગ્ય મંત્રીની અચાનક મુલાકાતથી દોડધામ



રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે રાજયના આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયા દ્વારા કોઈ પણ પૂર્વ સૂચના વિના અચાનક મુલાકાત લેવામાં આવતા સમગ્ર હોસ્પિટલ તંત્રમાં ભારે દોડધામ મચી જવા પામી હતી. આરોગ્ય મંત્રીએ ઓચિંતા આવી પહોંચીને હોસ્પિટલના ઓપીડી, ઈમરજન્સી વિભાગ, દવાની બારીઓ અને વિવિધ વોર્ડની ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી.

દર્દીઓને પડતી મુશ્કેલીઓ અને સ્વચ્છતાની વાસ્તવિક સ્થિતિનો તાગ મેળવવા માટે તેમણે ખાસ કરીને હોસ્પિટલના યુરિનલ અને ટોઈલેટ બ્લોક્સની પણ જાત તપાસ કરી હતી. આ ચેકિંગ દરમિયાન ટોઈલેટ બ્લોક્સમાં અને હોસ્પિટલ પરિસરમાં જ્યાં પણ ગંદકી કે સ્વચ્છતાનો અભાવ જોવા મળ્યો, ત્યાં તેમણે સખત નારાજગી વ્યક્ત કરી હતી. મંત્રીએ દર્દીઓ અને તેમના સગાઓ સાથે વાતચીત કરીને મળતી સારવાર અને દવાઓ અંગે સીધો સંવાદ કર્યો હતો. સાફ-સફાઈ અને દર્દીઓની સુવિધામાં કોઈ પણ પ્રકારની બેદરકારી ન ચલાવી લેવાની કડક ચેતવણી આપીને તેમણે જવાબદાર અધિકારીઓને તાત્કાલિક યોગ્ય વ્યવસ્થા કરવા સૂચના આપી હતી. મંત્રીના આ સરપ્રાઈઝ ચેકિંગથી ફરજ પરના કર્મચારીઓમાં ફફડાટ વ્યાપી ગયો હતો અને સમગ્ર હોસ્પિટલ પ્રશાસન તાકીદે એલર્ટ મોડ પર આવી ગયું હતું.

# નરેશભાઈ પટેલ સહિત ૭ મહાનુભાવોની 'ગાંધી એવોર્ડ' માટે પસંદગી






## આગામી જનરલ બોર્ડમાં સન્માન કરાશે : ગાંધી ધુન કાર્યક્રમ યોજાયો : નાગરિકોને સ્વચ્છતા અભિયાનમાં ભાગીદાર બનવા સાંસદ રૂપાલાનો અનુરોધ

રાજકોટ, તા.૨:શહેરના ઐતિહાસિક સ્થળ એવા મહાત્મા ગાંધી મ્યુઝિયમની મુલાકાત લઈ, પૂજય મહાત્મા ગાંધીજીના જીવનના આદર્શો, જીવનચરિત્રો લોકો પોતાના જીવનમાં અમલમાં મુકે તે હેતુસર મહાનગરપાલિકા અને પ્રવાસન નિગમના સયુંકત ઉપક્રમે આજે તા. ૨ઓક્ટોબર ગાંધી જયંતિ નિમિતે મહાત્મા ગાંધી મ્યુઝિયમ ખાતે સવારે ગાંધી ધૂન કાર્યક્રમ યોજાયો હતો. જેનું દીપ પ્રાગટય સાંસદ પરસોત્તમભાઈ રૂપાલા તથા પદાધિકારીઓએ કર્યુ હતું.કાર્યક્રમમાં પ્રાસંગિક ઉદ્દબોધન કરતા મેયરશ્રી ડો.નેહલ શુક્લએ જણાવ્યું હતુ કે, દર વર્ષે મહાનગરપાલિકા ગાંધી એવોર્ડની જાહેરાત કરવામાં આવતી હોય છે. આજે જે લોકોના નામ ગાંધી એવોર્ડ માટે જાહેર કરવામાં આવે છે. આજ આવા સાત આગેવાનોના નામ જાહેર કરાતા મહાનગરપાલિકાની જનરલ બોર્ડમાં એવોર્ડ આપી સન્માન કરવામાં આવશે.સાંસદ પરસોત્તમભાઈ રૂપાલાએ જણાવ્યું હતું કે, મહાત્મા ગાંધીજી જ્યાં પણ જતા, ત્યાં તેમની વાતની શરૂઆત વૈષ્ણવ જન તો તેને કહીએ, જે પીડ પરાઈ જાણે રે... જેવા ભજનથી થતી હતી. નરસિંહ મહેતાનું આ ભજન માત્ર એક ભજન નથી, પરંતુ માનવતાની ભાવનાને વ્યક્ત કરતું જીવનદર્શન છે. ગાંધીજીએ દેશને સત્ય, અહિંસા, સેવા અને સ્વચ્છતાનો સંદેશ આપ્યો હતો.આજે નાના બાળકો પણ નાસ્તો કર્યા બાદ તેનું ખાલી પેકેટ રસ્તા પર ન ફેંકીને ડસ્ટબિનમાં નાખવાની જવાબદારી સમજી રહ્યા છે. ચૂંટાયેલા લોકો પણ સામેલ થયા છે. સૌ નાગરિકે સ્વચ્છ રાજકોટ માટે ભાગીદારી નોંધાવવી જોઈએ.

### બોર્ડમાં મહાનુભાવોના સન્માન કરાશે

આજે જે લોકોના નામ ગાંધી એવોર્ડ માટે જાહેર કરવામાં આવ્યા છે તેમને મહાનગરપાલિકાની જનરલ બોર્ડમાં એવોર્ડ આપી સન્માન કરવામાં આવશે. તેમના નામ આ મુજબ છે.

(૧) સામાજિક શ્રેષ્ઠી નરેશભાઈ પટેલ,
(૨) સમાજ શ્રેષ્ઠી દાતા તરીકે મૌલેશભાઈ ઉકાણી,
(૩) ઉદ્યોગ દાતા રામભાઈ મોકરિયા,
(૪) સેવાકીય સંસ્થા તરીકે નિયો ફાઉન્ડેશન,
(૫) સહકાર ક્ષેત્રે દિનેશભાઈ પાઠક,
(૬) નારીરત્ન ઈન્દિરાબેન શીંગાળા,
(૭) કલા ક્ષેત્રે તેજશભાઈ શીશાંગિયા,

કાર્યક્રમમાં શાબ્દિક સ્વાગત પ્રવચન સ્ટે.ચેરમેન પરેશભાઈ પીપળીયાએ અને સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન મનીષભાઈ ભટ્ટએ આભાર વિધિ કરી હતી. આજે ૧૨ વર્ષ સુધીના બાળકોને મ્યુઝીયમમાં નિઃશુલ્ક પ્રવેશ આપવામાં આવ્યો હતો.આ ગાંધી ધૂન કાર્યક્રમમાં સુપ્રસિધ્ધ કલાકાર ઋષભ આહીર અને તેની ટીમ દ્વારા ઉપસ્થિત મેદનીને ગીત અને ધૂન ગાઈને સંગીતથી તરબોળ કરી હતી. આ પ્રસંગે ધારાસભ્યો ભાનુબેન બાબરિયા અને ડો. દર્શિતાબેન શાહ, ડે.મેયર દક્ષાબેન વસાણી, શાસક પક્ષ નેતા ડો. હિરેનભાઈ ખીમાણિયા, દંડક સંજયસિંહ રાણા, ડીસીપી હેતલ પટેલ, કર્મચારીઓ, અધિકારીઓ, નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# ગાંધી જયંતી પર રાજકોટ રેલ્વે ડિવિઝનમાં સ્વચ્છતા હી સેવા-૨૦૨૬ અભિયાનનું સમાપન

## સવારે પ્રભાતફેરી યોજાઈ : ૫૩ સ્ટેશનો પરથી ૧૭૪૫ મેટ્રીક ટન કચરો એકત્ર કરાયો : ૧૨ સફાઈ મિત્રોનું સન્માન

રાજકોટ

રાજકોટ ડિવિઝનમાં 'સ્વચ્છતા હી સેવા-૨૦૨૬' અભિયાનનું ગાંધી જયંતીના અવસરે ૨ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ સફળ સમાપન થયું. આ વર્ષે અભિયાનની થીમ 'સ્વચ્છતામાં સહભાગીતા; સ્વચ્છ ભારત, વિકસિત ભારત' રહી હતી. ૧૭ સપ્ટેમ્બરથી ૨ ઓક્ટોબર ૨૦૨૬ સુધી ચાલેલા અભિયાન અંતર્ગત રાજકોટ ડિવિઝનના ૫૩ નાના-મોટા સ્ટેશનો, જેમાં રાજકોટ, ભક્તિનગર, સુરેન્દ્રનગર, વાંકાનેર, જામનગર, હાપા, ખંભાળિયા, દ્વારકા અને ઓખા સહિતના મુખ્ય સ્ટેશનો સામેલ છે, ત્યાં સ્વચ્છતા, જનજાગૃતિ, કચરા વ્યવસ્થાપન, પર્યાવરણ સંરક્ષણ તેમજ સફાઈ મિત્રોના કલ્યાણ સંબંધિત વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.




અભિયાનના સમાપન પ્રસંગે ૨ ઓક્ટોબરના રોજ સવારે ૭ વાગ્યે 'સ્વચ્છ રેલ-સ્વચ્છ ભારત'ના સંદેશ સાથે પ્રભાત ફેરી યોજવામાં આવી હતી. સામાન્ય અને ભંડાર વિભાગ દ્વારા આયોજિત આ પ્રભાત ફેરીમાં ડિવિઝનલ રેલવે મેનેજર (ઙ્ઘઈસ), રાજકોટ, ગિરિરાજ કુમાર મીનાના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ વિવિધ વિભાગોના શાખા અધિકારીઓ, રેલવે કર્મચારીઓ, રેલવે સુરક્ષા બળ (ઈંદ્બ), ભારત સ્કાઉટ્સ અને ગાઈડ્સ તેમજ સિવિલ ડિફેન્સના સભ્યોએ સક્રિય ભાગીદારી નોંધાવી હતી.

અભિયાન દરમિયાન રાજકોટ ડિવિઝનને ૭૫૦ સ્વચ્છતા લક્ષ્ય એકમો (ઝ્રક્ષીટ્ઠહઙ્મૈહીજજ્ ્ટ્ઠઙ્ખિીં ેંહૈં-ઝ્રેંજ)નો લક્ષ્યાંક આપવામાં આવ્યો હતો. જેની સામે ૭૯૪ ઝ્રેંજ પૂર્ણ કરવામાં આવ્યા હતા અને નિર્ધારિત અંતિમ તારીખ ૨ ઓક્ટોબર પહેલાં જ ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ તમામ ઝ્રેંજને જીઁઁજી પોર્ટલ પર બંધ કરી દેવામાં આવ્યા હતા. અભિયાન હેઠળ ૪૮ સ્ટેશનો, ૧૩૧ સ્ટેશન શૌચાલયો તેમજ ૧૧૦ કોચ શૌચાલયોમાં વિશેષ સફાઈ પ્રવૃત્તિઓ હાથ ધરાઈ હતી. આ ઉપરાંત ૧૦૧ ઝ્રેંજનો કાયાકલ્પ અને ૩૨ સ્થળોનું સૌંદર્યીકરણ કરવામાં આવ્યું હતું. સમગ્ર અભિયાન દરમિયાન કુલ ૧૭.૨૪૫ મેટ્રિક ટન કચરો એકત્રિત કરવામાં આવ્યો હતો, જેમાં ૮.૭૪૧ મેટ્રિક ટન સૂકો કચરો, ૮.૪૯૨ મેટ્રિક ટન ભીનો કચરો અને ૦.૦૧૨ મેટ્રિક ટન સેનિટરી કચરો સામેલ છે

# એલપીજી વિતરકો દ્વારા કમિશન વધારા અને E-KYCના વળતર માટે આંદોલન

## વિતરકોનાં કમિશનમાં ૪ વર્ષથી કોઈ વધારો નહીં : હોમ ડિલિવરી ચાર્જ પણ પોસાતો નથી : અનેકવિધ પ્રશ્નો પરત્વે એલપીજી ડિસ્ટ્રિબ્યુરો હવે લડતનાં માર્ગે

રાજકોટ

એલપીજી વિતરકોના લાંબા સમયથી પડતર પ્રશ્નોને લઈને આજે રાજકોટની ઠાકર હોટલ ખાતે રાષ્ટ્રીય કક્ષાની મહત્વની બેઠક મળી. બેઠકમાં આઈઓસીએલ, બીપીસીએલ અને એચપીસીએલના રાષ્ટ્રીય એસોસિએશનના હોદ્દેદારો, ગુજરાત એસોસિએશનના કારોબારી સભ્યો તથા રાજ્યના વિવિધ વિસ્તારોમાંથી આશરે ૨૦૦ જેટલા વિતરકો હાજર રહ્યા. સૌરાષ્ટ્ર સહિત ગુજરાત ભરની ગેસ એજન્સીઓના પ્રતિનિધિઓએ પોતાના પ્રશ્નો અને સૂચનો રજૂ કર્યા.

બેઠકમાં એલપીજી ડિસ્ટ્રિબ્યુટર એસોસિએશન ઈન્ડિયાના રાષ્ટ્રીય અધ્યક્ષ બી. એસ. શર્મા, નાયબ અધ્યક્ષ કે. કે. ધનોત્રયા, ગુજરાતના પ્રમુખ રાજેન્દ્રકુમાર રાઠોડ, રાષ્ટ્રીય કારોબારી સભ્ય સુરેશભાઈ પરમાર અને ઝોનલ અધ્યક્ષ કમલસિંહ તોમર સહિતના હોદ્દેદારો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.વિતરકોએ જણાવ્યું કે છેલ્લા ચાર વર્ષથી કમિશનમાં વધારો થયો નથી, જ્યારે વિતરણ ખર્ચ અને ઓપરેશનલ ખર્ચ સતત વધ્યો છે. અમુક વિતરકો માટે આ વ્યવસાયથી ઘર ચલાવવું પણ મુશ્કેલ બન્યું છે. તેમણે વહીવટી ચાર્જ અને હોમ ડિલિવરી ચાર્જમાં તાત્કાલિક રૂ. ૭૫નો વધારો તથા ડી નોવો સ્ટડીની ભલામણો મુજબ યોગ્ય સુધારાની માંગ કરી.

બેઠકમાં ચાર મુખ્ય માંગણીઓ મૂકવામાં આવી. પહેલી, કમિશનમાં તાત્કાલિક વધારો. બીજી, ઓએમસી દ્વારા વિતરકો મારફતે થતા દરેક ઈ-કેવાયસી માટે રૂ. ૨૩૬નું વળતર, કારણ કે ગ્રાહકોના ઈ-કેવાયસીમાં વહીવટી ખર્ચ અને મહેનત વિતરકોના ભાગે આવે છે.ત્રીજી, પીએનજી અંગે યોગ્ય નીતિ, જેમાં ગ્રાહકો પર એક જ વિકલ્પ લાદવામાં ન આવે અને જરૂરિયાત તથા પસંદગી મુજબ એલપીજીનો વિકલ્પ ખુલ્લો રહે. ચોથી, નવા ઘરગથ્થુ એલપીજી કનેક્શન અંગેની અનિશ્ચિતતા દૂર કરી, જ્યાં જરૂરી હોય ત્યાં નવી કનેક્શન પ્રક્રિયા ફરી શરૂ કરવી.

### ૨૬ ઓક્ટોબરે જંતર-મંતરે શાંતિપૂર્ણ ધરણા

પ્રશ્નોને રાષ્ટ્રીય સ્તરે રજૂ કરવા તા. ૨૬ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ નવી દિલ્હીના જંતર-મંતર પર વિશાળ શાંતિપૂર્ણ ધરણા અને વિરોધ કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમ માટે દેશભરમાંથી ૭,૫૦૦ જેટલી નોંધણી થઈ ચૂકી છે. ગુજરાતમાંથી કારોબારી સભ્યો સહિત આશરે ૨૦૦ વિતરકો જોડાશે. આગામી રણનીતિમાં રાષ્ટ્રીય પ્રેસ કોન્ફરન્સ, 'નો મની, નો ઈન્ડેન્ટ' કાર્યક્રમ અને જંતર-મંતર ધરણાનો સમાવેશ છે. ધરણા બાદ સરકાર અને તેલ કંપનીઓના પ્રતિસાદના આધારે આગળની સામૂહિક રણનીતિ નક્કી થશે. ઉકેલ ન આવે ત્યાં સુધી લડત ચાલુ રહેશે, એવું સંગઠને સ્પષ્ટ કર્યું. સંગઠને જણાવ્યું કે આ પ્રયાસ કોઈ વ્યક્તિ કે કંપની વિરુદ્ધ નથી. હેતુ વ્યવસાયની ટકાઉપણું, યોગ્ય વળતર, ગ્રાહકોને સતત સેવા અને વ્યવહારુ નીતિ માટે શાંતિપૂર્ણ રજૂઆત કરવાનો છે. ગુજરાતના વિતરકો એકતા સાથે રાષ્ટ્રીય કાર્યક્રમમાં જોડાશે.

# માતા કમાતી હોવા છતાં સાવકા પિતા બાળકની જવાબદારીમાંથી મુક્ત થઈ શકે નહીં: રાજકોટ કોર્ટનો મહત્વપૂર્ણ ચુકાદો

## લગ્ન સમયે સ્વીકારેલી પુત્રીનું વચગાળાનું ભરણપોષણ યથાવત રાખતી સેશન્સ કોર્ટ

રાજકોટ:રાજકોટની માનનીય ૧૦મી એડિશનલ સેશન્સ કોર્ટ દ્વારા અપીલમાં એક મહત્વપૂર્ણ અને સીમાચિહ્નરૂપ ચુકાદો આપવામાં આવ્યો છે. માનનીય કોર્ટે અપીલકર્તા પતિ દ્વારા દાખલ કરવામાં આવેલી અપીલ સંપૂર્ણપણે ના મંજૂર કરી છે અને નીચલી ટ્રાયલ કોર્ટ દ્વારા સગીર બાળકી માટે મંજૂર કરવામાં આવેલું રૂ. ૩,૫૦૦/- પ્રતિ માસનું વચગાળાનું ભરણપોષણ યથાવત રાખવાનો આદેશ કર્યો છે.

આ કેસમાં સામાપક્ષે રહેલી પત્નીની અગાઉના લગ્નથી થયેલી સગીર પુત્રી પુનઃલગ્ન બાદ પતિ સાથે રહેતી હતી અને લગ્ન સમયે પતિએ બાળકીને પોતાની પુત્રી તરીકે સ્વીકારી હતી. પરંતુ પત્નીને શારીરિક અને માનસિક ત્રાસ આપી ઘરમાંથી કાઢી મૂકવામાં આવી હતી, જેથી પત્નીએ પતિ અને તેના પરિવાર વિરુદ્ધ કૌટુંબિક હિંસા (Domestic Violence) અંગેની ફરિયાદ કરી હતી. જેમાં નીચલી કોર્ટે પતિને બાળકીના વચગાળાના ભરણપોષણ પેટે રૂ. ૩,૫૦૦/- ચૂકવવાનો હુકમ કર્યો હતો, જેની સામે પતિ સેશન્સ કોર્ટમાં અપીલમાં ગયા હતા. અપીલમાં અરજદાર પતિ દ્વારા એવી દલીલ કરવામાં આવી હતી કે પત્ની પોતે શિક્ષિકા તરીકે નોકરી કરીને કમાણી કરે છે, તેથી બાળકના ભરણપોષણની જવાબદારી પતિ પર મૂકી શકાય નહી.માનનીય કોર્ટે સામાપક્ષે એડવોકેટ કે. ડી. ખોલિયાની ધારદાર દલીલો માન્ય રાખી નોંધ્યું હતું કે કાનૂની જોગવાઈ મુજબ "બાળક"ની વ્યાખ્યામાં દત્તક, સાવકા કે પાલક બાળકનો પણ સ્પષ્ટ સમાવેશ થાય છે. પતિએ લગ્ન સમયે બાળકીને પોતાની પુત્રી તરીકે સ્વીકારેલી હોવાથી તે પોતાની કાનૂની જવાબદારીમાંથી મુક્ત થઈ શકે નહીં. માતા નોકરી કરતી હોય કે કમાતી હોય, તેનાથી બાળકના ઉછેર, શિક્ષણ અને ભરણપોષણ માટેની પિતાની કાનૂની અને નૈતિક જવાબદારી પૂરી થતી નથી.સેશન્સ કોર્ટનો આદેશઃમાનનીય કોર્ટે વધુમાં સ્પષ્ટ કર્યું કે બાળકની શિક્ષણ અને અન્ય વાસ્તવિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને કોર્ટ માગણી કરતાં વધુ રકમનું ભરણપોષણ પણ મંજૂર કરી શકે છે.આથી, સેશન્સ કોર્ટે સામાપક્ષે એડવોકેટ કે. ડી. ખોલિયા દ્વારા રજૂ કરાયેલી ધારદાર દલીલો માન્ય રાખી નીચલી ટ્રાયલ કોર્ટના રૂ. ૩,૫૦૦/- પ્રતિ માસના આદેશને યોગ્ય ગણાવી અરજદાર પતિની અપીલ ફગાવી દીધી હતી, જેનાથી જરૂરિયાતમંદ પત્ની અને સગીર બાળકીને ન્યાય મળ્યો છે. આ કેસમાં સામાપક્ષે (Respondent) તરફે લીગલ એઈડમાંથી એડવોકેટ કે. ડી. ખોલિયાની નિમણૂક કરવામાં આવી હતી.

# યુક્રેન સાથેના યુદ્ધને સમાપ્ત કરવાના પીએમ મોદીના પ્રયાસોની પુતિને પ્રશંસા કરી

## પીએમ નરેન્દ્ર મોદી પાસે શાંતિપૂર્ણ ઉકેલ માટે સારા વિચારો રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનનો મત

મોસ્કો,

રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને યુક્રેન સાથેના સંઘર્ષને સમાપ્ત કરવાના પીએમ નરેન્દ્ર મોદીના પ્રયાસોની પ્રશંસા કરી. તેમણે કહ્યું કે તેમની પાસે શાંતિપૂર્ણ ઉકેલ માટે "સારા વિચારો" છે. ભીડને સંબોધતા પુતિને કહ્યું, "વડા પ્રધાન નરેન્દ્ર મોદી એવા વૈશ્વિક નેતાઓમાંના એક છે જેઓ, અમારા ખૂબ સારા અને મૈત્રીપૂર્ણ સંબંધો અને અમારા સારા વ્યક્તિગત સંબંધો હોવા છતાં, યુક્રેનમાં સંઘર્ષને સમાપ્ત કરવાનો મુદ્દો સતત ઉઠાવે છે અને તેના વિશે પ્રશ્નો પૂછે છે."

પુતિને વધુમાં જણાવ્યું હતું કે પીએમ મોદી પરસ્પર સંમતિથી ઉકેલ લાવવા માટે સક્રિયપણે પ્રયાસ કરી રહ્યા છે. પુતિને કહ્યું, "તેઓ પરસ્પર સંમતિથી ઉકેલ શોધવા માટે ખૂબ જ રસ ધરાવે છે અને ખૂબ જ સારા વિચારો ધરાવે છે. આ સંદર્ભમાં, સ્વાભાવિક રીતે, વડા પ્રધાન નિષ્પક્ષ અભિગમ અપનાવે છે, પરંતુ તેઓ સંઘર્ષનો અંત લાવવામાં રસ ધરાવે છે. મને લાગે છે કે આ સીધું કહેવું મારી ફરજ છે. અને અમે વડા પ્રધાનના વિચારો માટે આભારી છીએ." પુતિને યુક્રેન સાથેના સંઘર્ષને સંવાદ દ્વારા ઉકેલવા માટે મોદીના સતત સમર્થન અને પ્રયાસો બદલ આભાર માન્યો. તેમણે વધુમાં કહ્યું, "આ સંઘર્ષને શાંતિપૂર્ણ માધ્યમથી અને શક્ય તેટલી વહેલી તકે સમાપ્ત કરવાની તેમની ઈચ્છા બદલ અમે આભારી છીએ."

એ નોંધવું જોઈએ કે વડા પ્રધાન મોદીએ વારંવાર શાંતિ માટે અપીલ કરી છે. તેમણે ભાર મૂક્યો કે ભારતે રશિયા-યુક્રેન સંઘર્ષ માટે સિદ્ધાંતવાદી અને માનવતાવાદી અભિગમ અપનાવ્યો છે. ઓગસ્ટમાં જાપાનની મુલાકાત દરમિયાન, તેમણે એક મુલાકાતમાં કહ્યું હતું કે, "ભારતે આ સંઘર્ષ પર સૈદ્ધાંતિક અને માનવતાવાદી વલણ અપનાવ્યું છે, જેની રાષ્ટ્રપતિ પુતિન અને રાષ્ટ્રપતિ ઝેલેન્સકી બંને પ્રશંસા કરે છે.



# અમેરિકા-ભારત વેપાર કરાર મામલે મોદી અને ટ્રમ્પ વચ્ચે ટૂંક સમયમાં ફરી વાતચીત થવાની શક્યતા

## ભારત અને અમેરિકા વચ્ચે દ્વિપક્ષીય વેપાર સોદા પર વાટાઘાટો તેમના અંતિમ તબક્કામાં : જેમ્સન ગ્રીર

વોશિંગ્ટન,

યુએસ વેપાર પ્રતિનિધિ જેમ્સન ગ્રીરે જણાવ્યું હતું કે ભારત અને અમેરિકા વચ્ચે દ્વિપક્ષીય વેપાર સોદા પર વાટાઘાટો તેમના અંતિમ તબક્કામાં છે. જોકે, તાત્કાલિક કોઈ અંતિમ જાહેરાતની અપેક્ષા નથી. હકીકતમાં, ૨૦૨૬ ૫૨૦ વેપાર મંત્રીઓની બેઠકમાં એક પ્રશ્નના જવાબમાં, ગ્રીરે કહ્યું કે વાટાઘાટો "ટૂંકા સ્ટ્રોક" (કામના અંતિમ તબક્કા) માં છે. તેમણે કહ્યું, "મને લાગે છે કે આપણે તેના અંતની નજીક છીએ."

ગ્રીરે અહેવાલ આપ્યો કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે બુધવારે સવારે (યુએસ સમય મુજબ) "ખૂબ જ રચનાત્મક વાતચીત" થઈ હતી અને તેઓ પ્રગતિની સમીક્ષા કરવા માટે ટૂંક સમયમાં ફરી વાત કરી શકે છે. તેમણે કહ્યું, "મને લાગે છે કે રાષ્ટ્રપતિ ટ્રમ્પ અને વડા પ્રધાન મોદી પ્રગતિ અને વર્તમાન પરિસ્થિતિની સમીક્ષા કરવા માટે ટૂંક સમયમાં આ અંગે બીજી વાતચીત કરી શકે છે."

જ્યારે તેમણે કોઈપણ તાત્કાલિક જાહેરાતોની અપેક્ષા રાખવાની સલાહ આપી, તેમણે કહ્યું કે બંને પક્ષોએ મુખ્ય મુદ્દાઓ ઓળખી કાઢ્યા છે. "મને નથી લાગતું કે તાત્કાલિક કંઈ થવાનું છે, પરંતુ અમે તે મુદ્દાઓ ઓળખી કાઢ્યા છે જ્યાં અમારા મતભેદો છે, અને અમે તેના પર ખંતપૂર્વક કામ કરી રહ્યા છીએ," ગ્રીરે કહ્યું.

વાણિજ્ય અને ઉદ્યોગ પ્રધાન પીયુષ ગોયલ સાથેની તેમની મુલાકાત પર પ્રતિબિંબ પાડતા, ગ્રીરે કહ્યું, "મંત્રી ગોયલ અને મેં ખૂબ જ રચનાત્મક વાતચીત કરી. અમારા સ્ટાફ હાલમાં મળી રહ્યા છે, કારણ કે તેઓ દેશમાં છે અને અમે અહીં છીએ. અમે ભારત સાથે વેપાર કરાર પૂર્ણ કરવા માટે સતત કામ કરી રહ્યા છીએ.

# ભારતમાં ધર્મ અને રાષ્ટ્રને અલગ અસ્તિત્વ તરીકે જોઈ શકાય નહીં, આરએસએસ વડા

મુંબઈ,

મુંબઈમાં, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ) વડા મોહન ભાગવતે કહ્યું કે ભારતમાં ધર્મ અને રાષ્ટ્રને અલગ અસ્તિત્વ તરીકે જોઈ શકાય નહીં. તેમણે કહ્યું કે રાષ્ટ્રનો હેતુ ધર્મ સાથે જોડાયેલો છે, અને ધર્મ રાષ્ટ્રને મજબૂત બનાવે છે. તેમના મતે, બંને એકબીજા સાથે જોડાયેલા છે. ભાગવતે આ નિવેદન અખિલ ભારતીય વિહાર સેવા સમૂહના ૧૪મા સંમેલનને સંબોધતા આપ્યું હતું. તેમણે કહ્યું કે જો કોઈ રાષ્ટ્ર નબળું પડે છે, તો ધર્મ પણ પ્રભાવિત થાય છે, અને બંને સાથે આગળ વધવાની આપણી જવાબદારી છે.

આરએસએસ વડાએ કહ્યું કે આજે દુનિયા વિકાસ અને પર્યાવરણીય સંરક્ષણ, વ્યક્તિગત સ્વતંત્રતા અને પારિવારિક જીવન, અને ધાર્મિક શ્રદ્ધા અને સંઘર્ષ વચ્ચે સંતુલન જાળવવાના પડકારનો સામનો કરી રહી છે. તેમણે કહ્યું કે દુનિયામાં ઘણી જગ્યાએ સંતુલનનો અભાવ દેખાય છે. તેમના મતે, એક સમસ્યાનું નિરાકરણ કરતી વખતે, બીજી સમસ્યા ઊભી થાય છે.

ભાગવતે કહ્યું કે ભારતની જ્ઞાન પરંપરા દુનિયા સામેના આ પડકારોનો સામનો કરવામાં મદદ કરી શકે છે. તેમણે કહ્યું કે ભારતે ઐતિહાસિક રીતે અન્ય દેશો પર કબજો કર્યા વિના અથવા લોકોને અન્ય ધર્મોમાં રૂપાંતરિત કર્યા વિના વિશ્વ સાથે પોતાનું જ્ઞાન શેર કર્યું છે. તેમણે કહ્યું કે દુનિયાને આશા છે કે આગળનો માર્ગ ભારતમાં રહેલો છે.

ભારતની જ્ઞાન પરંપરાનો ઉલ્લેખ કરતા, મોહન ભાગવતે વેદ, ઉપનિષદ, રામાયણ, મહાભારત, ગીતા, જૈન આગમ, ત્રિપિટક અને ગુરુ ગ્રંથ સાહિબ સહિત સંતોના ઉપદેશોનો ઉલ્લેખ કર્યો.

# નાસાના અવકાશયાત્રીઓ અત્યાર સુધીના સૌથી ઓછા સમયમાં આઈએસએસ પર પહોંચ્યા

## આંતરરાષ્ટ્રીય અવકાશ મથક પર અવકાશયાત્રીઓનો છ મહિના રોકાણ કરશે

વોશિંગ્ટન,

ચાર અવકાશયાત્રીઓ આંતરરાષ્ટ્રીય અવકાશ મથક પર પહોંચ્યા. તેમના આગમનમાં લગભગ આઠ કલાક લાગ્યા, જે અમેરિકન મિશન માટેનો અત્યાર સુધીનો સૌથી ઝડપી સમય છે. નવા ક્રૂમાં કેનેડિયન અવકાશયાત્રીનો પણ સમાવેશ થાય છે. સ્પેસએક્સે કમાન્ડર જેસિકા વોટકિન્સની આગેવાની હેઠળ નાસાના ક્રૂને સ્પેસ સ્ટેશન મોકલ્યું. ડ્રેગન કેપ્સ્યુલની ઈંધણ પ્રણાલીમાં લીકેજને ઠીક કરવામાં આવી રહ્યું હતું ત્યારે આ ક્રૂનું લોન્ચિંગ ત્રણ અઠવાડિયા મોડું પડ્યું હતું. ગુરુવારે સવારે, ગાઢ વાદળો કાઉન્ટડાઉન અટકાવવાની ધમકી આપી રહ્યા હતા, પરંતુ આખરે આકાશ સાફ થઈ ગયું, જેના કારણે સુરક્ષિત પ્રક્ષેપણ શક્ય બન્યું.

આંતરરાષ્ટ્રીય અવકાશ મથક પર અવકાશયાત્રીઓનો છ મહિનાનો રોકાણ છ મહિનાનો રહેશે, પરંતુ ત્યાં પહોંચવા માટે લાગેલો સમય અત્યાર સુધીનો સૌથી ટૂંકો હતો. આ ફક્ત એલોન મસ્કની કંપની, સ્પેસએક્સ માટે જ નહીં, પરંતુ નાસા સહિત કોઈપણ અમેરિકન અવકાશ સંગઠન માટે પણ સૌથી ઝડપી મુસાફરી છે. અવકાશયાત્રીઓના પ્રક્ષેપણ સમયે અવકાશ મથકની અનુકૂળ પરિસ્થિતિઓને કારણે આ ઝડપી મુસાફરી શક્ય બની હતી. કેપ કેનાવેરલ સ્પેસ ફોર્સ સ્ટેશનથી મોડી સવારે લોન્ચ સાથે, વોટકિન્સ પૃથ્વીની ભ્રમણકક્ષામાં ક્રૂનું નેતૃત્વ કરનારી પ્રથમ અશ્વેત મહિલા બની. ભૂસ્તરશાસ્ત્રી, વોટકિન્સે લગભગ એક દાયકા પહેલા નાસાના મંગળ મિશન, ક્યુરિયોસિટી રોવર સાથે કામ કર્યું હતું. તે બીજી વખત અવકાશ મથક પર પાછા ફરશે, ૨૦૨૨ માં લાંબા રોકાણ માટે પરત ફરશે. લોન્ચ પછી, વોટકિન્સે રેડિયો કર્યો, "આ અદ્ભુત પ્રવાસ માટે આભાર."

ક્રૂના ત્રણ સભ્યો તેમની પ્રથમ અવકાશ ઉડાન પર છે. અન્ય સભ્યો પહેલી વાર અવકાશમાં મુસાફરી કરી રહ્યા છે. આમાં નાસાના નિવૃત્ત મરીન લ્યુક ડેલેની; કેનેડાના જોશુઆ કુટ્રિક, રોયલ કેનેડિયન એરફોર્સમાં કર્નલ; અને રશિયાના સેર્ગેઈ ટેટેરિયાટનિકોવ, જેમણે અગાઉ સબમરીનમાં સેવા આપી હતી, તેનો સમાવેશ થાય છે. તેઓ ફેબ્રુઆરીથી ભ્રમણકક્ષા પ્રયોગશાળામાં રહેતા ચાર અવકાશયાત્રીઓનું સ્થાન લેશે.

# નિયમનકારે ટેલિકોમ ઓપરેટરોને તેમના સસ્તા રિચાર્જ સ્પષ્ટ રીતે દર્શાવવાનો નિર્દેશ આપ્યો

નવીદિલ્હી,

ગયા મહિને, ટ્રાઈ એ ટેલિકોમ કંપનીઓને ડેટા વિના સસ્તા માસિક પ્લાન શરૂ કરવાનો આદેશ આપ્યો હતો. વધુમાં, ટેલિકોમ કંપનીઓને ગ્રાહકોને દર મહિને એક નિશ્ચિત તારીખે તેમના રિચાર્જ રિન્યૂ કરવાનો વિકલ્પ પૂરો પાડવાનો આદેશ આપવામાં આવ્યો છે. આનાથી અલગ અલગ તારીખે રિચાર્જ કરવાની ઝંઝટ દૂર થશે. ટેલિકોમ નિયમનકારે હવે ટેલિકોમ સેવા પ્રદાતાઓ એરટેલ, બીએસએનએલ, જિયો અને વોડાફોન-આઈડિયાને તેમની વેબસાઈટ અને એપ્લિકેશનો પર ટ્રાઈ દ્વારા ફરજિયાત રિચાર્જ યોજનાઓ સ્પષ્ટ રીતે પ્રદર્શિત કરવાનો નિર્દેશ આપ્યો છે.

૧ ઓક્ટોબરના રોજ, ટ્રાઈએ ટેલિકોમ સેવા પ્રદાતાઓને તેમની વેબસાઈટ, મોબાઈલ એપ્લિકેશનો અને વેચાણના મુખ્ય મુદ્દાઓ પર આવશ્યક રિચાર્જ યોજનાઓ અને વિશેષ ટેરિફ વાઉચર સ્પષ્ટ રીતે પ્રદર્શિત કરવાનો નિર્દેશ આપ્યો હતો. આનાથી ગ્રાહકોને પોષણક્ષમ રિચાર્જ યોજનાઓ જોવામાં મદદ મળશે. ગ્રાહકોની ફરિયાદો બાદ ટ્રાઈએ ટેલિકોમ ઓપરેટરોને આ નિર્દેશ જારી કર્યો છે.

તેના નિર્દેશમાં, ટેલિકોમ નિયમનકારે ઓપરેટરોને તેમની વેબસાઈટ અને એપ્લિકેશનો પર 'ટ્રાઈ-મેનડેટેડ પેક્સ' નામનું એક અલગ અને સ્પષ્ટ રીતે દૃશ્યમાન ટેબ અથવા વિભાગ રાખવાનો નિર્દેશ આપ્યો છે. સેવા પ્રદાતાઓએ આ ટેબ પર પોષણક્ષમ રિચાર્જ પેક્સ સ્પષ્ટ રીતે પ્રદર્શિત કરવા આવશ્યક છે. આ ખાતરી કરશે કે ગ્રાહકો ટ્રાઈ દ્વારા ફરજિયાત યોજનાઓ પહેલા જુએ.

# દેશમાં ચૂંટણી પંચ અને એસઆઈઆર વિરુદ્ધ વિરોધ પ્રદર્શનો વધુ તીવ્ર બન્યા

## જંતર-મંતર ઉપર આપના દિલ્હી પ્રમુખ સહિત ૫૦૦ થી વધુ વિરોધીઓની અટકાયત, ઈન્ટરનેટ સેવાઓ બંધ કરાઈ

નવીદિલ્હી,

વિપક્ષોએ દિલ્હીમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે વિરોધ પ્રદર્શન કર્યા હતાં આ દરમિયાન દિલ્હી પોલીસે શુક્રવારે જંતર-મંતર ખાતે વરોધ પ્રદર્શન દરમિયાન આપ નેતાઓ સૌરભ ભારદ્વાજ, સંજીવ ઝા, અનુરાગ ઢાંડા, આતિશી અને સંજય સિંહ સહિત ૫૦૦ થી વધુ વિરોધીઓની અટકાયત કરી હતાં આ વિરોધ પ્રદર્શન દરમિયાન નાસભાગ મચી ગઈ હતી અને આપના કાર્યકરો અને પોલીસ વચ્ચે ચકમક થઈ હતી જેમાં પોલીસ કર્મચારીઓ ઘાયલ થયા હતાં આ વિરોધમાં યુથ કોંગ્રેસના કાર્યકરોની અટકાયત પોલીસે કરી. એક પ્રદર્શનકારીએ કહ્યું, "અમે હિન્દુસ્તાની છીએ. આ દેશમાં, સામાન્ય લોકો સરકારને ચૂંટે છે. સરકાર પોતાના બળે બનતી નથી, તો આપણા મત કેમ કાપવામાં આવી રહ્યા છે.આ



ઉપરાંત ડાબેરી વિદ્યાર્થી સંગઠનોએ પણ જંતર-મંતર પર પ્રદર્શન કર્યું, જ્યાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા અને સૂત્રોચ્ચાર કર્યા. પોલીસે અનેક વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓની અટકાયત કરી.એઆઈએસએ અને એસએફઆઈના લગભગ ૧૦૦ કાર્યકરો જંતર-મંતર પહોંચ્યા અને ચૂંટણી પંચ તરફ કૂચ કરવાનો પ્રયાસ કર્યો.

# મહારાષ્ટ્ર વિધાન પરિષદની ચૂંટણી: મહાયુતિમાં ૩-૧-૧ ફોર્મ્યુલા પર સંમતિ સધાઈ ગઈ

મુંબઈ,

મહારાષ્ટ્ર વિધાન પરિષદની પાંચ બેઠકોની ચૂંટણી માટે ઉત્સાહ વધ્યો છે. મહાયુતિ બેઠક વહેંચણી કરારની નજીક છે, જ્યારે મહાવિકાસ વિકાસ આઘાડીએ તેના કાર્ડ જાહેર કર્યા નથી. નામાંકન દાખલ કરવાની છેલ્લી તારીખ ૯ ઓક્ટોબર છે, અને મતદાન ૨૩ ઓક્ટોબરે થશે. મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ, નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદે અને સુનેત્રા પવાર વિધાનસભાની ચૂંટણી માટે બેઠક વહેંચણી અંગે ચર્ચા કરવા માટે મળ્યા હતા. એવું માનવામાં આવે છે કે ત્રણેય વચ્ચે ૩-૧-૧ ફોર્મ્યુલા પર સંમતિ સધાઈ ગઈ છે. જોકે, પુણે શિક્ષક મતવિસ્તાર પર ભાજપ અને શિંદે સેના વચ્ચે ઝઘડો ચાલુ છે.

પ્રસ્તાવિત ફોર્મ્યુલા મુજબ, છત્રપતિ સંભાજીનગર ગ્રેજ્યુએટ સીટ એનસીપી એપી, અમરાવતી શિક્ષક સીટ શિંદે સેના અને નાગપુર અને પુણે ગ્રેજ્યુએટ સીટ ભાજપને મળવાની શક્યતા છે. પુણે શિક્ષક સીટ પર હજુ સુધી કોઈ સહમતિ થઈ નથી. શિંદે સેના આ સીટ પર દાવો કરી રહી છે. શિંદે જૂથના બે નેતાઓ તેના માટે સ્પર્ધા કરી રહ્યા છે. ભાજપ પણ દાવો કરી રહી છે. પરિણામે, મહાયુતિ (મહાગઠબંધન) માં બેઠક વહેંચણી અંગેનો અંતિમ નિર્ણય પુણે શિક્ષકોની બેઠક પર અટવાઈ ગયો છે. મહા વિકાસ આઘાડીએ વિધાન પરિષદની ચૂંટણી માટે તેના કાર્ડ જાહેર કર્યા નથી. જોકે, કોંગ્રેસ દ્વારા અમરાવતી શિક્ષક બેઠક માટે અદિતિ પોહરેને મેદાનમાં ઉતારવામાં આવી શકે છે.

# સરકાર અને ઈમિગ્રેશન અધિકારીઓ પાસે વિદેશી નાગરિકને પ્રવેશ આપવા અથવા નકારવાનો અધિકાર

## માન્ય વિઝા હોવાને કારણે ભારતમાં પ્રવેશની ગેરંટી નથી : દિલ્હી હાઈકોટ

નવીદિલ્હી,

દિલ્હી હાઈકોર્ટે જણાવ્યું છે કે માન્ય વિઝા હોવાને કારણે ભારતમાં પ્રવેશની ગેરંટી નથી. સરકાર અને ઈમિગ્રેશન અધિકારીઓ પાસે વિદેશી નાગરિકને પ્રવેશ આપવા અથવા નકારવાનો અધિકારક્ષેત્ર છે. આ કેસમાં તુર્કમેનિસ્તાનની એક મહિલાનો સમાવેશ થાય છે. તેણી પાસે ભારતમાં માન્ય બિઝનેસ વિઝા હતો. તે ૨૫ માર્ચ, ૨૦૨૬ ના રોજ તેના પતિ સાથે દિલ્હીના ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર પહોંચી હતી. તેના પતિને ભારતમાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવી હતી, પરંતુ તે જ દિવસે મહિલાને ઈમિગ્રેશન કાઉન્ટર પર રોકી દેવામાં આવી હતી અને તેને તુર્કમેનિસ્તાન પરત મોકલી દેવામાં આવી હતી.

મહિલાએ હાઈકોર્ટમાં અરજી દાખલ કરી હતી, જેમાં જણાવ્યું હતું કે તેને પ્રવેશ નકારવાનું કારણ જણાવવામાં આવ્યું ન હતું. તેણીએ એવી પણ દલીલ કરી હતી કે જ્યારે તેના પતિને તે જ ફ્લાઈટમાં ભારત મુસાફરી કરવાની મંજૂરી આપવામાં આવી હતી ત્યારે તેને પ્રવેશ નકારવો ખોટું હતું.

કેન્દ્ર સરકારે જણાવ્યું હતું કે ફક્ત માન્ય વિઝા હોવાને કારણે વિદેશી નાગરિકને ભારતમાં પ્રવેશવાનો અધિકાર મળતો નથી. વિઝા આપવો અને પ્રવેશ આપવો એ બે અલગ અલગ બાબતો છે. રાષ્ટ્રીય સુરક્ષા અને કાયદો અને વ્યવસ્થાની ચિંતાઓને કારણે ઈમિગ્રેશન અધિકારીઓ વિદેશી નાગરિકને પ્રવેશ નકારી શકે છે.

સરકારે જણાવ્યું હતું કે મહિલાએ ૨૦૨૫ માં ૪૭ વખત ભારતની યાત્રા કરી હતી. તેની મોટાભાગની યાત્રાઓ એક થી ત્રણ દિવસની હતી. તે બિઝનેસ અને મેડિકલ વિઝા પર ભારત આવી હતી. અધિકારીઓના મતે, તેની મુસાફરી પેટર્ન અંગે પ્રશ્નો ઉભા થયા હતા. પૂછપરછ દરમિયાન, અધિકારીઓને તેમના ભારત આવવાના હેતુ, તેમની પ્રવૃત્તિઓ અને તેમના વ્યવસાય ઈતિહાસ સંબંધિત પ્રશ્નોના જવાબો અસંતોષકારક લાગ્યા.

# ગાંધી જયંતી નિમિત્તે માહિતી અને પ્રસારણ મંત્રાલયનાં વિભાગો દ્વારા સ્વચ્છતા પ્રત્યે સંકલ્પ લેવામાં આવ્યો

## ઑલ ઈન્ડિયા રેડિયો સ્ટેશનનાં પરિસરમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું







મહાત્મા ગાંધીજીની જન્મજયંતી નિમિત્તે માહિતી અને પ્રસારણ મંત્રાલયનાં વિવિધ વિભાગો જેમાં પ્રેસ ઈન્ફોર્મેશન બ્યૂરો, સેન્ટ્રલ બ્યૂરો ઑફ કમ્યુનિકેશન, પ્રકાશન વિભાગ અને ઑલ ઈન્ડિયા રેડિયોના સંયુક્ત ઉપક્રમે સ્વચ્છતા અને પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપતા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધી જયંતીની ઉજવણીના ભાગરૂપે 'સ્વચ્છતા હી સેવા' અભિયાન અને સ્વચ્છતા પખવાડા અંતર્ગત સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ અને પર્યાવરણ પ્રત્યેની જવાબદારીનો સંદેશ આપતાં વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન ઑલ ઈન્ડિયા રેડિયો ખાતે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં અધિકારીઓ અને કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

વૃક્ષારોપણ કાર્યક્રમ પૂર્વે ઉપસ્થિત સૌએ સ્વચ્છતા શપથ ગ્રહણ કરી પોતાના કાર્યસ્થળ તેમજ આસપાસના પરિસરમાં સ્વચ્છતા જાળવવા, સ્વચ્છતા અંગે જનજાગૃતિ ફેલાવવા અને સ્વચ્છ ભારતના સંકલ્પને સાકાર કરવા માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે ઑલ ઈન્ડિયા રેડિયોનાં ડેપ્યુટી ડિરેક્ટર જનરલ એન. એલ. ચૌહાણ, પ્રેસ ઈન્ફોર્મેશન બ્યૂરોનાં આસિસ્ટન્ટ ડિરેક્ટર શ્રીમતી સુમન મછાર, AIR નાં કાર્યક્રમ અધિકારી હિતેષ માવાણી સહિત PIB, CBC, DPD અને AIRના અધિકારીઓ તથા કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મહાત્મા ગાંધીજીના સ્વચ્છતા અંગેના વિચારોને જનભાગીદારી સાથે આગળ ધપાવવાના ઉદ્દેશ સાથે યોજાયેલા આ કાર્યક્રમમાં 'સ્વચ્છતા હી સેવા'નાં સંદેશને માત્ર એક અભિયાન પૂરતો મર્યાદિત ન રાખીને દૈનિક જીવનમાં સ્વચ્છતાને આચરણનો ભાગ બનાવવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો. વૃક્ષારોપણ દ્વારા પર્યાવરણ સંરક્ષણ, હરિયાળી વધારવા અને સ્વચ્છ તથા સ્વસ્થ પર્યાવરણના નિર્માણનો સંદેશ પણ આપવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમ સ્વચ્છતા, પર્યાવરણ સંરક્ષણ અને જનભાગીદારીને એકસાથે જોડીને સ્વચ્છ, હરિત અને જવાબદાર ભારતનાં નિર્માણ તરફ સામૂહિક પ્રયાસોને પ્રોત્સાહન આપવાનો સંદેશ આપે છે.

# હુથી બળવાખોરોને મદદ કરવાના આરોપમાં અમેરિકન એન્જિનિયરની ધરપકડ કરવામાં આવી

## આરોપીએ ઘરે વિસ્ફોટકો અને ડ્રોન બનાવવા માટે સામગ્રી ખરીદી હતી અને યમન પણ ગયો હતો

વોશિંગ્ટન,

એફબીઆઈએ ઈરાન સમર્થિત હુથી બળવાખોરોને મદદ કરવાના આરોપમાં યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ એનર્જીના ઈલેક્ટ્રિકલ એન્જિનિયરની ધરપકડ કરી છે. ન્યાય વિભાગે જણાવ્યું હતું કે આરોપીએ ઘરે વિસ્ફોટકો અને ડ્રોન બનાવવા માટે સામગ્રી ખરીદી હતી અને યમન પણ ગયો હતો.

વોશિંગ્ટનના રિચલેન્ડના ૫૧ વર્ષીય એશ્ટન હેમદ એલાબૂડીની ગુરુવારે ધરપકડ કરવામાં આવી હતી. તેઓ પહેલી વાર કોર્ટમાં હાજર થવાના છે. કોર્ટના રેકોર્ડમાં તેમના વતી બોલવા માટે કોઈ વકીલની યાદી નથી.એફબીઆઈ અનુસાર, એલાબૂડીનો હેતુ હુથી બળવાખોરોની વાતચીત ક્ષમતાઓને સુધારવામાં મદદ કરવાનો હતો. તેમણે ગયા સપ્ટેમ્બરમાં યમનનો પ્રવાસ કર્યો હતો. યમન હુથી બળવાખોરો અને સાઉદી સમર્થિત સરકારી દળો વચ્ચે હિંસા જોઈ રહ્યું છે, જેમાં સેંકડો લોકો માર્યા ગયા છે અને હજારો લોકો વિસ્થાપિત થયા છે.

યમનમાં સંઘર્ષ ૨૦૧૪ માં શરૂ થયો હતો જ્યારે ઈરાન સમર્થિત બળવાખોરોએ રાજધાની સના પર કબજો કર્યો હતો. આ પછી, દેશની સરકારને સાઉદી અરેબિયામાં દેશનિકાલમાં આશ્રય લેવાની ફરજ પડી હતી. યુએસ અધિકારીઓના જણાવ્યા અનુસાર, યુએસ પરત ફર્યા પછી, એલાબૂડીએ કસ્ટમ્સ અને બોર્ડર પ્રોટેક્શન અધિકારીઓને જણાવ્યું હતું કે તે ઓમાનથી કામ માટે પરત ફરી રહ્યો છે અને મિસાઈલ સંરક્ષણ પ્રણાલીઓનું નિરીક્ષણ કરવા માટે યુએસ સરકારના મિશનનો ભાગ હતો.

# મહિલા ડોક્ટરના ડિજિટલ એરેસ્ટના ફ્રોડ કેસમાં બનેવી-સાળો ઝડપાયા

## બેન્ક મેનેજરે ચેતવ્યા છતાં મહિલા ડોક્ટર ડિજિટલ એરેસ્ટનો શિકાર બન્યા!



રાજકોટ: વૃદ્ધ મહિલા ડોક્ટર સાથે થયેલા ડિજિટલ એરેસ્ટના સાયબર ફ્રોડના રૂ.૫૮.૫૦ લાખના નાણાંની હેરફેરના કેસમાં રાજકોટ સાયબર ક્રાઈમે બનેવી-સાળાની ધરપકડ કરી છે.બંનેએ ભાગીદારીમાં પેઢી શરૂ કરી હતી અને ગત તા.૨૩મીના રોજ પોતાના બેંક એકાઉન્ટ સાયબર ગઠિયાઓને ઉપયોગ માટે આપ્યા હતા. બંને એકાઉન્ટ હોલ્ડર હોવાથી એકાઉન્ટમાં ટ્રાન્ઝેક્શન થતાં બેંકની માહિતી અને ટેકનિકલ એનાલિસિસના આધારે પોલીસ બંને સુધી પહોંચી હતી.

પોલીસે અમદાવાદના ઈસનપુરમાં રહેતા દર્શન રમેશભાઈ મકવાણા (ઉં.વ.૩૪) અને ભાવનગર જિલ્લાના બોટાદમાં રહેતા તેના સાળા શુભમ દિલીપભાઈ પરમાર(ઉં.વ.૨૯)ની ધરપકડ કરી છે.પોલીસની તપાસ મુજબ બંનેએ ભાગીદારીમાં પેઢી શરૂ કરી હતી. ગત તા.૨૩/૨૪ના રોજ બંનેએ પોતાના બેંક એકાઉન્ટનો ઉપયોગ કરવા આપ્યો હતો. એકાઉન્ટ બંનેના નામે હોવાથી તેમાં સાયબર ફ્રોડના નાણાંની હેરફેર શરૂ થતાં પોલીસની તપાસ બંને સુધી પહોંચી હતી.

પોલીસના જણાવ્યા મુજબ, કમિશન મેળવવાની લાલચમાં બંનેએ પોતાની કંપનીના બેંક એકાઉન્ટ સાયબર ગુનો આચરનારા લોકોને ઉપયોગ કરવા આપ્યા હતા. આ એકાઉન્ટ મારફતે રૂ.૫૮.૫૦ લાખ જેટલી રકમ ટ્રાન્સફર કરવામાં આવી હતી.સાયબર ક્રાઈમ પોલીસે નાણાંની હેરફેર અંગે બેંક ડિટેઈલ મેળવવા સાથે ટેકનિકલ એનાલિસિસ કરતાં બંને એકાઉન્ટ હોલ્ડરની ઓળખ થઈ હતી. ત્યારબાદ અમદાવાદ ખાતેથી બંનેને ઝડપી લેવામાં આવ્યા હતા.

પોલીસે બંને પાસેથી મોબાઈલ અને લેપટોપ મળી કુલ રૂ.૧.૨૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. બંનેની પૂછપરછના આધારે સાયબર ફ્રોડની રકમની વધુ હેરફેર અંગે તપાસ હાથ ધરવામાં આવી છે.જૂના જાગનાથ શેરી નં. ૧માં રાજદર્શન એપાર્ટમેન્ટમાં રહેતા અને ઝનાના હોસ્પિટલમાં ફરજ બજાવી નિવૃત થયેલા ડો. દમયંતીબેન વિઠ્ઠલભાઈ ગણાત્રા (ઉં.વ.૮૨)ને ડિજિટલ એરેસ્ટ કરી રૂા. ૫૮.૫૦ લાખ પડાવાયાના કેસમાં સાયબર ક્રાઇમ પોલીસે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.ફરિયાદમાં ડો. દમયંતીબેને જણાવ્યું છે કે ગઇ તા. ૨૧ના સવારે સંજયસિંહ નામથી વોટ્સએપ કોલ આવ્યો હતો. જેણે પોતાની ઓળખ મુંબઇના કોલાબા પોલીસ મથકના પીએસઆઈ તરીકે આપી કહ્યું કે મુંબઇમાં ઈન્ડિયા કો-ઓપરેટિવ બેન્કના મેનેજર હિતેશ મહેતા મની લોન્ડ્રીગ સાથે સંકળાયેલા હોવાનું જણાતા તેને ત્યાં દરોડામાં તમારા નામનું આધાર કાર્ડ અને બેન્કનું એટીએમ મળ્યું છે.

આ રીતે તમારું નામ પણ મની લોન્ડ્રીગના કેસમાં છે. આ ગુનામાં તમારી ધરપકડ કરવામાં આવશે, જેલમાં પૂરી દેવામાં આવશે. આ કેસમાં અગાઉ ૧૫ થી ૧૮ વ્યક્તિઓને પકડવામાં આવ્યા છે. બાદમાં ગઇ તા. ૨૧થી લઇ તા. ૩૦ સુધી વીડિયો કોલ કરવાનું શરૂ કર્યું હતું. એટલું જ નહીં પોતાના સિનિયર અધિકારીની અનિલ સર તરીકે ઓળખ આપી તેની સાથે પણ વાત કરાવી હતી, જેણે પોલીસ જેવો યુનિફોર્મ પહેર્યો હતો. તેણે કહ્યું કે તમે સિનિયર સિટીઝન છો એટલે હાઉસ એરેસ્ટ કરવામાં આવે છે. આ બાબતે કોઇ વ્યક્તિને કે પરિવારના સભ્યોને જણાવવાનું નથી. સંજયસિંહ કહે તેમ જ તમારે કરવાનું છે.

આ પછી ગઇ તા. ૨૫ના રોજ સંજયસિંહ દ્વારા રૂા. ૨૧.૫૦ લાખ જમા કરાવવાનું કહ્યું હતું, જેથી બેન્ક ખાતામાંથી આ રકમ સંજયસિંહે જણાવેલા ખાતામાં જમા કરવા જતાં બેન્ક મેનેજરે જણાવ્યું કે આ લોકો ફ્રોડ છે, તે નાણા ટ્રાન્સફર નહીં કરી આપે. આથી, ઘરે પરત આવી સંજયસિંહ સાથે વાત કરતાં તેણે તમામ રકમ એસબીઆઈના ખાતામાં ભેગી કરવાનું કહ્યું હતું, જેથી તેમ કર્યા બાદ સંજયસિંહના કહેવાથી રૂા. ૫૮.૫૦ લાખ ટ્રાન્સફર કર્યા હતા. એ રકમ બે દિવસમાં મળી જશે તેમ સંજયસિંહે કહ્યું હતું પરંતુ રકમ મળી ન હતી. વધુ રૂા. ૨૧ લાખ ટ્રાન્સફર કરે તે પહેલા સાયબર ક્રાઇમ પોલીસને માહિતી મળી ગઇ હતી.

# સ્ક્રીન શેર થતાં જ ઓટીપી, મેસેજ આવવાના શરૂ થઈ ગયા

## ક્રેડિટ કાર્ડની એપ એક્ટિવ કરવાના બહાને વેપારી પાસે સ્ક્રીન શેર કરાવી રૂ. ૭૩, ૦૦૦ સેરવી લેવાયા

ગોંડલ:ડિજિટલ યુગમાં સાયબર ફ્રોડના કિસ્સાઓ સતત વધી રહ્યા છે. ગોંડલમાં રહેતા અને સરધાર ગામે કપડાંનો વેપાર કરતાં એક યુવાન ઓનલાઈન છેતરપિંડીનો ભોગ બન્યા છે.

સાયબર માફિયાઓએ એક્સિસ બેંકના કર્મચારીની ઓળખ આપી, ક્રેડિટ કાર્ડની એપ્લિકેશન એક્ટિવેટ કરવાના બહાને વોટ્સએપ કોલ કરી મોબાઈલની સ્ક્રીન શેર કરાવી હતી. ત્યારબાદ ગણતરીની મિનિટોમાં જ વેપારીના ક્રેડિટ કાર્ડમાંથી રૂ. ૭૩,૭૦૭ની રકમ બારોબાર ઉપાડી લેતા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.

ગોંડલના નાગડકા રોડ પર આઈટીઆઈ પાછળ આવેલી તિરૂમાલા ગોલ્ડ સોસાયટીમાં રહેતા ૩૨ વર્ષીય સાગરભાઈ જયરાજભાઈ સિંધવ સરધાર ગામે "કપડા હાઉસ' નામની દુકાન ચલાવે છે.

તેમણે ગોંડલ બી-ડિવિઝન



પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે તેમના મોબાઈલ પર એક અજાણ્યા નંબર (+૯૧ ૭૯૭૦૯ ૫૪૫૨૨) પરથી ફોન આવ્યો હતો.

ફોન કરનાર શખ્સે હિન્દીમાં વાત કરીને જણાવ્યું હતું કે, "તમે એક્સિસ બેંકનું ક્રેડિટ કાર્ડ વાપરો છો, જો તેની એપ્લિકેશન મોબાઈલમાં ચાલુ કરવી હોય તો હું વોટ્સએપમાં વીડિયો કોલ કરું તે રિસીવ કરજો'. આટલું કહીને ફોન કાપી નાખ્યો હતો અને વોટ્સએપ પર વીડિયો કોલ આવ્યો હતો. કોલ રિસીવ કરતા સામે રહેલા શખ્સે ગુજરાતીમાં વાત કરી, પોતાની ઓળખ એક્સિસ બેંકના કસ્ટમર કેર કર્મચારી તરીકે આપી હતી.

સાગરભાઈને વિશ્વાસમાં લઈ તેમના મોબાઈલ ફોનની સ્ક્રીન શેર કરવા જણાવ્યું હતું. વેપારીએ જેવી સ્ક્રીન શેર કરી કે ગઠિયાએ માત્ર ૧૫ થી ૨૦ સેકન્ડ વાત કરીને ફોન કાપી નાખ્યો હતો.

વેપારી સાગરભાઈએ જણાવ્યું હતું કે મેં જેવી સ્ક્રીન શેર કરી કે તરત જ મોબાઈલ પર એક્સિસ બેંક ક્રેડિટ કાર્ડના આશરે ૧૨ જેટલા અલગ-અલગ OTP આવ્યા હતા. ત્યારબાદ ધડાધડ મેસેજ આવવાના શરૂ થયા હતા અને ક્રેડિટ કાર્ડમાંથી અલગ-અલગ ટ્રાન્ઝેકશન મારફતે કુલ રૂ. ૭૩,૭૦૭ ઉપડી ગયા હતા.પોતાની સાથે મોટો સાયબર ફ્રોડ થયો હોવાનું જણાતા વેપારીએ તાત્કાલિક ૧૯૩૦ સાયબર હેલ્પલાઈન પર અરજી કરી હતી અને ત્યારબાદ ગોંડલ બી-ડિવિઝન પોલીસ મથકે અજાણ્યા શખ્સો સામે ગુનો દાખલ કરાવ્યો છે. પોલીસે મોબાઈલ નંબર અને બેંક ખાતાની વિગતોના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

# ભરણપોષણના ચેક રિટર્ન થતાં પતિને ૧ વર્ષની જેલ

## ગોંડલ કોર્ટે ૫ લાખનો દંડ ફટકાર્યો, ૯% વ્યાજ સાથે ચૂકવવા આદેશ

ગોંડલ:ગોંડલની એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટે પત્નીને ભરણપોષણ પેટે આપેલા ચેક રિટર્ન થવાના કેસમાં એક મહત્વનો અને કડક ચુકાદો આપ્યો છે. કોર્ટે આરોપી પતિને ૧ વર્ષની સાદી કેદની સજા ફટકારી છે અને રૂ. ૫,૦૦,૦૦૦ ની રકમ ૯% ના વાર્ષિક સાદા વ્યાજ સાથે ચૂકવવાનો આદેશ કર્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ગોંડલમાં રહેતા અંકિતાબેન મનસુખભાઈ પાંભરના લગ્ન રાજકોટના સાગરભાઈ હંસરાજભાઈ ભુત સાથે ૨૪/૦૪/૨૦૧૯ના રોજ થયા હતા. જોકે, લગ્ન બાદ મનમેળ ન રહેતા બંને વચ્ચે છૂટાછેડા થયા હતા. તારીખ ૨૩/૦૫/૨૦૨૪ના રોજ થયેલા દસ્તાવેજ મુજબ, પતિ સાગરભાઈએ પત્નીને કાયમી



ભરણપોષણ પેટે રૂ. ૨,૫૦,૦૦૦ ના બે ચેક એમ કુલ રૂ. ૫,૦૦,૦૦૦ ના ચેક આપ્યા હતા. અંકિતાબેને આ ચેકો બેંકમાં જમા કરાવતા બંને ચેક "ફંડ્સ ઈનસફીશિયન્ટ"ના શેરા સાથે પરત ફર્યા હતા.

આ બાબતે કાનૂની નોટિસ મોકલવા છતાં આરોપી દ્વારા રકમ ન ચૂકવાતા, અંકિતાબેને પોતાના વકીલ નિરંજય એસ. ભેડેરી મારફત ગોંડલ કોર્ટમાં નેગોશિયબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ હેઠળ ફરિયાદ દાખલ કરી હતી.

આ કેસની ઈનસાફી કાર્યવાહી ચાલતા, ગોંડલના એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ એસ. જી. ચાંચુએ ફરિયાદી પક્ષની દલીલો અને દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લઈને પતિ સાગર ભુતને કસૂરવાર ઠરાવ્યો હતો.તદુપરાંત, રૂ. ૫,૦૦,૦૦૦ ની રકમ ફરિયાદ દાખલ કર્યા તારીખથી ૯% વ્યાજ સાથે ૬૦ દિવસની અંદર ફરિયાદીને ચૂકવી આપવા આદેશ કરવામાં આવ્યો છે.જો પતિ આ વળતરની રકમ ચૂકવવામાં નિષ્ફળ જાય, તો વધુ ૬ માસની સાદી કેદની સજાનો કડક હુકમ પણ કરવામાં આવ્યો છે.

ચુકાદા સમયે આરોપી પતિ કોર્ટમાં હાજર ન રહેતા કોર્ટે તેની વિરુદ્ધ જેલ વોરંટ ઈશ્યુ કરીને હુકમનો અમલ કરવા આદેશ કર્યો છે.

# એઈમ્સ હોસ્પિટલના નર્સીંગ સ્ટાફ વિરુદ્ધ ફરિયાદ દાખલ

## વિદ્યાર્થીનીને ચાલુ નોકરીએ "ઘર કી દાલ ડેઈલી કોન ખાતા હૈ" કહી ફ્લર્ટ કરી કમર પકડી છેડતી કરી'તી

રાજકોટ:રાજકોટ એઈમ્સ હોસ્પિટલમાં ઈન્ટર્નશીપ કરતી વિદ્યાર્થીની સાથે ડ્રેસીંગ વિભાગમાં નર્સીંગ સ્ટાફ તરીકે નોકરી કરતા કર્મચારીએ અવાર નવાર ફ્લર્ટ કરી વિદ્યાર્થીનીની કમરના ભાગે હાથ રાખી કમર પકડી અને ખભા પર હાથ રાખી છેડતી કરી હોવાની ફરિયાદ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે જેના આધારે પોલીસે તાત્કાલિક આરોપી લલિતની અટકાયત કરી ધરપકડ કરવા માટે તજવીજ હાથ ધરી છે.

મૂળ રાજસ્થાનની અને હાલ રાજકોટ એઈમ્સ હોસ્ટેલમાં રહી MBBSનો અભ્યાસ કરતી યુવતીએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ MBBSનો અભ્યાસ કરે છે અને હાલમાં એઈમ્સ હોસ્પીટલમાં જ ઈન્ટર્નશીપ ચાલુ છે. ગત તા.૨૫.૦૯.૨૦૨૬થી ડ્યુટી એઈમ્સ હોસ્પીટલમાં ડ્રેસીંગ વિભાગમાં હતી અને તા.૨૬.૦૯.૨૦૨૬ના રોજ સવારના ૯થી બપોરના ૧ વાગ્યા સુધી નોકરી દરમ્યાન મારી સાથે હેલ્પમાં નર્સીંગ સ્ટાફના લલીતભાઇ હતા. હું મારા ફોનમાં સ્ટેટસ જોતી હતી ત્યારે લલીતભાઇએ અચાનક મારો ફોન લઇ લીધો હતો અને તેમાં મારા ફોટા જોવા લાગ્યા હતા જેથી મે તેમને કહ્યું કે તમે આવી રીતે મારો ફોન ન જોઇ શકો તેમ કહી મારો મોબાઇલ પરત લઈ લીધો હતો.

ત્યારબાદ ફરી તા.૩૦.૦૯.૨૦૨૬ના રોજ



સવારના ૯થી સાંજના ૫ વાગ્યા સુધી મારી ડ્રેસીંગ વિભાગમાં નોકરી હતી ત્યારે પણ લલીતભાઈની મારી સાથે નોકરી હતી તે દીવસે બંને ડ્રેસીંગ રૂમમાં હતા ત્યારે કોઇ પેશન્ટ ન હોય જેથી લલીતભાઇ રૂમનો દરવાજો આડો કરેલ હતો અને કોઇપણ રીતે મારી સાથે વાત કરવાની કોશીશ કરતા અને કહ્યું કે આજે આપણે બહાર જમવા જઇએ જેથી મે કહ્યું કે મારે મેસમાં જમવાનુ છે તો તેમને કહ્યું કે હું તને પાર્ટી આપુ જેથી મે ના પાડી હતી અને કહ્યું કે તમારા લગ્ન થઇ ગયા છે અને આવી રીતે અવાર નવાર મારી સાથે ફ્લર્ટ કરો તે સારૂ ન લાગે તો સામે લલીતભાઇએ કહ્યું કે "ઘર કી દાલ ડેઇલી ડેઇલી કોન ખાતા'' તેમ કહી મારી સાથે મારી ઇચ્છા વિરૂધ્ધમાં ફ્લર્ટ કરતા હતા.

ત્યારબાદ હું ડ્રેસીંગ રૂમમાં ખુરશી ઉપર બેઠી હતી ત્યારે મને ખુરશી સહીત પોતાની તરફ ખેંચી હતી જેથી હું ખુરશી પરથી ઉભી થઇ ગયા બાદ થોડીવાર પછી હું ત્યાં રૂમમાં જ સ્ટીલની ત્રણ ખુરશી જોઇન્ટ કરેલ બાકડો છે તેના પર બેઠી હતી ત્યારે આ લલીતભાઇ મારી બાજુમાં આવીને બેસી ગયા હતા અને મને કમરના ભાગે ટચ કરવાનો ઇશારો કરીને "કેન આઈ ટચ'' તેમ કહી મને બે ત્રણ વાર કમરના ભાગે ટચ કરવાનો ઇશારો કર્યો હતો જેથી મે તેને કહ્યું કે "આપ ઐસા નહી કર શકતે' ત્યારે આ લલીતભાઇએ અચાનક મારી કમરમાં હાથ નાખી મને પકડી બાદમાં મારા ખભા પર હાથ મુક્યો જેથી હું એકદમ ગભરાઇ ગઇ હતી અને ત્યાંથી ઉભી થઈને બહાર નીકળી ગઈ હતી.

ત્યારબાદ ઇમરજન્સી વિભાગમાં ગઈ જ્યાં કલીગને આ વાત કરી હતી અને સર્જરી વિભાગના મારા અન્ય કલીગ ડ્રેસીંગ રૂમમાં આવ્યા ત્યારે તેમને પણ આ વાત કરી હતી. હાલ આ વાતની જાણ મારી સાથે ઇન્ટર્નશીપ કરતા અન્ય વ્યક્તિઓને પણ છે, જેથી બધાએ આ બાબતે લલીતભાઇ વિરૂદ્ધમાં ડીપાર્ટમેન્ટમાં ફરીયાદ કરવાનુ નક્કી કરી અને એઇમ્સ હોસ્પીટલના ચેરમેનને લેખીતમાં ફરિયાદ કરી છે અને ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં પણ ફરિયાદ નોંધાવી છે.

# ક્રિષ્ના પાર્કમાં આવેલ મકાનમાંથી દારૂની ૩૮૪ બોટલ ઝડપાઈ

રાજકોટ:નવા થોરાળા વિસ્તારમાં ક્રિષ્ના પાર્ક પાસે મકાનમાં પીસીબીની ટીમે દરોડો પાડી મકાનમાંથી રૂ.૧.૨૯ લાખની કિંમતનો ૩૮૪ બોટલ દારૂનો જથ્થો કબજે કરી બુટલેગરની ધરપકડ કરી હતી.

દરોડાની વિગત મુજબ, પીસીબીના પીઆઇ એમ.આર. ગોંડલીયાની રાહબરી હેઠળ ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન હેડ કોન્સ્ટેબલ કુલદીપસિંહ જાડેજા, વિજયભાઈ મેતા, કોન્સ્ટેબલ યુવરાજસિંહ રાણાને મળેલી બાતમીના આધારે નવા થોરાળા વિસ્તારમાં ક્રિષ્ના પાર્ક શેરી નં. ૨ માં રહેતા હસમુખ ઉર્ફે હસુના મકાનમાં દરોડો પાડ્યો હતો. પોલીસે તપાસ કરતા મકાનમાંથી રૂ.૧,૨૯,૭૯૨ ની કિંમતનો ૩૮૪ બોટલ દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે દારૂના જથ્થા સાથે હસમુખ ઉર્ફે હસુ રવજી સિંધવ (ઉ.વ.૩૪) ની ધરપકડ કરી સઘન પુછતાછ આદરી હતી.દારૂના અન્ય દરોડામાં તાલુકા પોલીસ મથકના સ્ટાફે કાલાવડ રોડ સોલીટાયર બિલ્ડીંગની સામેથી એક્ટીવા લઇ જઇ રહેલા શખ્સને શંકાસ્પદ હાલતમાં ઝડપી લીધો હતો. બાદમાં પોલીસે એક્ટીવામાં તપાસ કરતા અંદરથી ૪૮ બોટલ દારૂ મળી આવતાં પોલીસે એક્ટીવા ચાલક અમન ઝાકીર પરમાર (ઉ.વ.૨૪ રહે. કેવલમ આવાસ, પુષ્કરધામ મેઈન રોડ, મૂળ ધાંગધ્રા) ની ધરપકડ કરી દારૂનો જથ્થો અને એક્ટીવા સહિત ૪૬,૭૨૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

# ઘર બનાવવું મોંઘું થશે!

## ટાઈલ્સના ભાવમાં એકઝાટકે ૧૨%નો વધારો, મોરબી સિરામિક ઉદ્યોગકારોનો સર્વાનુમતે નિર્ણય

રાજકોટ :ગેસ, કોલસા અને વીજળીના વધતા ખર્ચે મોરબીના સિરામિક ઉદ્યોગનું ગણિત ખોરવી નાખ્યું છે. ઉત્પાદન ખર્ચમાં સતત વધારો થતાં ટાઈલ્સ ઉત્પાદકોએ હવે તેનો બોજ ગ્રાહકો પર નાખ્યો છે. વિટ્રીફાઈડ ટાઈલ્સના ભાવમાં પ્રતિ સ્ક્વેર ફૂટ રૂ. ૩.૫૦ અને વોલ ટાઈલ્સમાં પ્રતિ બોક્સ રૂ. ૨૦ એટલે કે અંદાજીત ૧૨ ટકા સુધીનો વધારો કરવામાં આવ્યો છે. જ્યારે ફ્લોર ટાઈલ્સના ભાવ અંગે હજુ નિર્ણય લેવાયો નથી. જોકે આ ભાવ વધારાને કારણે બાંધકામનો ખર્ચ વધશે તેવી



શક્યતા છે. જેની અસર સીધી લોકોના બજેટ પર થશે.

મોરબીમાં ૨૫૦ વિટ્રીફાઈડ ટાઈલ્સ યુનિટો કાર્યરત છે. આ એકમો દ્વારા સર્વાનુમતે ભાવવધારાનો નિર્ણય લેવાયો હોવાનું ઉદ્યોગસૂત્રોએ જણાવ્યું છે. ઉત્પાદનમાં સૌથી મોટો ખર્ચ ઉર્જાનો હોવાથી ગેસના ભાવમાં થયેલો વધારો સીધી રીતે ટાઈલ્સની પડતર કિંમતને અસર કરી રહ્યો છે. પશ્ચિમ એશિયામાં યુદ્ધ અને તણાવ વચ્ચે આંતરરાષ્ટ્રીય ઉર્જા બજારમાં અસ્થિરતા વધી છે. તેની અસર સ્થાનિક ઈંધણ ખર્ચ પર પણ પડી રહી છે.

તાજેતરમાં મોરબીના ઔદ્યોગિક કુદરતી ગેસના દરમાં પણ વધારો થયો હતો. હવે પ્રોપેનના ભાવમાં રૂ. ૧.૩૫નો વધારો થતાં ગેસ આધારિત એકમો માટે ખર્ચનું દબાણ વધુ વધ્યું છે. માત્ર ઈંધણ જ નહીં, વીજળીના દરમાં વધારાથી પણ ભઠ્ઠી, ઉત્પાદન અને અન્ય પ્રક્રિયાઓનો ખર્ચ ઊંચો થયો છે.

# રાજકોટમાં એમબીબીએસના છાત્રએ પેટમાં તલવાર ભોંકી આત્મહત્યા કરી

## એટીકેટી આવતા ડિપ્રેશનમાં આવી ગયો હતો, જેના કારણે તેણે આ અંતિમ પગલું ભર્યું

રાજકોટ : હરિ ધવા રોડના છેડે સુખરામનગર શેરી નં. ૮માં રહેતા ધર્મેશ હરીશભાઈ વીરડા નામના ૨૬ વર્ષના એમબીબીએસના છાત્રએ ઘરે મંદિરમાં પડેલી તલવાર પેટમાં ભોંકી આત્મહત્યા કરી લીધી હતી. એટીકેટી આવતા ડીપ્રેશનમાં જતો રહ્યો હતો. આખરે આ પગલું ભરી લીધાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે.

પોલીસે તપાસ કરતાં જાણવા મળ્યું કે ધર્મેશ ૨૦૨૨માં જૂનાગઢની મેડીકલ કોલેજમાં એમબીબીએસનો અભ્યાસ કરતો હતો. એટીકેટી આવતાં અને માનસિક રીતે અપસેટ થઇ જતાં



ઘરે આવી ગયો હતો. ત્યારબાદ ડીપ્રેશનમાં જતો રહ્યો હતો. હાલ જુદા-જુદા ડોક્ટરની દવા પણ ચાલુ હતી. ડીપ્રેશનને કારણે મોટાભાગનો સમય પોતાના રૂમમાં રહેતો હતો.

વાલીઓ આ બાબતથી માહિતગાર હોવાથી અવારનવાર તેના રૂમમાં અવરજવર પણ કરતા હતા. ગઇકાલે સાંજે ધર્મેશે ઘરના મંદિરમાં પડેલી તલવાર પોતાના પેટમાં ખોસી દીધી હતી. તેને લોહીલુહાણ હાલતમાં ખાનગી હોસ્પિટલમાં લઇ જવાયો હતો. જ્યાંથી બીજી ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં આજે સવારે સારવાર દરમિયાન દમ તોડી દીધો હતો.

તે પોતાના માતા-પિતાનો એકલોતો પુત્ર હતો. તેનાથી નાની એક બહેન છે. તેના પિતા ડ્રાઈવિંગ કરે છે. પુત્રના મોતથી પરિવાર ઉપર આભ તૂટી પડ્યું હતું. ભક્તિનગર પોલીસે અકસ્માતે મોતની નોંધ કરી તપાસ જારી રાખી છે.

# જેતપુર ઓક્સિજન પ્લાન્ટ ચોરીમાં ત્રણ આરોપી ઝડપાયા:ચોરીનો મુદ્દામાલ જપ્ત

રાજકોટ:જેતપુરની સરકારી સિવિલ હોસ્પિટલના ઓક્સિજન પ્લાન્ટમાંથી થયેલી ચોરીનો ભેદ ઉકેલાઈ ગયો છે. રાજકોટ ગ્રામ્ય લોકલ ક્રાઈમ બ્રાન્ચ એ આ મામલે ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા છે. આ ચોરી ૧૫ થી ૧૭ સપ્ટેમ્બર દરમિયાન થઈ હતી.

ચોરોએ પ્લાન્ટના બહારના ભાગમાંથી આશરે ૫૦ હજાર રૂપિયાની કિંમતના કોપરના પાઈપ અને પિત્તળના વાલ્વ ચોર્યા હતા. હોસ્પિટલના ઓપરેટર




જિતેન્દ્રભાઈ ગોહેલે આ અંગે જેતપુર સિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

પોલીસે ટેક્નિકલ અને ખાનગી બાતમીના આધારે તપાસ શરૂ કરી હતી. ન્ઝમ્ની ટીમે કાળુભાઈ ઉર્ફે કાળિયોવસોલંકી, રોહનભાઈ ઉર્ફે રોનક ડાભી અને પ્રભાબેન સોલંકીની ધરપકડ કરી છે. આરોપીઓ પાસેથી ચોરીનો મુદ્દામાલ અને ચોરીમાં વપરાયેલા સાધનો સહિત કુલ ૩૪,૫૦૦ રૂપિયાનો સામાન જપ્ત કરાયો છે.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે કાળુભાઈ સોલંકી અગાઉ ચાર ગુનાઓમાં સામેલ હતા, જ્યારે અન્ય બે આરોપીઓનો કોઈ ગુનાહિત ઈતિહાસ નથી. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

# માળિયાના સુલતાનપુરમાં જૂની અદાવતનો ખાર રાખી બે યુવાન પર ધોકાથી હુમલો

મોરબી:માળીયા મિયાણા તાલુકાના સુલતાનપુર ગામે જૂના ઝઘડાના ખારને લઈને બે યુવાન પર ચાર શખ્સએ લાકડાના ધોકા વડે હુમલો કર્યાની ફરિયાદ નોંધાઈ છે.

બનાવમાં એક યુવાનને માથા સહિત શરીરના ભાગે અને તેને છોડાવવા વચ્ચે પડેલા મિત્રને પણ ધોકાથી માર મારવામાં આવ્યો હતો. ઈજાગ્રસ્ત યુવાને સારવાર લીધા બાદ પોલીસ ફરિયાદ નોંધાવતા માળીયા તાલુકા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

સુલતાનપુર ગામે રહેતા સુનિલભાઈ લાભુભાઈ દેગામા (ઉં.વ.૨૫)એ અક્ષયભાઈ અમરશીભાઈ સીતાપરા, મહિપતભાઈ અમરશીભાઈ સીતાપરા, રાહુલભાઈ અમરશીભાઈ સીતાપરા અને અજયભાઈ અમરશીભાઈ સીતાપરા સામે ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદ મુજબ સુનિલભાઈને અક્ષયભાઈ સાથે અગાઉ ઝઘડો થયો હતો. દરમિયાન તા.૩૦ સપ્ટેમ્બરે અક્ષયભાઈ ફરિયાદી સામે ઈશારા કરતા હોવાથી આ બાબતે તેને સમજાવવા સુનિલભાઈ તથા તેનો મિત્ર વિક્રમભાઈ ગયા હતા.

આ બાબતનો ખાર રાખીને ચારેય શખ્સોએ સુનિલભાઈ અને વિક્રમભાઈ ઘર તરફ જતા હતા ત્યારે રસ્તામાં લાકડાના ધોકા વડે હુમલો કર્યો હતો. હુમલામાં સુનિલભાઈને માથા, બરડા અને ડાબા હાથમાં ધોકા મારવામાં આવ્યા હતા. જ્યારે વિક્રમભાઈ છોડાવવા વચ્ચે પડતા અક્ષયભાઈ અને રાહુલભાઈએ તેમના બંને પગ તથા જમણા હાથમાં ધોકા વડે માર માર્યો હતો.

# મોરબી અને હળવદમાં બે અલગ ઘટનાઓમાં યુવતી અને પરિણીતાના મોત

મોરબી:મોરબીના રવાપર ગામે દિશાબેન નરેશભાઈ વિંઝુડા (૨૧)એ પોતાના ઘરે ગળાફાંસો ખાઈ આપઘાત કર્યો. તેણે પંખાના હુકમાં ચુંદડી બાંધી હતી. તેને મોરબી સિવિલ હોસ્પિટલ લઈ જવાઈ, જ્યાં ડોક્ટરે મૃત જાહેર કરી. મોરબી એ ડિવિઝન પોલીસે આ બનાવની નોંધ કરી છે.

હળવદના નવા માલણીયાદ ગામની સીમમાં રહેતી નરીબેન વટીયાભાઈ ભયડીયા (૩૬)નું કેનાલમાં ડૂબી જવાથી મોત થયું. તે મૂળ મધ્યપ્રદેશના વતની હતા.



નરીબેન વાડી નજીક નર્મદાની કેનાલમાં કપડાં ધોવા અને નહાવા ગયા હતા. અકસ્માતે કેનાલમાં પડી જવાથી તેમનું મોત થયું. હળવદ તાલુકા પોલીસે આ બનાવની નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.